અ નુ ક્ર મ





"શ્રી જૈનધર્મ પ્રકાશ" વર્ષ ૭૦ ની ભેટ

માનવ જીવનનું પાથેય



પ્રકાશક
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર



સહાયક
શ્રી માણેકચંદ પોપટલાલ શાહ
ભાવનગર



મૂલ્ય : આઠ આના

વીર સં. ૨૪૮૦ વિ. સં. ૨૦૧૦ ઇ. સ. ૧૯૫૪

પ્રકાશકનુ નિવેદન

"શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિક બદલાયેલા સજોગોમા ખોટમા ચાલી રહ્યુ છે કરકસરની કાળજી તેના કદ પર પડવા છતા "ભેટ બુક" આપી શકાય તેવી તક રહેતી નથી ભેટ-પુસ્તક માટે આર્થિક સહાયક ગોધવા જ પડે છે

સ ૨૦૦૯ તથા સ ૨૦૧૦ ના ભેટ-પુસ્તક માટે ભાવનગર નિવાસી શ્રીયુત માણેકચદભાઈ પોપટલાલને આ હકીકત સહજ ભાવે જણાવતા તેઓશ્રીએ તરતજ આ બાબતમા પોતાની સમતિ જણાવી આ પુસ્તિકાનો સપૂર્ણ ખર્ચ તેઓશ્રીએ આપ્યો છે, જે માટે તેઓશ્રીનો આભાર માનીએ છીએ

આધુનિક વિષમ વાતાવરણવાળા યુગમા ધાર્મિક અને નૈતિક જીવન ધીમે ધીમે હ્રાસ પામી રહ્યુ છે, એટલે માનવજીવનને ઉપયોગી નીવડે તેવુ સક્ષિપ્ત સમજવાળુ પુસ્તક પ્રસિદ્ધ કરવામા આવે તો હિતકર થશે એમ માની આ 'માનવજીવનનુ પાથેય' નામનુ પુસ્તક પ્રસિદ્ધ કરી ભેટ-પુસ્તકરૂપે આપવામા આવ્યુ છે

"પાથેય નો અર્થ થાય છે ભાતુ ભાતુ સાથે હોય તો મુસાફરી નિર્વિઘ્ને કરી શકાય છે એટલે પરલોકના ભાતારૂપ આ પુસ્તકમાથી ક્ષીર-નીર ન્યાયે સાર ગ્રહણ કરવામા આવશે તો સહાયક તેમજ પ્રકાશક ઉભયનો શ્રમ સાર્થક લેખાશે.

સ ૨૦૧૦ વૈશાખ
ભાવનગર

લો સેક્રેટરીઓ
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

સાધના મુદ્રણાલય દાણાપીઠ-ભાવનગર



શેઠ માણેકચંદ પોપટલાલ થાનગઢ (સં. ૧૯૬૮)

શ્રીયુત્ માણેકચંદભાઈ પોપટલાલ

સામાન્ય જીવનમાંથી આપબળે આગળ વધી જીવન-સુવાસ ફેલાવનાર આપણા સમાજમાં જે સદ્‌ગૃહસ્થો છે તેમાં શ્રીયુત માણેકચંદભાઈનું સ્થાન છે તેમના પિતાશ્રી પોપટલાલ ગોકળશી સાધારણ ગ્રામ્ય જીવન જીવતા અને થાનગઢમાં વેપાર-વણજ કરતા

શ્રીયુત માણેકચંદભાઈમાં બાળવયથી જ ચપળતા અને કુશાગ્ર બુદ્ધિની સામાન્ય વ્યવહારિક અભ્યાસ કર્યા બાદ તેઓશ્રીએ વ્યાપારી જીવનમાં ઝંપલાવ્યું અને જાત-મહેનત વ્યવહારુ બુદ્ધિ અને દીર્ઘદૃષ્ટિપણાને અંગે તેઓશ્રી આજે 'પરશુરામ ગ્રુપ' ના થાનગઢ, મોરબી, વાંકાનેર તેમ જ પ્રાગપ્રાના પોટરી-વર્કસના કચ્છ તેમજ કાઠિયાવાડના સેલ એજંટ છે અને તેને લગતો વહીવટ ત્રીશ વર્ષથી એફ એમ શાહના નામથી કરે છે આ ઉપરાંત મહેન્દ્ર ગ્લાસ વર્કસ-મોરબી તથા ખોડીઆર પોટરી વર્કસ-શીહોરના પણ એજન્ટ છે કચ્છ-માંડવી, કચ્છ-અંજાર, પોરબંદર અને ભાવનગર-એ ચાર સ્થળે તેઓશ્રીની ઓફિસ કાર્ય કરી રહી છે

માત્ર દ્રવ્યોપાર્જન એ જ શ્રી માણેકચંદભાઈનું એક માત્ર ધ્યેય નથી પરોપકારના તેમ જ સામાજિક કાર્યોમાં તેઓ ઉલટથી અગ્ર ભાગ લઈ રહ્યા છે તેઓશ્રીના નિવાસસ્થાન

થાનગઢમા એકસો પદર વર્ષનુ પ્રાચીન જિનાલય છે, તેની [redacted] વ્યવસ્થા તેઓશ્રી સ ભાળી રહ્યા છે ગતવર્ષે જ દશ-બાર હજાર રૂપિયાનો વ્યય કરી આ જિનાલયને સુરમ્ય બનાવવામા આવ્યુ છે થાનગઢમા ચાલતી મહારાણા * ણુ સિંહજી પબ્લીક લાઈબ્રેરીનુ તેઓશ્રી વર્ષોથી પ્રમુખપદ શોભાવી રહ્યા છે તદુપરાત સ્થાનિક પાજરાપોળ અને પાઠશાળા વિગેરે સ સ્થાઓમા સારો સહકાર આપી રહ્યા છે

તેઓશ્રીએ વિ સ ૨૦૦૩મા ગૃહ-જિનાલય પણ કરાવ્યુ છે અને છે ૧ા વીશ વર્ષોથી પ્રતિદિન જિનપૂજા અને સામાયિક આવશ્યક નિયમ તરીકે કરી રહ્યા છે શ્રી માણેકચદભાઈ તીર્થયાત્રાપ્રેમી છે શ્રી સમેતશિખરજી આદિ લગભગ સર્વ પ્રાચીન તીર્થસ્થાનોની તેઓએ યાત્રા કરી છે અને પ્રતિવર્ષે ગમે તે તીર્થભૂમિની યાત્રા કરવાનો "નિયમ" પણ તેઓશ્રીએ સ્વીકાર્યો છે

તેઓશ્રીના સુપુત્રો શ્રી -વીચદભાઇ શ્રી ધીરૂભાઇ, શ્રી ફતેચદભાઈ, શ્રી જયકરભાઈ, તેમજ શ્રી અન તરાય પણ લાયક પિતાના લાયક પુત્રો છે

શ્રી માણેકચદભાઈનો હસમુખો અને મળતાવડો સ્વભાવ સૌકોઈને પ્રથમ મિલને જ આકર્ષી લે તેવો છે જે શ્રદ્ધાળુ અને ધાર્મિક જીવન તેઓશ્રી જીવી રહ્યા છે તે ખરેખર અનુકરણીય અને અભિનદનીય છે

—પ્રકાશક

॥ श्रीरत्नपुरीमंडन-श्रीधर्मनाथाय नमोनम ॥

માનવ જીવનનું પાથેય

૧ જીવદયા

અહિંસાનું પાલન કરવું, જીવદયા પાળવી એ જ માનવ જીવનનું ઉત્કૃષ્ટ કર્તવ્ય છે જેવી રીતે આપણને આપણો જીવ વહાલો છે તેમ પશુ પંખી, કીડી, મકોડી મચ્છર કે માકડ વિગેરેને પણ પોતપોતાનો જીવ પ્રિય છે જે વસ્તુ આપણે આપી શકીએ નહિ તે લઇ લેવાનો આપણને અધિકાર નથી, તેથી ગૃહસ્થે નિરપરાધપણે પોતાની અસાવધાનીથી કોઇ પણ જીવની હિંસા ન કરવાનો પૂરેપૂરો ઉપયોગ રાખવો જોઇએ

ધર્મનું મૂળ અહિંસા જ છે તે પાયાને દૃઢ કરવા માટે દરેક પ્રકારનો પ્રયાસ કરવો જોઇએ ભારતની સંસ્કૃતિ અહિંસાપ્રધાન છે જીવદયાને જેટલું મહત્ત્વ ભારતના ધર્મોએ આપ્યું છે તેટલું મહત્ત્વ અન્ય કોઇ પણ રાષ્ટ્રે નથી આપ્યું એટલે જ આપણે વારંવાર સાભળીએ અને વાંચીએ છીએ કે અન્ય માંસાહારી દેશો વારંવાર કુદરતી આફતોમા સપડાય છે ક્યા તો તે દેશો વિગ્રહના વમળમા અટવાય છે, ક્યા તો જ્વાળામુખીની આપત્તિમા સપડાય છે કોઈ વાર પાણીના જળબંબાકારમા ઘેરાઈ જાય છે તો કોઈ વાર પ્રચંડ વાયુના ઝંઝાવાતને અંગે પારાવાર મુશ્કેલીઓ સહન

કરે છે કોઈ વાર અસાધ્ય અને આકસ્મિક રોગોથી ગ્રસ્ત બની જાય છે અને અકાળે મૃત્યુના મુખમા હોમાઈ જાય છે માંસાહાર અને હિંસા એ બને રોગોને સીધા આમ ત્રણ આપવા જેવા છે પાશ્ચાત્ય વિચારકો આ વસ્તુસ્થિતિ સમજી શક્યા છે અને તેથી તે તે રાષ્ટ્રોમા પ્રાણીદયા-મડળીઓ અને અહિંસા-પ્રચારક સસ્થાઓ કાર્ય કરવા લાગી ગઈ છે પરન્તુ જે પ્રજાની નસમા માંસાહાર પ્રસર્યો છે તે દૂર કરવા સારા સાહિત્યની, ઉચ્ચ પ્રકારના પ્રચારની અને અનેક ઉપદેશકોની જરૂર રહેશે

પાશ્ચાત્યોના સસર્ગથી આપણી આર્યભૂમિ ભારતમા પણ ધીમે ધીમે માંસાહારનુ પ્રમાણ વધતુ આવે છે, દયાની લાગણી કુઠિત બનતી જાય છે, જે સમાજ-જીવનને માટે ભયપ્રદ છે સુજ્ઞ વિચારકોએ આ અનિષ્ટ વિશેષ પ્રસરે તે પહેલા તેનો સામનો કરવાના ઉપાયો વિચારીને અમલ કરવો જોઈએ પાણી વહી જાય તે પહેલા જ તળાવની પાળ સમારી લેવી-મજબૂત કરી લેવી તે જ બુદ્ધિનુ પ્રથમ લક્ષણ છે ભારતમા પ્રસરતી જતી હિંસાની ભાવનાને અગે કોઈએક કવિએ દુખદ દિલે ઠીક જ કહ્યુ છે કે—

> अहिंसाप्रधान भारत, दुनिया की दृष्टिमें ही,
> आज है इसीसे, क्यू भूल गये हो येही।
> हिंसा न होवे कीसीकी, मांणी पीडाय न को,
> महात्मा की ये तमन्ना, भारतमें पूर्ण करदो ॥

જૈન ધર્મે અહિંસાનુ ઘણુ જ સૂક્ષ્મ રીતે પૃથક્કરણ કરેલ છે જૈન દર્શન અહિંસાપ્રધાન ધર્મ છે જીવન-વ્યવહારમા પણ હિંસાદિથી બચવા માટે ઘણી ઉપયોગી સૂચનાઓ દર્શાવવામા આવી છે

સૂક્ષ્મ જંતુઓનો જેનાથી સંહાર થઈ જાય તેવી ખજુરીની સાવરણીથી કદી પણ કચરો ન કાઢવો પાણી પણ ગળીને જ વાપરવું અને ગળેલું પાણી પણ પરિમિત પ્રમાણમાં જ વાપરવું રાત્રિએ ભોજન ન કરવું તેમજ રસની લાલસાથી અભક્ષ્ય કે અનંત જીવોનો નાશ થાય તેવા અભક્ષ્ય-અનંતકાયાદિ પદાર્થો ન વાપરવા મહાહિંસાથી જગતમાં અનેક પ્રકારના રોગોનો ઉદ્ભવ થાય છે અને પરલોકમાં પણ નરકાદિ ભયંકર દુઃખો ભોગવવા પડે છે અહિંસાનું માહાત્મ્ય શાસ્ત્રોમાં અનેક પ્રકારે દર્શાવવામાં આવ્યું છે અને અહિંસાપાલનથી અનેક સત્પુરુષોએ સ્વકલ્યાણ સાધ્યાના ઉત્તમ દૃષ્ટાંતો પણ વર્ણવવામાં આવ્યા છે

× ×

ચાલુ ચોવીશીની બાવીશમા તીર્થંકર ભગવંત શ્રી નેમિનાથ શ્રી કૃષ્ણના પિત્રાઈભાઈ હતા જન્મથી ત્રણ જ્ઞાનના ધારક હતા સંસારનું સ્વરૂપ હાથમાં રહેલ આમળાની માફક જાણતા હતા શ્રી કૃષ્ણની પટ્ટરાણીઓએ મહામહેનતે તેમના વિવાહનું કબૂલ કરાવ્યું જાન જોડી તેઓ ઉગ્રસેન રાજાની રાજધાની નજીક આવી પહોંચ્યા તેવામાં તેઓએ પશુઓનો પોકાર સાંભળ્યો પાંજરામાં પુરાએલા અસંખ્ય પશુઓને જોયા પોતાના સારથિને આનું કારણ પૂછયું સારથિએ જણાવ્યું કે—આપના લગ્નમહોત્સવ પ્રસંગે મહેમાનોનું આતિથ્ય કરવા માટે આ પશુઓનો વધ કરવામાં આવશે ભગવંત શ્રી નેમિનાથનું હૃદય આ હકીકત સાંભળતા જ દયાર્દ્ર બન્યું અને તે જ ક્ષણે પોતાનો રથ પાછો વળાવી, ગિરનાર પર જઈ, સંયમ સ્વીકારી, શિવસુખની પ્રાપ્તિ કરી

× ×

પ્રાણીઓ પ્રત્યેની દયાને અંગે મેઘકુમારના પૂર્વભવનો હાથીનો દાખલો પણ પ્રશંસનીય છે

મેઘકુમારનો જીવ પૂર્વભવમા હસ્તિ હતો. હસ્તિ જે જંગલમા રહેતો તે જંગલમા અવાનવાર દાવાનળ પ્રગટી નીકળતો એટલે આ ગજેન્દ્રે એક વિશાળ જગ્યા પસંદ કરી તે તૃણ વિગેરેથી રહિત કરી જેથી દાવાનળ સમયે પોતે તેમા સુખપૂર્વક રહી શકે અને બીજા શિયાળ, સસલા, હરણ વિગેરે અન્ય પશુઓ પણ પોતાને સલામત રાખી શકે

એકદા અચાનક દાવાનળ પ્રગટ્યો એટલે ગજેન્દ્ર પણ તે સાફસૂફ કરેલી જગ્યામા જતો રહ્યો આસપાસના બીજા વનચર પશુઓ પણ જીવ બચાવવા તે સ્થાનમા એકત્ર થઇ ગયા દાવાનળ આ સર્વને કાંઇ પણ ઉપદ્રવ કરી શક્યો નહિ એવામા ગજેન્દ્રને શરીરે ખજવાળ આવી એટલે તેણે પોતાનો એક પગ ઊંચો કર્યો તેવામા દાવાનળથી ત્રાસ પામેલ એક સસલુ બીજે કયાય પણ અવકાશ ન મળવાથી ગજેન્દ્રે ઊંચા કરેલા પગવાળી જમીન ખાલી જોઇ ત્યા બેસી ગયો ગજેન્દ્ર ખજવાળીને જેવો પગ નીચે ધરતી પર મૂકે છે ત્યા તો ત્યા સસલાને જોયો જો પોતાનો પગ નીચે મૂકે તો સસલુ દબાઈ જાય ને મૃત્યુ પામે સસલાને નસાડી મૂકવાનો પણ કોઈ માર્ગ નહોતો કારણ કે દાવાનળમા તે ભસ્મ થઇ જાય હસ્તીએ પોતાનો પગ ઊંચો જ રાખ્યો ત્રણ દિવસે દાવાનળ શમી જતા સૌ વનચર પશુઓ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા સસલુ પણ ચાલ્યુ ગયુ, પણ ત્રણ દિવસ સુધી પગ ઊંચો રાખવાથી સ્થૂલકાય ગજેન્દ્રનુ શરીર અકડાઈ ગયુ તે ધરતી પર ઢળી પડ્યો અને શુભ ભાવમા મૃત્યુ પામી શ્રેણિક મહારાજાનો મેઘકુમાર નામે પુત્ર થયો તે ભવમા પણ સદ્‌ગુરુ યોગે સંયમ સ્વીકારી, નિરતિચાર વ્રતનુ પાલન કરી મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત કરી

× ×

ઘાતકી પશુઓમાં પણ દયાના અંકુરો હોય છે એક રાજાનો એવો નિયમ હતો કે-ગુન્હેગારને પાંચ દિવસના ભૂખ્યા સિંહને સોંપી દેવો, જેથી તેનું ક્રૂર મૃત્યુ જ નીપજે એક ગુન્હેગાર રાજ ગુન્હો કરી જંગલમાં નાસી ગયો જંગલમાં તેણે દૂરથી એક સ્થળે બેઠેલા સિંહને જોયો બીજે દિવસે પણ તે જ સ્થળે બેઠેલો જોયો ચાર પાંચ દિવસ થયા છતાં સિંહ તે સ્થળેથી ચાલી શકતો નથી તેમ જાણી તે તેની પાસે ગયો જોયું તો સિંહના પગમાં કાંટો હતો તેણે યુક્તિથી તે કાંટો કાઢી નાખ્યો સિંહ પોતાને માર્ગે ચાલ્યો ગયો

રાજાના સેવકો અમુક દિવસો પછી તે ગુન્હેગારને પકડી લાવ્યા નિયમ મુજબ રાજાએ જંગલમાંથી તે જ સિંહને પકડી મગાવી, પાંચ દિવસ ભૂખ્યો રાખી, તેના પાંજરામાં તે ગુન્હેગારને ધકેલી દીધો સિંહે પોતાના ઉપકારીને તરત જ ઓળખી લીધો અને તેના પર હુમલો કરવાને બદલે તેના પગમાં આળોટવા લાગ્યો રાજા વિગેરેને આશ્ચર્ય થયું અપરાધીએ સર્વ હકીકત જણાવી એટલે રાજાએ તેને છોડી મૂકયો પશુઓમાં પણ અનુકંપા હોય છે તો માનવી તેને કેમ તરછોડી શકે ?

× ×

અહિંસાના સામાન્ય નિયમ-ગ્રહણથી પણ માનવી કેટલો પ્રભાવિત થાય છે તે હરિબલ માછીના દૃષ્ટાંત પરથી જાણી શકાય છે

કાંચનપુર નગરમાં વસંતસેન રાજાને વસંતસેના રાણીથી વસંતશ્રી નામની પુત્રીની પ્રાપ્તિ થઇ હતી તે નગરમાં હરિબલ નામનો માછી રહેતો તેને પ્રચંડા નામની, નામથી ને ગુણથી ઉગ્ર, પત્ની હતી હરિબલ નદીકિનારેથી મત્સ્ય પકડી લાવી, તેના પર ગુજરાન કરતો પ્રચંડા એવી ક્રોધી સ્વભાવની હતી કે દિવસ ઊગ્યે હરિબલને મત્સ્ય પકડવા જવું પડતું તેણીના સ્વભાવથી તે ઘણો જ કંટાળી ગયો હતો

એક દિવસ નદીકિનારે હરિબલને એક શાન્ત તપસ્વી મુનિરાજનો મેળાપ થઈ ગયો હરિબલને તેઓશ્રીએ ધર્મનુ સ્વરૂપ કહ્યુ હરિબલે પ્રત્યુત્તરમા જણાવ્યુ કે-કુલાચાર એ જ ધર્મ અમારો કુલાચાર માછલા પકડવાનો છે તે જ અમારો ધર્મ છે મુનિવરે શાંત વાણીથી હરિબલને ' જીવદયા " ધર્મનુ સ્વરૂપ સમજાવ્યુ હરિબલે કહ્યુ કે-જો હુ તે પ્રમાણે વર્તુ તો મારી આજીવિકા કઈ રીતે ચાલે ? મુનિવરે તને નિયમ ગ્રહણ કરાવ્યો કે-જાળમા જે પહેલુ માછલુ આવે તેને તારે છોડી દેવુ હરિબલે હર્ષથી તે નિયમ સ્વીકાર્યો

ભાગ્યાનુયોગે તે દિવસે જાળમા મોટો પુષ્ટ મત્સ્ય પકડાયો નિશાની ખાતર તેની ડોકે કોડી બાંધી હરિબલે તેને પાછો જળ પ્રવાહમા છોડી મૂકયો બીજી વાર જાળમા પણ તે જ મત્સ્ય પુન પકડાયો એટલે છોડી મૂક્યો બે-ચાર વખત તે પ્રમાણે જ બન્યુ એટલે હરિબલે થોડે દૂર જઈ તે સ્થળે જાળ નાખી, તો પણ તે જ મત્સ્ય જાળમા આવ્યો સાંજ સુધી હરિબને માથાકૂટ કરી પણ તેના નસીબમા તેનુ તે જ માછલુ પકડાયુ હરિબલે નિયમનુ દઢ રીતે પાલન કર્યુ અને તે પાછો ફરવા લાગ્યો તેવામા મત્સ્યે મનુષ્યવાણીથી હરિબલને કહ્યુ કે-હુ દેવ છુ તારા નિયમની પરીક્ષા કરવા માટે જ મે આ પ્રબધ કર્યો હતો તુ ખુશીથી વરદાન માગી લે હુ તારા પર તુષ્ટ થયો છુ હરિબલે માત્ર એટલુ જ કહ્યુ કે-આપત્તિ સમયે મારુ રક્ષણ કરજે

માછલા લીધા સિવાય ઘરે જવાથી પ્રચડાનો ઉગ્ર સ્વભાવ કઈ ડીતીએ પહોચી જશે તેની હરિબલને ખાત્રી હોવાથી હરિબલે તે રાત્રિ દેવમદિરમા જ વીતાવવાનુ નક્કી કર્યુ

વસતશ્રી રાજપુત્રી હરિબલ નામના કોઈ શ્રેષ્ઠીપુત્ર સાથે પ્રેમમા પડી હતી એટલે તે દિવસે નાશી જવા માટે તે જ

દેવમંદિરમાં આવવાનો તેણીએ સંકેત કરેલ. શ્રેષ્ઠિપુત્ર હરિબલ વણિક હોવાથી છેલ્લી ઘડીએ રાજભયને કારણે ન ગયો. વસંત શ્રીએ દેવમંદિરે આવી "હરિબલ"ના નામની બૂમ મારી. હરિબલ પણ ચુપચૂપ તેની સાથે ચાલી નીકળ્યો. પ્રાતઃકાળ થતાં જ વસંતશ્રી શ્રમદી હરિબલ શ્રેષ્ઠિપુત્રને બદલે અજાણ્યા શખ્સને જોતાં જ તેના આશ્ચર્યનો પાર ન રહ્યો, પણ હવે તેને માટે બીજો રસ્તો જ ન હતો.

હરિબલને પણ આગળ જતાં દૈવયોગે રાજ્યપ્રાપ્તિ થઈ. વસંતશ્રી સાથે વિવાહ પણ થયા. પાછા સ્વનગર કાંચનપુર આવ્યા અને તે રાજ્યની પણ તેને પ્રાપ્તિ થઈ. નિયમ-આપનાર મુનિવર પાછા તે જ નગર આવી ચઢ્યા. હરિબલે ભાવપૂર્વક વંદન કરી "શ્રાવકધર્મ" સ્વીકાર્યો. પ્રાંતે સંયમ ગ્રહણ કરી શાશ્વત સુખની પ્રાપ્તિ કરી.

"હરિબલ માછી"નું વૃત્તાંત તો ઘણું જ વિસ્તૃત છે. અહીં તો આપણે મહિમામાં જ તેનું આલેખન કર્યું છે. સારાંશ એ છે કે-દૃઢ મનથી ગ્રહણ કરેલો નિયમ અવશ્ય ફળદાયક થાય છે. તેમાં પણ ધર્મનું મૂળ "જીવદયા" સંબંધી નિયમ-પાલન વિશિષ્ટ ફળદાતા બને છે.

"જીવદયા"ના પાલનમાં જ સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય વિગેરે ધર્મોનું પાલન થઈ શકે છે. જો "જીવદયા" ધર્મનું ખંડન કરવામાં આવે તો બીજા ધર્મો અસ્તિત્વમાં રહી શકતા જ નથી. એટલે મહાન્ સંતપુરુષોએ સર્વ પ્રથમ "જીવદયા" ધર્મ પર જ અતિશય ભાર મૂક્યો છે અને તેને કારણે જ ધર્મના બીજ તરીકે "અહિંસા"-"જીવદયા"ને પ્રધાન પદ આપવામાં આવેલ છે.

•

૭ સત્ય–જૂઠું ન બોલવુ

સત્યવાદીને વચનસિદ્ધિની પ્રાપ્તિ થાય છે સત્યવાદી વારંવાર પોતાના વચનો અનેખે વાપરતા જ નથી સત્યની મહત્તા ગાવી એ દિવસે સૂર્યને બતાવવા જેવુ છે સત્યવાદી ની આકરી કસોટીઓ થાય છે પણ છેવટે તે અગ્નિ-પરીક્ષામાથી પસાર થઈ જાય છે

અસત્યવાદી કે જૂઠાબોલા તરીકે એક વાર છાપ પડી ગયા પછી તે અવિશ્વાસનુ પાત્ર બની જાય છે અને તેને પરિણામે કોઈ કોઈ વાર તો સાચી હકીકત પણ મારી જાય છે શાસ્ત્રકાર તો કહે છે કે–સત્ય અને તે પણ પરિમિત-જરૂર જેટલુ જ બોલો કારણ વગર વિશેષ બોલ–બોલ કરવાથી પણ સામા માણસને અપ્રીતિ–ખેદ ઉત્પન્ન થાય છે આપણામા કહેવત છે કે–"બહુ બોલે તે બાંઠો" માટે હંમેશા સત્ય, મિત ને હિતકારી જ વચન બોલવુ

આજકાલ માત્ર હાજીની ખાતર પણ અસત્ય બોલાય છે સામા માણસને ખોટુ ન લાગે તે માટે સગતુ–બગતુ પણ બોલાય છે 'નરો વા કુંજરો વા' માત્ર આટલુ અસ્પષ્ટ સશયાત્મક વાકય બોલવાથી ધર્મરાજ ગણાતા યુધિષ્ઠિરની કેટલી અવનતિ થઈ હતી તે આપણાથી અજાણ્યુ નથી

અસત્ય બોલવાથી ભવાતરમા મૂગાપણુ તોતડાપણું, બોબડાપણું વિગેરે ઇંદ્રિયહીનતા પ્રાપ્ત થાય છે સત્યની ટેક ખાતર ઘણા મહાત્મા પુરુષોએ જીવન-સર્વસ્વ અર્પણ કરેલ છે સત્યવાદી રાજા હરિશ્ચંદ્રની અદ્યાપિ પર્યંતની ખ્યાતિ માત્ર તેમની "સત્યની ટેક" ને જ આભારી છે અસત્ય બોલવાથી વસુ રાજા સિંહાસન પરથી ભ્રષ્ટ થઈ મૃત્યુ પામ્યાનુ સુવિખ્યાત છે

× ×

થોડા વર્ષો પહેલાની સત્ય ઘટના છે કચ્છના વાકી ગામમા પાવનશાહની પુત્રીને નદીકિનારેથી થોડી દાટેલી 'કોરીઓ' મળી આવી તેણે તે માતાને સોપી ઉમરભાઇએ તે "કોરીઓ" ઠાકોરને આપવા જણાવ્યુ ઠાકોર પાવનની પ્રમાણિકતા માટે ખુશ થઈ ગયા, પણ કારભારીથી આ પ્રશસા સહન ન થઇ

પાવનના ગયા પછી તેણે ઠાકોરને ભભેર્યા વાણિયા ભાઈની કરામતની આપને ખબર ન પડે ઘણી કોરીઓ મળી હશે એટલે થોડી આપને આપી જેથી સચ્ચાઈ દેખાઈ આવે, અને બાકીનો માલ હજમ થઈ જાય તેમના ઘરે તપાસ કરાવો તો બીજી ઘણી કોરીઓ મળી આવશે ઠાકોર કાનના કાચા ઉમરભાઈને બોલાવી ધમકી આપી ઉમરભાઈએ જેવી હતી તેવી હકીકત કહી, પણ કારભારીના ચડાવવાથી ઠાકોરે કહ્યુ કે-જો તુ સાચી હોઈશ તો અગ્નિ તને કઈ ઈજા નહીં કરે ચારે લોકો એકઠા થયા ઉમર ભાઈએ પોતાની હથેળીમા બે પીપળાના પાન મૂકી તેના પર ધગધગતો અગ્નિ લીધો, છતા કઇ પણ ઈજા ન થઈ એટલે કારભારીએ પીપળાના પાન પણ લેવરાવી લઈ ધગધગના લોઢાના સળિયા હાથમા આપ્યા, છતા ઉમરભાઈની હથેળીને અશમાત્ર હરકત ન આવી ઠાકોર અને કારભારી ભોઠા પડી ગયા અને "સત્યનો જય જયકાર' થયો ઉેવટે ઉમ ભાઈએ આવેશમા આવી શાપ આપ્યો કે-તારા વશનુ નિકદન નીકળી જશે અને ખરેખર તે બનેના વશનો સપૂર્ણ નાશ થઇ ગયો

આ તો ચાલુ કલિકાળની તાજેતરની વાત છે સત્યમા કેટલી સિદ્ધિ છે તેનો આ હૂબહૂ દાખલો છે

× ×

નારદ અને વસુ રાજપુત્ર અભ્યાસાર્થે ક્ષીરકદબક નામના ગુરુને ત્યા રહ્યા. ગુરુપુત્ર પણ સરખી ઉમરનો હોવાથી સાથે અભ્યાસ કરવા લાગ્યો ત્રણે મિત્રો બન્યા

એકદા રાત્રિના ગુરુ સૂતા હતા અને શિષ્યો ઊંઘી ગયા હતા તેવામાં ગુરુએ આકાશવાણી સાંભળી કે–આ ત્રણ શિષ્યો પૈકી એક મોક્ષગામી છે અને બે નરકગામી છે ગુરુને આ સાંભળતા જ પરીક્ષા કરવાનું મન થયું તેણે ત્રણે જણને લોટનો કૂકડો બનાવીને આપ્યો અને કહ્યું કે–જે સ્થળે કોઈ પણ ન જુએ તેવી રીતે આ કૂકડાને મારી નાખીને મારી પાસે આવો

ત્રણે શિષ્યો જુદી જુદી દિશામાં ચાલ્યા ગયા વસુ રાજપુત્રે અને ગુરુપુત્રે જંગલના એકાંત ભાગમાં જઈ પોતાનું કાર્ય કરી લીધું નારદે પણ ઘણે દૂર જઈ વિચાર્યું કે–ગુરુએ કહ્યું છે કે કોઈ પણ ન જુએ તેવા સ્થળે કૂકડાને મારવો, પણ હું જ જોઉં છું, તારાઓ અને પક્ષીઓ પણ જુએ છે, એટલે તે કૂકડાને લઇ પાછો આવ્યો. ગુરુએ મનથી નિર્ણય કર્યો કે–નારદ મુક્તિગામી થશે પોતાનો પુત્ર નરકગામી થશે તેવા વિચારથી તેમના હૃદયને સંતાપ પણ થયો

ત્રણે શિષ્યોનો અભ્યાસ પૂર્ણ થતાં નારદ અને વસુ રાજપુત્ર સ્વસ્થાને ગયા કાળાંતરે વસુ રાજવી બન્યો ગુરુપુત્ર, પિતા સ્વર્ગવાસી થતાં અધ્યાપક બન્યો એક વખત નારદ ગુરુપુત્રને મળવા આવ્યો, તે વખતે ગુરુપુત્રે 'અજ નો અર્થ બકરો કર્યો વિષય યજ્ઞને લગતો હતો અભ્યાસકોને ગુરુપુત્રે જણાવ્યું કે–યજ્ઞમાં બકરાનો હોમ કરવો જોઈએ છાત્રોના ચાલ્યા જવા બાદ નારદે ગુરુપુત્રને જણાવ્યું કે– અજ નો અર્થ તો "ત્રણ વર્ષની જૂની ડાંગર' એ પ્રમાણે આપણા ગુરુએ શિખવ્યું છે ગુરુપુત્રને તે અર્થ સ્વીકારતા પોતાની માન–હાનિ જણાઈ વાત તતે ચઢી નારદ કહે–હું કહું છું તે જ અર્થ સાચો, ગુરુપુત્રે જણાવ્યું કે–હું જ કહું છું તે જ અર્થ સાચો વાત વધતા વિતંડાવાદ જામી પડ્યો, અને એવી શરત થઈ કે–જે ખોટો ઠરે તેની જીભ

બીજાએ કાપી લેવી ગુરુપત્ની આ વાત સાભળી રહ્યા હતા, તે બહાર આ યા અને બ નેને શાન્ત પાડ્યા છેવટે એવો નિર્ણય થયો કે-આપણા સહાધ્યાયી તરીકે વસુ રાજા હતા માટે તેમની પાસે જ "अज" શબ્દનો અર્થ-નિર્ણય કરાવવો

વસુ રાજા થયા પછી હમેશા સત્ય બોલતો તેનો ન્યાય વખણાતો "સત્યવાદી' તરીકે તેની કીર્તિ પ્રસરી હતી તેના એક સૈનિકને કોઈ સ્થળેથી સ્ફટિકની શિલા મળી આવી હતી તે શિલા પર સિંહાસન રાખી વસુરાજા કચેરીમા બેસતો લોકોમા એવી ખ્યાતિ થઈ હતી કે-રાજા ની સત્યપ્રિયતાને કારણે તેનુ સિહાસન પૃથ્વીથી અદ્ધર રહે છે

ગુરુપત્ની પણ બુદ્ધિશાળી હતા તેણે "अज" નો અર્થ "ત્રણ વર્ષની જૂની ડાંગર" પોતાના પતિમુખે વારવાર સાભળ્યો હતો જો વસુરાજા પણ તે જ અર્થ કહે તો પોતાના પુત્રનુ જીવતા જ મૃત્યુ થાય એટલે તે છુપચૂપ વસુરાજા પાસે આવી અને પોતાના પુત્ર માટે "જીવિતદાન' માગ્યુ વસુરાજાને બધી હકીકતથી વાકેફ કર્યો પ્રથમ તો વસુરાજાએ અસત્ય બોલવાની આનાકાની કરી પરન્તુ ગુરુપત્નીના કાલાવાલા અને ગુરુદક્ષિણા તરીકે પુત્રનુ જીવિતદાન માગવાથી તેણે ગુરુપત્નીની માગણી કબૂલ રાખી

રાજસભા ચિક્કાર ભરાઈને બેઠી હતી તેવા સમયે નારદ, ગુરુપુત્ર અને ગુરુપત્ની ન્યાય માટે આવી પહોંચ્યા નારદે સર્વ હકીકત રજૂ કરી 'अज" શબ્દનો અર્થ પૂછયો વસુ રાજાએ જેવો "अज'નો "બકરો" એવો વિપરીત અર્થ કહ્યો કે તરત જ તે પોતાના આસન પરથી ઊથલી પડ્યો અને તે જ ક્ષણે મૃત્યુ પામી નરકગામી બ યો અસત્ય બોલવાનુ ફળ સર્વ લોકોએ નજરોનજર નિહાળ્યુ. કહેવાની જરૂર નથી કે-ગુરુપુત્ર ને ગુરુપત્ની શરમીંદા બનીને ચાલ્યા ગયા "સત્ય નો ...શ્રી

એક રાત્રિના ગુરુ સૂતા હતા અને શિષ્યો ઊંઘી ગયા હતા તેવામાં ગુરુએ આકાશવાણી સાંભળી કે-આ ત્રણ શિષ્યો પૈકી એક મોક્ષગામી છે અને બે નરકગામી છે ગુરુને આ સાંભળતા જ પરીક્ષા કરવાનું મન થયું તેણે ત્રણે જણને લોટનો કૂકડો બનાવીને આપ્યો અને કહ્યું કે-જે સ્થળે કોઈ પણ ન જુએ તેવી રીતે આ કૂકડાને મારી નાખીને મારી પાસે આવો

ત્રણે શિષ્યો જુદી જુદી દિશામાં ચાલ્યા ગયા વસુ રાજપુત્રે અને ગુરુપુત્રે જંગલના એકાંત બાગમાં જઈ પોતાનું કાર્ય કરી લીધું નારદે પણ ઘણે દૂર જઈ વિચાર્યું કે-ગુરુએ કહ્યું છે કે કોઈ પણ ન જુએ તેવા સ્થળે કૂકડાને મારવો, પણ હું જ જોઉં છું, તારાઓ અને પક્ષીઓ પણ જુએ છે, એટલે તે કૂકડાને લઈ પાછો આવ્યો ગુરુએ મનથી નિર્ણય કર્યો કે-નારદ મુક્તિગામી થશે પોતાનો પુત્ર નરકગામી થશે તેવા વિચારથી તેમના હૃદયને સંતાપ પણ થયો

નતો શિષ્યોનો અભ્યાસ પૂર્ણ થતા નારદ અને વસુ રાજપુત્ર સ્વસ્થાને ગયા કાળાંતરે વસુ રાજવી બન્યો ગુરુપુત્ર, પિતા સ્વર્ગવાસી થતા અધ્યાપક બન્યો એક વખત નારદ ગુરુપુત્રને મળવા આવ્યો, તે વખતે ગુરુપુત્રે અજ નો અર્થ બકરો કર્યો વિષય યજ્ઞને લગતો હતો અભ્યાસકોને ગુરુપુત્રે જણાવ્યું કે-યજ્ઞમાં બકરાનો હોમ કરવો જોઈએ છાત્રોના ચાલ્યા જવા બાદ નારદે ગુરુપુત્રને જણાવ્યું કે- અજ'નો અર્થ તો "ત્રણ વર્ષની જૂની ડાંગર' એ પ્રમાણે આપણા ગુરુએ શિખવ્યું છે ગુરુપુત્રને તે અર્થ સ્વીકારતા પોતાની માન-હાનિ જણાઈ વાત તતે ચઢી નારદ કહે-હું કહું છું તે જ અર્થ સાચો, ગુરુપુત્રે જણાવ્યું કે-હું જ કહું છું તે જ અર્થ સાચો વાત વધતા વિતંડાવાદ જામી પડ્યો, અને એવી શરત થઈ કે-જે ખોટો ઠરે તેની જીભ

બીજાએ કાપી લેવી ગુરુપત્નીની આ વાત સાંભળી રહ્યા હતા, તે બહાર આવ્યા અને બન્નેને શાન્ત પાડ્યા છેવટે એવો નિર્ણય થયો કે-આપણા સહાધ્યાયી તરીકે વસુ રાજા હતા માટે તેમની પાસે જ 'अज" શબ્દનો અર્થ-નિર્ણય કરાવવો

વસુ રાજા થયા પછી હંમેશા સત્ય બોલતો તેનો ન્યાય વખણાતો "સત્યવાદી' તરીકે તેની કીર્તિ પ્રસરી હતી તેના એક સૈનિકને કોઈ સ્થળેથી સ્ફટિકની શિલા મળી આવી હતી તે શિલા પર સિંહાસન રાખી વસુરાજા કચેરીમાં બેસતો લોકોમાં એવી ખ્યાતિ થઈ હતી કે-રાજાની સત્યપ્રિયતાને કારણે તેનું સિંહાસન પૃથ્વીથી અદ્ધર રહે છે

ગુરુપત્ની પણ બુદ્ધિશાળી હતા તેણે 'अज" નો અર્થ "ત્રણ વર્ષની જૂની ડાંગર' પોતાના પતિમુખે વારવાર સાંભળ્યો હતો જો વસુરાજા પણ તે જ અર્થ કહે તો પોતાના પુત્રનું જીવતા જ મૃત્યુ થાય એટલે તે ગુપચુપ વસુરાજા પાસે આવી અને પોતાના પુત્ર માટે "જીવિતદાન' માગ્યું વસુરાજાને બધી હકીકતથી વાકેફ કર્યો પ્રથમ તો વસુરાજાએ અસત્ય બોલવાની આનાકાની કરી પરન્તુ ગુરુપત્નીના કાલાવાલા અને ગુરુદક્ષિણા તરીકે પુત્રનું જીવિતદાન માગવાથી તેણે ગુરુપત્નીની માગણી કબૂલ રાખી

રાજસભા ચિક્કાર ભરાઈને બેઠી હતી તેવા સમયે નારદ, ગુરુપુત્ર અને ગુરુપત્ની ન્યાય માટે આવી પહોંચ્યા નારદે સર્વ હકીકત રજૂ કરી "अज" શબ્દનો અર્થ પૂછ્યો વસુ રાજાએ જેવો अज' નો "બકરો" એવો વિપરીત અર્થ કહ્યો કે તરત જ તે પોતાના આસન પરથી ઊથલી પડ્યો અને તે જ ક્ષણે મૃત્યુ પામી નરકગામી બન્યો અસત્ય બોલવાનું ફળ સર્વ લોકોએ નજરોનજર નિહાળ્યું કહેવાની જરૂર નથી કે-ગુરુપુત્ર ને ગુરુપત્ની શરમીંદા બનીને ચાલ્યા ગયા "સત્ય" નો જયજયકાર વર્તાયો

•

૩ અસ્તેય-ચોરીનો ત્યાગ

ચોરી કરનાર કદાપિ સુખપૂર્વક રહી શક્તો નથી, તેમ
ચોરનો કોઈ પણ વિશ્વાસ પણ કરતુ નથી ખરી રીતે જોઈએ તે
માલુમ પડશે કે-ચોરીનુ ધન કદાપિ ટકતું જ નથી, પણ જ્યાં
તે ચાલ્યુ જાય છે ત્યારે ગાંઠનુ હોય તે પણ તાણતુ જાય
એટલે જ કેટલીક પ્રચલિત કહેવતો છે કે-" લૂણી ધરોને તા
જાય " ' ચોરના હાડલા કદી સીંકે ન ચઢે ' " દગો કોઈ
સગો નહી '

ચોરીની સૂક્ષ્મ વ્યાખ્યા તપાસતા વ્યાજબી કરતા વધારે ન
લેવો કે વિશેષ પ્રમાણમા કમીશન લેવુ ખોટા સ્વાવા ના
આડતીયા પાસેથી વધારે પડાવી લેવુ તે બધા ચોરીના
પ્રકારો છે ચોરીને પ્રાણઘાતક કહી છે કહેવત છે કે-" પરધ
લેના પ્રાણ જ લીધા '

૧ ચોર, ૨ ચોરી કરનાર, ૩ ચોરની વસ્તુ વેચી આપના
૪ ચોરને અન્ન-ભોજન આપનાર, ૫ ચોરને સહાય કરનાર,
ચોરને વ્યવસ્થા કરી આપનાર અને ૭ ચોરને આશ્રય-સ્થ
આપનાર-આ સાતે પ્રકારનો 'ચોર"મા જ સમાવેશ કરવામા આવ્યો

ચોરીની ટૂંકી વ્યાખ્યા કરતા કહેવામા આવ્યુ છે કે-" રો
દંડ ઉપજે તે ચોરી જેનાથી રાજ્ય શિક્ષા કરે, રાજદંડ ભ
પડે તે ચોરી આજે બદરી જકાત, મ્યુનિસિપલ ટેક્ષ, દાણચો
આવકવેરા-વિગેરેમાથી બચવા માટે કેવા કેવા પ્રપંચો યોજવા
આવે છે તે અજાણ્યુ નથી સાચી રીતે આ પણ ચોરીના
પ્રકારો છે સુન મનુષ્યે પ્રમાણિકપણે વર્તન રાખવુ જોઈ
ઓછુ આપવુ, વધતુ લેવુ, ખોટા તોલ-માપ બનાવવા અન્યા
રીતે દ્રવ્યોપાર્જન કરવુ તે સાચા અર્થમા એક પ્રકારની ચોરી જ

× ×

ચોરી એ ચેપી રોગ જેવી છે જો તેને શરૂઆતથી જ ન અટકાવવામા આવે તો વખત જતા ભયંકર રૂપ લે છે

એક ચોરને ફાંસીની સજા કરવામા આવી ફાંસી આપતી વખતે જે ઇચ્છા હોય તે પરિપૂર્ણ કરવામા આવે છે ચોરને પણ તેની ઇચ્છા જણાવવાનુ કહેવામા આવ્યુ ચોરે પોતાની માને મળવા બોલાવવાનુ કહ્યુ તેની મા આવી સૌએ માન્યુ કે–હમણા ચોર તેની માના ગળે બાઝી પડશે ને ગળગળો થઈ જશે, પરન્તુ સૌના આશ્ચર્ય વચ્ચે, જેવી તેની મા તેની નજીક ગઈ કે તરત જ ચોરે તેની માનુ નાક કરડી લીધુ

અમલદારે ચોરને તેમ કરવાનુ કારણ પૂછયુ ચોરે આપ વીતી જણાવતા કહ્યુ કે–મારી માએ મને નાનપણથી જ ચોરી કરતા અટકાવ્યો હોત તો આજે હુ ફાંસીના માચડે ન ચઢત જ્યારે હુ નાનો હતો ત્યારે મારી મા મને નવરાવીને મારા ઘરની સામે રહેલ તલની વખારમા મોકલતી ત્યા હુ ભીના શરીરે તલમા આળોટતો હતો એટલે તલ મારા શરીર સાથે ચોંટી જતા અને એમ ને એમ હુ ઘરમા ચાલ્યો આવતો મારા શરીર પરથી તલ ઉખેડી લઈને મારી મા તેની મને તલસાંકળી કરી આપતી, જે હુ હોંશથી ખાતો

નાનપણમા ચોરી કરવાની પડેલી આ આદત વખત જતા વિકાસ પામી હુ મહાતસ્કર બની ગયો અને આજે મૃત્યુને ભેટવા તયાર થયો તેનુ સાચુ કારણ મારી મા છે એટલે મે તેનુ નાક કરડી લીધુ છે

અમલદારવર્ગને ચોરની સત્ય હકીકતથી દયા ઉપજી અને તેને છોડી મૂકયો ચોર સદ્વર્તનથી સુખી થયો

x x

એક છોકરાએ તેના બાપના ખીસ્સામાથી થોડાક પૈસા ચોરી લીધા ચોરી કર્યા પછી વિચાર થયો કે-હવે આ પૈસાનુ કરવુ શુ ? જો ખીસ્સામા રાખે તો ખખડે ને પકડાઇ જવાય એટલે તેણે જાબુ લઇને ખાધા જાબુ તો ખાધા પણ પછી વિચાર આવ્યો કે-જીભ તો જાબુડીયા રગની થઇ ગઇ છે બાપાજી જોશે તો પકડાઇ જઇશુ એટલે તે ચુપચૂપ ઘરમા આવી મેડામાં સતાઇ ગયો જમવા વખતે બાપાએ બૂમો મારી પણ બોલે તે જ બીજા આમતેમ તપાસ કરી છેવટે બાપાજી મેડામા ગયા તો ભાઇને સતાયેલા જોયા પૂછ્યુ-તને શુ થયુ છે ? પણ બોલે તો પકડાઇ જાય જાબૂ ખાધા છે તેની ખાતરી થઇ જાય એટલે મૂગો જ રહ્યો બાપાએ ફરીથી પૂછ્યુ-શુ પેટમા દુખે છે ? તેણે માથુ ધુણાવ્યુ પણ જીભ ન ખોલી બાપાએ તેને નીચે ઉતારી, બીજા કોઇને ડૉકટરને બોલાવવા મોકલ્યો

હવે છોકરાથી ન રહેવાયું તે રડી પડ્યો અને બાપાને કહ્યુ કે-એક ચોરીનો ગુનો છૂપાવવા મે ઘણા જૂઠાણા કર્યા મને માફ કરો હવે હુ કદી પણ નાની એવી પણ ચોરી નહીં કરુ

× ×

ચોરી એ ગમે તેટલી નાની હોવા છતા એ ચોરી જ કહેવાય એટલા અશે એ પાપ જ છે હજાર માણસ બેસી શકે તેવા મોટા વહાણમા માત્ર એક જ છિદ્ર પડ્યુ હોય તો વખત જતા તે વહાણ જળસમાધિ લે કે બીજુ કઇ ? તેવી જ રીતે નાનો પણ દોષ દૂર કરવો જ જોઇએ

•

૪ બ્રહ્મચર્ય-શીલનુ ખડન ન કરવુ

ચારિત્ર એ જ સાચુ અને મહામૂલુ ધન છે પાશ્ચાત્ય પ્રજામા એક કહેવત ઘણી જ પ્રચલિત છે કે-“જેણે લક્ષ્મી ગુમાવી તેણે

કે જે નથી ગુમાવ્યું, જેણે તંદુરસ્તી ગુમાવી તેણે "કંઇક" ગુમાવ્યુ પણ જેણે ચારિત્ર–શીલ–સદાચાર ગુમાવ્યા તેણે સર્વસ્વ ગુમાવ્યું ' જડવાદી પશ્ચિમ જગત પણ આજે સદાચાર–શીલની આટલી કીંમત આંકતા શિખ્યું છે તો જેની નસેનસમાં બ્રહ્મચર્યના ગુણગાન ભર્યા છે તે આર્યાવર્ત માટે તો પૂછવુ જ શુ ?

પરન્તુ આજે પશ્ચિમના કેટલાક અંધ અનુકરણથી તેમ જ નાટક, સિનેમાના વિશેષ પ્રચારથી તેમ જ આધુનિક કેળવણીમા રહેલા કેટલાક દોષોને કારણે જનસમાજ ચારિત્ર્યહીન બનતો જાય છે ધન, આબરુ, દોરી કે છોકરા કુટુબ કે કણીયો કઇંકના નષ્ટ થયા અને કઇંકને મળ્યા, પરન્તુ ખંડિત થયેલ ચારિત્ર પુનઃ પ્રાપ્ત થતુ નથી ચારિત્ર એ જ આત્માની સાચી સમૃદ્ધિ છે એક સસ્કૃત શ્લોકમા કહ્યુ છે કે–

धर्म' सत्य तथा वृत्त, बल चैव तथाऽप्यहम् ।
शीलमूल महाप्राज्ञ !, सदा नास्त्यत्र सशय ॥

ધર્મ, સત્ય, વ્રત, બળ અને હુ (પરમાત્મા) પણ ચારિત્રને જ આધીન છીએ, માટે હે બુદ્ધિમાન ! આ વિષયમા લેશ માત્ર શકા ન કરીશ

ગમે તેવુ કષ્ટ કે આપત્તિ આવી પડે તો પણ બ્રહ્મચર્ય કે સદાચારના નિયમોનુ ઉલ્લઘન ન કરવુ પુરુષોએ પરસ્ત્રી કે વેશ્યાગમન પ્રાણાતે પણ ન કરવું સ્ત્રી તેમ જ પુરુષે શુદ્ધ શિયલવ્રતનુ અવશ્ય પાલન કરવુ

વ્યભિચાર લોકવિરુદ્ધ હોવાથી નિંદા થાય તેટલુ જ નહીં પણ સ્વકુળ કલકિત બને કામલાલસા વધે તેવા ઉત્તેજક દૃશ્યો જોવા નહિ કે ઇંદ્રિયો ઉત્તેજિત થાય તેવા મિષ્ટ પદાર્થો પણ વિશેષ પ્રમાણમા ખાવા નહિ કહેવત છે કે–ભોગે રોગા । અતિ

એક છોકરાએ તેના બાપના ખીસ્સામાંથી થોડાક પૈસા ચોરી લીધા ચોરી કર્યા પછી વિચાર થયો કે–હવે આ પૈસાનુ શુ કરુ શુ ? જો ખીસ્સામા રાખે તો ખખડે ને પકડાઇ જવાય એટલે તેણે જાબુ લઇને ખાધા જાબુ તો ખાધા પણ પછી વિચાર આવ્યો કે–જીભ તો જાબુડીયા રગની થઇ ગઇ છે બાપાજી જોશે તો પકડાઇ જઈશુ એટલે તે ચુપચૂપ ઘરમા આવી મેડામા સતાઈ ગયો જમવા વખતે બાપાએ બૂમો મારી પણ બોલે તે જ બીજા આગતેમ તપાસ કરી છેવટે બાપાજી મેડામા ગયા તો ભાઈને સતાયેલા જોયા પૂછયુ-તને શુ થયુ છે? પણ બોલે તો પકડાઇ જાય જાબૂ ખાધા છે તેની ખાતરી થઇ જાય એટલે મૂગો જ રહ્યો બાપાએ ફરીથી પૂછયુ–શુ પેટમા દુખે છે? તેણે માથુ ધુણાવ્યુ પણ જીભ ન ખોલી બાપાએ તેને નીચે ઉતારી, બીજા કોઇને ડૉકટરને બોલાવવા મોકલ્યો

હવે છોકરાથી ન રહેવાયું તે રડી પડ્યો અને બાપાને કહ્યુ કે–એક ચોરીનો ગુનો છૂપાવવા મે ઘણા જૂઠાણા કર્યા મને માફ કરો હવે હુ કદી પણ નાની એવી પણ ચોરી નહીં કરુ

× ×

ચોરી એ ગમે તેટલી નાની હોવા છતા એ ચોરી જ કહેવાય એટલા અશે એ પાપ જ છે હજાર માણસ બેસી શકે તેવા મોટા વહાણમા માત્ર એક જ છિદ્ર પડયુ હોય તો વખત જતા તે વહાણ જળસમાધિ લે કે બીજુ કઇ ? તેવી જ રીતે નાનો પણ દોષ દૂર કરવો જ જોઇએ

•

૪ બ્રહ્મચર્ય–શીલનુ ખડન ન કરવુ

ચારિત્ર એ જ સાચુ અને મહામૂલુ ધન છે પાશ્ચાત્ય પ્રજામા એક કહેવત ઘણી જ પ્રચલિત છે કે–"જેણે લક્ષ્મી ગુમાવી તેણે

કઈ જ નથી ગુમા યું, જેણે ત દુ રસ્તી ગુમાવી તેણે "કઈક" ગુમાવ્યુ પણ જેણે ચારિત્ર-શીલ-સદાચાર ગુમાવ્યા તેણે સર્વસ્વ ગુમા યું ' જડવાદી પશ્ચિમ જગત પણ આજે સદાચાર-શીલની આટલી કીંમત આંકતા શિખ્યું છે તો જેની નસેનસમા બ્રહ્મચર્યના ગુણગાન ભર્યા છે તે આર્યાવર્ત માટે તો પૂછવુ જ શુ ?

પર તુ આજે પશ્ચિમના કેટલાક અ ધ અનુકરણથી તેમ જ નાટક, સિનેમાના વિશેષ પ્રચારથી તેમ જ આધુનિક કેળવણીમા રહેલા કેટલાક દોષોને કા ણે જનસમાજ ચારિત્રહીન બનતો જાય છે ધન, આબરુ, બૈરી કે છોકરા કુટુ બ કે કબીલો કઈકના નષ્ટ થયા અને કઈકને મળ્યા, પરન્તુ ખડિત થયેલ ચારિત્ર પુન પ્રાપ્ત થતુ નથી ચારિત્ર એ જ આત્માની સાચી સમૃદ્ધિ છે એક સસ્કૃત શ્લોકમા કહ્યુ છે કે-

> धर्मं स त्य तथा वृत्त, बल चैव तथाऽप्यहम् ।
> शीलमूल महाप्राज्ञ !, सदा नास्त्यत्र सशय ॥

ધર્મ, સત્ય, વ્રત, બળ અને હુ (પરમાત્મા) પણ ચારિત્રને જ આધીન છીએ, માટે હે બુદ્ધિમાન ! આ વિષયમા લેશ માત્ર શકા ન કરીશ

ગમે તેવુ કષ્ટ કે આપત્તિ આવી પડે તો પણ બ્રહ્મચર્ય કે સદાચારના નિયમોનુ ઉલ્લઘન ન કરવુ પુરુષોએ પરસ્ત્રી કે વેશ્યાગમન પ્રાણાન્તે પણ ન કરવું. સ્ત્રી તેમ જ પુરુષે શુદ્ધ શિયળવ્રતનુ અવશ્ય પાલન કરવુ

વ્યભિચાર લોકવિરુદ્ધ હોવાથી નિંદા થાય તેટલુ જ નહીં પણ સ્વકુળ કલકિત બને મમલાલસા વધે તેવા ઉત્તેજક દૃશ્યો જેવા નહિ કે ઇંદ્રિયો ઉત્તેજિત થાય તેવા મિષ્ટ પદાર્થો પણ વિશેષ પ્રમાણમા ખાવા નહિ કહેવત છે કે-ભાગે રોગા । અતિ

હોઉપયતાથી શરીર વ્યાધિગ્રસ્ત બને છે અતિ વિષયાસક્તિથ
આદી પ્રમેહ જેવા ર્જીવલેણ દર્દ ઉદ્ભવે છે શરીરનો રાજા વીર
છે તેનુ પૂરતુ સરક્ષણ કરવા પૂરો પ્રયાસ કરવો શાસ્ત્રકારોએ
તેના રક્ષણ માટે જે જે ઉપાયો દર્શાવ્યા છે તે સમજી-વિચારી
તેનો અમલ કરવો પણ આધુનિક જમાનાનુ માદક શસ્ત્ર, છુપુ છે
સિનેમા, નાટકો કે કામોત્તેજક કલ્પિત નવેલો-નવલકથા ઓ
વાચનથી મુક્ત રહેવુ, એ પણ સદાચાર-શીલસરક્ષણનો અ
ત્તમ ઉપાય છે

ખેતરનુ રક્ષણ કરવા માટે વાડ કરવામા આવે છે તેની રી
શીલ-બ્રહ્મચર્યનુ રક્ષણ કરવા માટે મહાત્મા પુરુષોએ ન
પ્રકારની વાડ દર્શાવી છે

૧ સ્ત્રી, પશુ કે નપુસકવાળી વસતી-સ્થાનમા ન રહેવુ

૨ સ્ત્રી ની વિષયાદિક કથા ન કરવી

૩ જે આસન પર સ્ત્રી બેઠેલી હોય તે આસન પર પુર
બે ઘડી સુધી ન બેસવુ

૪ સ્ત્રીના અગોપાગ નીરખવા નહિ

૫ સ્ત્રી-પુરુષ ભીતને આતરે સુતા હોય ત્યા ન સૂવું

૬ પૂર્વે કરેલી કામક્રીડા ન સભારવી

૭ અતિ સ્નિગ્ધ આહાર ન કરવો

૮ પ્રમાણથી વધારે પણ આહાર ન કરવો

૯ શરીરની વિભૂષા-શોભા-ટાપટીપ ન કરવી

વેદ તેમજ પુરાણોમા કહ્યુ છે કે-માસભક્ષણ કે મદિરા
કરતા પણ પરસ્ત્રીસેવન કરનાર અતિ પાપી છે શીલ-સદાચા
પુરુષની એટલી મહત્તા છે કે ઇંદ્રમહારાજા જ્યારે પોતાની સભા

સિંહાસન પર બેસે છે ત્યારે પ્રથમ બ્રહ્મચારીને પ્રણામ કરે છે આટલી હકીકત માત્રથી જ શીલ-સદાચારનુ મહત્ત્વ સમજાશે.

શીલની રક્ષાર્થે પ્રાણાન્ત કષ્ટો સહન કર્યાના અનેક દાખલાઓ મળી આવે છે સતી, સીતા, શીલવતી, મયણાસુંદરી, શેઠ સુદર્શન વિગેરે સ્વશીલની રક્ષા કરી પ્રાતઃસ્મરણીય બન્યા છે રાવણે સીતા પરત્વેની કુદૃષ્ટિથી જ રાક્ષસકુલનો વિનાશ નોતર્યો હતો મયણાસુંદરી પરત્વેની વિષયવાસનાથી જ ધવલશેઠ મૃત્યુને ભેટ્યા હતા.

× ×

સુદર્શન શેઠ યુવાન હતા, એટલુ જ નહીં પરંતુ રૂપવંત પણ હતા એકદા મહોત્સવ પ્રસંગે અલંકાર પહેરી નગરમા ફરવા નીકળ્યા તેવામા રાણીની નજરે ચઢ્યા ઘાટીલુ શરીર, છટાદાર વેશ અને અલંકારોનો ઠઠારો, એટલે શી કચાશ રહે? પ્રથમ દૃષ્ટિએ જ રાણી કામપીડિત બની દાસીને પૂછીને શેઠનુ નામ-ઠામ જાણી લીધુ

એકદા રાજા વિગેરે અંતઃપુરને ઉદ્યાનમા મનોરંજનાર્થે જવાનુ હતુ રાણી બહાનુ કાઢી ન ગઈ રાજા વિગેરે ઉદ્યાનમા ગયા રાણી એકલી પડી એટલે તેણે આ પ્રસંગનો લાભ લેવાનો મનસૂબો કર્યો પોતાની માનીતી દાસીને મોકલી સુદર્શન શેઠને રાજમહેલે બોલાવ્યા વાતચીતમા રાણીએ પોતાની મનેચ્છા દર્શાવી ચતુર શેઠ હકીકત જાણી ગયા યુક્તિપૂર્વક તેમણે પોતાનો બચાવ કરી લીધો રાણીને જણાવ્યુ કે-પોતે તો નપુંસક છે રાણીએ પણ તેમની હકીકત સાચી માની આદર-સત્કાર કરી વિદાય કર્યા

થોડોએક સમય વીત્યા બાદ ચાર પાંચ પુત્રો સાથે રાજમાર્ગેથી પસાર થતા સુદર્શન શેઠને રાણીએ નિહાળ્યા એટલે પાસે રહેલી

દાસીને રાણીએ તે અગાધી હકીકત પૂછતા તેણે ખુલાસો કર્યો કે-તે સર્વ સુદર્શન શ્રેષ્ઠીના જ સંતાનો છે આ હકીકત સાભળતા જ રાણીનો કોપાગ્નિ પ્રજવળી ઉઠ્યો એક તો તેની કામેચ્છા પૂર્ણ નહોતી થઈ એટલુ જ નહિ પણ એક શ્રેષ્ઠી પોતાને બનાવી ગયો તેનુ ભાન થતાજ રાણીના કોપાગ્નિમા ઘી રેડાયા જેવુ થયુ તેણે કોઈ પણ પ્રકારે સુદર્શન શ્રેષ્ઠીને પોતાની જાળમા સપડાવવાનો નિર્ણય કર્યો

હવે સુદર્શન શ્રેષ્ઠીને અગ્નિ-પરીક્ષાનો સમય આવી પહોચ્યો શ્રેષ્ઠીએ પોતાની પત્ની સિવાય પરસ્ત્રીને મા બ્હેન માની હતી અને પોતાના વ્રતમા તેઓ દૃઢ હતા પ્રસગવશાત રાજા અને સર્વ નગરજનો મહોત્સવને અગે નગર બહાર ઉદ્યાનમા મોજ માણી રહ્યા હતા, તે સમયે સુદર્શન શેઠને રાણીએ કપટથી પોતાની પાસે બોલાવ્યા મૃદુ વાણી અને હાવભાવથી રાણીએ શેઠને વિષયતૃપ્તિ માટે પ્રાર્થના કરી પણ પ્રચડ વાયુથી જો મેરુ પર્વત ડગે તો શ્રેષ્ઠી ડોલાયમાન થાય તેણે રાણીને ઘણી સમજાવી પણ કહેવત છે કે કામાધ રાત્રી કે દિવસ જોઈ શકતા નથી તે પ્રમાણે રાણી આજે વિષયમા અધ બની હતી જ્યારે સુદર્શન શ્રેષ્ઠીએ તે વિનતીને ઠોકરે મારી ત્યારે રાણીએ નાગણનુ સ્વરૂપ પ્રકાશ્યુ રણ-ચડી જેવી ઉગ્ર બની તેણે સુદર્શન શ્રેષ્ઠીને અનેક પ્રકારે હેરાન કરવાનુ સૂચન કર્યું છતા શ્રેષ્ઠી પોતાના વ્રત-પાલનમા મક્કમ રહ્યા

આખરે રાણીના હાથ હેઠા પડ્યા પોતાનુ પાપ છુપાવવા માટે તેણે સ્ત્રી-ચરિત્ર આદર્યું અત પુરમા હાહાકાર મચાવ્યો અને શ્રેષ્ઠીએ પોતાની લાજ લૂટવા પ્રયાસ કર્યો છે તેવો શોરબકોર મચાવી મૂક્યો તરત જ રાજા વિગેરે આવી પહોચ્યા રાજ ગુનેગાર અને તેમાય પોતાની પટરાણીનુ શિયળ લૂટવા આવનારને શી શિક્ષા થાય? રાજાએ તરત જ શ્રેષ્ઠીને શૂળીએ ચડાવી દેવાનો આદેશ આપ્યો

રાજાજ્ઞાનો શીઘ્ર અમલ થયો શૂળી તૈયાર થઇ ગઇ અને જેવા શેઠને શૂળીએ લટકાવ્યા કે તત્ક્ષણ જ તે શૂળી સિંહાસનના રૂપમા પલટાઇ ગઇ સૌ કોઇ આશ્ચર્યમા સ્તબ્ધ બની ગયા સુદર્શન શ્રેષ્ઠીએ રાણીને અભય આપવાનુ માગી લઇને સર્વ હકીકત કહી સમજાવી શીલનુ માહાત્મ્ય ગાતા ગાતા નગરજનો વિદાય થઇ ગયા

•

પ પરિગ્રહનુ પ્રમાણ–લોભનો ત્યાગ

સર્વ પાપનુ મૂળ અથવા તો પિતા લોભ છે જેમ જરૂરિયાત વધારે તેમ લોભ વધારે સત–પુરુષો હમેશા સાદાઇથી જ રહેતા અને સાદુ ને સદાચરણી જીવન જીવવાનો ઉપદેશ કરતા ભગવત મહાવીરે ચોથા મહાવ્રતમા સમાવિષ્ટ થયેલા આ વ્રતને તેટલા ખાતર જ અલગ ઉપદેશ્યુ પરિગ્રહનુ પ્રમાણ કરવુ એટલે ભાગ્યવશ કે કર્મસંયોગે જરૂરિયાત કરતા વિશેષ ધનપ્રાપ્તિ થાય તો તેનો સદ્વ્યય કરવો

આજ વિશ્વમા જે તગદિલી પ્રવર્તે છે, એકબીજા રાષ્ટ્ર પરત્વે જે અવિશ્વાસ વધતો આવે છે, એક નબળા દેશનો પાડોશી બળવાન દેશ કોળિયો કરવા ચાહે છે, તે સર્વનો સમાવેશ પરિગ્રહમા જ થાય છે માત્ર જગત આ સિદ્ધાત જીવનમા ઉતારે તો કેટલી ભયાનક લડાઇઓ અને પ્રવર્તતી અનેક વિષમતાઓ દૂર થઇ જાય ભગવત મહાવીરે ઉપદેશેલ આ અત્યુત્તમ સિદ્ધાતનો વિશેષ ને વિશેષ પ્રચાર કરવાથી જગતમા શાન્તિનુ અનેરુ વાતાવરણ પ્રસરશે

સમાજવાદ, સામ્યવાદ, અલગતાવાદ, મૂડીવાદ, નોકરવાદ, મજૂરવાદ કે બીજા જે કોઇ “વાદ” હોય તે સર્વ “વાદો” નો સમન્વય આ સિદ્ધાન્તને જીવનમા ઉતારવાથી થઇ શકે તેમ છે

' પરિગ્રહ 'ની મર્યાદા ન આંકવી તેનું જ બીજું નામ લોભ લોભી મનુષ્યને કૃત્યાકૃત્ય, હિતાહિત, સારાસાર કે ભક્ષ્યાભક્ષ્યનો વિવેક કદાપિ હોતો નથી " અગ્નિ ' જેમ કોઈને છોડતો નથી તેમ લોભી માનવની ગણત્રી ' સર્વભિક્ષુક ' તરીકે થાય છે જેમ આકાશનો અંત નથી તેમ તૃષ્ણાસક્ત માનવીની મહેચ્છાનો પાર નથી આવતો ઉદાહરણ તરીકે સુભૂમ ચક્રવર્તીને ગણાવી શકાય ભરતક્ષેત્રના છ ખંડો સાધ્યા, ગણી ન શકાય તેટલી ઋદ્ધિ-સિદ્ધિ મેળવી, દેવતાઈ સુખો ભોગવી શકાય તેવા સાધનો મળ્યા, છતા તૃષ્ણાનો અંત ન આવ્યો અને મહાવિદેહ ક્ષેત્રના વિજયો જીતવા જતા સાગરમાં ડૂબી જઈ, મૃત્યુ પામી નરકે સિધાવ્યા

લોભ મનુષ્યને પાગલ-ગાંડો બનાવે છે અને ઘેલછામાં પોતે શું અકાર્ય કરે છે તેનું પણ તેને ભાન રહેતું નથી લોભવશ માનવી માતા પિતા, બહેન કે ભાઈ, પુત્ર કે પત્ની સર્વ સંબંધો ભૂલી જાય છે

× ×

એક વણિકને ચાર પુત્રો હતા ચારે જણા સન્તોષથી રહે, ખઈ-પીને લહેર કરે એક વખત તેમના ગામમાં દુષ્કાળ પડ્યો એટલે ધન કમાવા પરદેશ જવા નીકળ્યા રસ્તામાં જંગલ આવ્યું એટલે રાતવાસો રહ્યા ત્યાં યક્ષનું મંદિર હતું બધાએ ભક્તિપૂર્વક યક્ષની આરાધના કરી યક્ષ પ્રસન્ન થયો અને વરદાન માગવા કહ્યું બધાએ ધનની માગણી કરી યક્ષે જણાવ્યું કે-બીજું કંઈક માગો ધન મળતા તમારામાં જેવો સંપ છે-તે રહેશે નહીં ચારે જણાએ કહ્યું કે-આપવું હોય તો ધન આપો થોડીવારમાં યક્ષ અંતર્ધાન થયો

ચારે જણાએ જોયું તો પોતાની નજીકમાં જ સોનાની એક પાટ પડી હતી સુવર્ણનો ચળકાટ જોતા જ તેઓની આંખોમાં

લોભ પ્રગટ્યો સવાર પડતા જ અતિ ભૂખ લાગવાથી તેમાંથી મીઠાઈ ખાવાનો નિર્ણય કર્યો બે જણા ગામમા મીઠાઈ લેવા ગયા, બે જણા સોનાની પાટ સાચવવા બેઠા

અત્યારસુધી સલાહ-સંપથી રહેતા ભાઈઓમા લોભની દુર્વાસનાએ પ્રવેશ કર્યો પાટ સાચવવા બેઠેલા બે ભાઈઓના મનમા વિચાર આવ્યો કે ચોથે ભાગે સોનુ ઓછુ આવશે, માટે આપણે તે બનેને કૂવામા હડસેલી દઈએ મીઠાઈ લેવા જનારને વિચાર સ્ફૂર્યો કે-મીઠાઈમા ઝેર ભેળવીએ, તે ખાતા જ તે બનેના પ્રાણ ચાલ્યા જશે અને સુવર્ણ-પાટ આપણી થશે

ગામમાથી મીઠાઈ લઈને બે ભાઈઓ આ યા કે યુક્તિ-પ્રયુક્તિથી તે બનને કૂવામા હડસેલી મૂકી બે ભાઈઓ મીઠાઈ ખાવા બેઠા મીઠાઈ ખાઈને તેઓ બને પણ ઝેરની અસરથી ત્યા ને ત્યા જ ઢળી પડ્યા

આમ લોભને વશ થઈ ચારે જણા મૃત્યુને શરણ થયા છતા સોનાની પાટ કોઈને પણ મળી નહી

× ×

પુરાણમા એક કથા છે પરિક્ષિત રાજવી ઘણા ન્યાયી હતા તેમના રાજ્યમા કલિયુગને રહેવાનુ એક પણ સ્થળ ન મળ્યુ તેણે રાજાને પોતાને રહેવા માટે સ્થાન આપવા કહ્યુ પરિક્ષિતે કહ્યુ કે-તને રહેવાને કોઈ સ્થાન નથી કલિએ બહુ કાલાવાલા કર્યા એટલે દયા લાવી રાજાએ કહ્યુ કે-જુગારખાનુ, દારૂનુ પીઠુ, વેશ્યાનુ ઘર અને પલગનો પાયો એ ચાર તારે રહેવાના સ્થળ છે કલિએ વિજ્ઞપ્તિ કરી કે "ચારે સ્થળે રહેવુ મુશ્કેલ છે માટે એવુ સ્થાન બતાવો કે જ્યા ચારે પદાર્થો મળી આવે રાજાએ સોનાનો ગોળો બનાવી કહ્યુ કે-આ વસ્તુમા ચારેય પદાર્થો છે

કલિએ તેમા ખુશીથી પ્રવેશ કર્યો વાત પણ સત્ય છે
ધન છે ત્યા કજીયા, કકામ અને અનેક દુર્ગુણોનો વાર

લોભને અગે ઘણી કહેવતો પ્રચલિત છે અને
તથ્યાશ રહેલો છે "જર જમીન અને જોરૂ એ ત્રણે
છોરૂ" Wealth brings its vices alongwi
"લોભે લક્ષણ જાય' આ રીતે લોભને ઘણો જ વ
આવ્યો છે તેનુ કારણ એ કે-તે મુશ્કેલીથી વશ કરી
લોભના પાશમાથી છૂટવા માટે એક જ રસ્તો છે સુ
અને પરિગ્રહ ન કરતા વિશેષ વ્યય કરવાની ટેવ

પાનાચદ શેઠ ઘણા સુખી હતા સમૃદ્ધિ સપત્તિને
હતો પુત્ર પુત્રીઓ, કુટુબ કબીલો પણ વિશાળ હતો
સાત માળની હવેલી હતી પણ જીવ કજુસ પ્રકૃતિનો
દિવસ ધનનો સદુપયોગ નહોતો કર્યો

એક દિવસ શેઠ સખત માંદા પડ્યા ઔષધની કારી
મૃત્યુની ઘડી ગણાવા માડી, પણ જીવ કેમે કરી છૂટ
તેવમા એક સતપુરુષ આવી ચઢ્યા તેમણે શેઠની
જાણી લીધી

શેઠની નજીક જઇને કહ્યુ કે-કેમ છે પાનાચદ શેઠ

શેઠે માત્ર આખો દ્વારા જ જવાબ આપ્યો

મહાત્માએ કહ્યુ-મારા એક સગાએ સ્વર્ગમાથી સ
વરાવ્યો છે કે કોઈ આવનારની સાથે સોય મોકલી આ

શેઠે જણાવ્યુ-સોય સાથે કઈ રીતે લઈ જવાય?

મહાત્મા કેમ લઇ ન જવાય? આ ...

શેઠે કહ્યુ-આ સપત્તિ કે પુત્ર કે પત્ની, આ હવેલી કે બાગ-બગીચા કઈ પણ સાથે આવવાનુ નથી

મહાત્મા તો પછી તમારા મનને શેની મૂઝવણ થાય છે? આટલુ જો સારી રીતે સમજાઈ જાય તો તમારો બેડો પાર થઈ જાય

શેઠ મહાત્માના કહેવાનો આશય સમજી ગયા અતસમયે પણ તેમને પોતાની હાલતનું ભાન થયુ સારા પ્રમાણમા દાન-પુણ્ય કરી જિંદગીનુ સાર્થક કર્યું



૬ ક્રોધનો ત્યાગ કરવો

क्रोध पीइ पणासइ क्रोध प्रीति-સ્નેહનો નાશ કરે છે क्रोधो हि शत्रु प्रथमो नराणाम् । માણસનો પ્રથમ નબરનો જો કોઈ શત્રુ હોય તો તે ક્રોધ જ છે ક્રોધ અગ્નિની માફક સ્વપર ઉભયનો સતાપકારક છે જે ઘરમા અગ્નિ પ્રજ્વળે તે તો બળી જ જાય અને જો જળનો યોગ ન મળ્યો તો પાસેનુ-આસપાસનુ પણ દગ્ધ કરી નાખે તેમ જે વ્યક્તિના હૃદયમા ક્રોધ ઉપજે તે તો અવશ્ય સતાપ પામે છે પણ જો તેનો ક્રોધ શમાવવામા ન આવે તો અન્ય સ્નેહી-સબધીઓને પણ પરિતાપ ઉપજાવે છે

ક્રોધનુ પરિણામ ઘણુ જ ભયકર આવે છે જેમ રૂના વિશાળ ઢગલાને બાળવાને એક દીવાસળી જ બસ છે તેમ પુણ્યના વિશાળ ઢગલાને ક્રોધ ક્ષણ માત્રમા બાળી ભસ્મ કરે છે તેથી જ ક્રોધની સજ્ઝાયમા કહ્યુ છે કે "ક્રોધે ક્રોડ પૂરવતણુ સયમ-ફળ જાય

ક્રોધ આત્મઘાતી શત્રુ છે જેમ દારૂના નશામા પ્રાણી શાન ભાન ગુમાવી દે છે તેમ ક્રોધાવસ્થામા પ્રાણી સારાસારનો વિવેક ગુમાવી બેસે છે ક્રોધને અગે ન કરવાનુ કામ થઈ જાય છે પણ

પાછળથી પસ્તાવાનો પાર રહેતો નથી, છતા તે રાડ્યા પછીના ડહાપણ જેવુ હોય છે ક્રોધીને વશ કરવાનો ઉત્તમ ઉપાય શમતા છે "ગમ ખાના" એ અમૂ ય સૂત્રને જીવનમા ઉતારનાર ક્રોધના માઠા ફળ-વિપાકથી બચી જાય છે

× ×

'ક્રોધ ઉપજે ત્યારે ગમ ખાવી' એવી શિખામણ એક રાજાએ એક વિદ્વાન પાસેથી મૂ ય આપીને ખરીદી તેને સારી રીતે મઢાવીને પોતાના શયનાગારમા રાખી હમેશા તે વાચતો અને તેના પર વિચારણા કરતો

તે ગામમા નટ લોકોએ આવી રમત શરૂ કરી રાજા વિગેરે જોવા ગયા રાજકુમારીને પણ ભવાઈ જોવાની ઇચ્છા થઈ રાજકુમારીથી સ્રીવેશે જવાય તેમ ન હોવાથી તેની માતાએ તેને રાજકુમારનો વેષ પડે રાવી મોકની મોડી રાત્રી સુધી ભવાઈ ચાલી મોડુ પણ ઘણું થઈ ગયું હતું તેથી રાજકુમારી તો આવીને તે ને તેજ વેશમા માતા સાથે સૂઈ ગઈ રાજાએ આવી જોયુ તો શયનખડમા પોતાની રાણી સાથે કોઈ પુરુષ સૂતેલો જણાયો તરતજ તેણે મ્યાનમાથી તલવાર કાઢી, તે વખતેજ પેલી શિખામણ પણ યાદ આવી અત્યાર સુધી વાચવામા આવતી તે શિખામણ વર્તનમા મૂકવાનો મનસૂબો કર્યો, ને તલવાર મ્યાનમા પાછી મૂકી આ વખતે ખખડાટ થવાથી રાણી સફાળી જાગી ઉઠી રાજાને જોઈ સ્પષ્ટીકરણ કર્યું કે પુરુષવેષે ભવાઈ જોવા આવેલી આપણી પુત્રી જ છે રાજાને આ પ્રસગે શિખામણની કિમત સમજાણી

× ×

એક તાપસ ઘણો તપસ્વી હતો નગર બહારના ઉદ્યાનમા રહેતો અને ઉગ્ર તપશ્ચર્યા કરતો તપશ્ચર્યાની સાથે ક્રોધ

સ્વાભાવિક સબધ હોય છે તેવા સમયમા ક્રોધને જીને તે સમસ્ત જગતને જીતી શકે તાપસને ઉદ્યાન પરત્વે અતિ પ્રેમ હતો કોઇ તે બગીચાના પાન કે ફળ-ફૂલ તોડે તો તેને પ્રાણ ચાલ્યા જાય તેટલુ દુ ખ થતુ એક દિવસ રાજકુમારો તે ઉદ્યાનમા ક્રીડા માટે આવી ચઢ્યા અને રમત રમતમા જ્યા ત્યાથી ફળ-ફૂલ તોડવા લાગ્યા તાપસે તેમને વારવા જતા રાજકુમારો માન્યા નહી, એટલે તાપસને ખૂબ ક્રોધ ચઢ્યો તે કુહાડી લઈ રાજ કુમારોની પાછળ દોડ્યો કુમારો પણ તાપસના ભયને લીધે નાસવા લાગ્યા, તેવામા વચ્ચે ખાડો આવી જવાથી તાપસ ભાન ભૂલ્યો, ખાડામા પડ્યો અને પોતાની કુહાડી પોતાનો જ વધ કરનારી નીવડી તાપસ મૃત્યુ પામી ઉગ્ર વિષવાળો સર્પ થયો

પૂર્વના અભ્યાસને કારણે તેનુ વિષ એટલુ ઉગ્ર હતુ કે જેના પર તેની દ્રષ્ટિ પડતી તે સર્વથા બળીને ભસ્મ થઈ જતો દ્રષ્ટિ વિષ સર્પ તરીકે તેની ખ્યાતિ થઈ કોઈ પણ તેની નજીક જઈ શકતુ નહી, ધીમે ધીમે તે માર્ગ પણ નિર્જન થઈ ગયો ભગવત શ્રી મહાવીરે તેનો પૂર્વ ભવ જાણ્યો અને તેના ઉપકારાર્થે ત્યા ગયા અને કહ્યુ કે ચડકૌશિક! બૂઝ! બૂઝ! પોતાનુ નામ સાભળીને સર્પ ચમક્યો તેણે માનવીને પોતાના દર પાસે ઊભા રહેલા જોયા ઉગ્ર ક્રોધ વ્યાપ્યો અને તેમના પ્રત્યે દ્રષ્ટિ ફેકી પણ કાઈ ન થયુ એટલે રોષ લાવી જમણા અગૂઠે ડખ દીધો તો રુધિરને બદલે દૂધની ધારા વહેવા લાગી સર્પ શાન્ત થઈ ગયો એટલે ભગવત મહાવીરે પુન કહ્યુ કે–ચડકૌશિક! બૂઝ બૂઝ ભગવતના વચનો સાભળતા જ ચડકૌશિકને ઊહાપોહ થવા લાગ્યો પરિણામે જાતિ સ્મરણ જ્ઞાન પણ થયુ અને છેવટે આરાધના કરી, અતિશય પરીષહો સહન કરી સ્વર્ગગામી બન્યો

× ×

આ કષાયની ચોકડીમા ક્રોધ દુર્જય છે એટલે જ શાસ્ત્રકારોએ તેને સર્વપ્રથમ સ્થાન આપ્યુ છે ક્રોધને વશ કરવા માટે હમેશા 'ક્ષમા'નુ અવલબન લેવુ જોઈએ



૭ અભિમાન ન કરવુ

જે મિથ્યાભિમાની હોય છે તેનો લોકો વિશ્વાસ કરતા નથી અભિમાની હમેશા હલકો પડે છે અને પરિણામે પોતાનુ સર્વસ્વ ખોવે છે કહેવત છે કે "અભિમાનીનુ ઘર ખાલી" એટલે કે જ્યા અભિમાનનો પ્રવેશ થયો ત્યા બીજા સદ્ગુણો વિદાય લે છે માણસે હમેશા લઘુતા, વિનય, નમ્રતા જ રાખવી જોઈએ "લઘુતામા પ્રભુતા" એ કહેવતમા ઘણુ રહસ્ય સમાયેલુ છે

જ્યા સુધી આપણને જગતની અન્ય વસ્તુઓનુ સ્વરૂપ સમજાતુ નથી ત્યા સુધી જ અભિમાન રહે છે એક કવિએ કહ્યુ છે કે-અભિમાન તો દરેકને હોય છે, પણ મૂર્ખાઓને વિશેષ મિથ્યાભિમાન હોય છે

× × ×

એક શેઠ નવી સ્ત્રી પરણી લાવ્યા ઘરમા કોઈ નહી અને સ્ત્રી કાચી ઉમરની એટલે પાડોશમા રહેતી એક વૃધ્ધાને શેઠે ભલામણ કરી કે તેને ન આવડે તે શિખવજો ડોસી શેઠાણીને સૂચના કરતી ને શિખવતી, પણ શેઠાણી જરા ગુમાની ને મિથ્યાભિમાની હતી ડોસી જે કાંઈ શિખવતી ત્યારે કહેતી હતી કે-ઓહો! એમા શુ? એ તો મને આવડતુ હતુ મારા પિયરમા આમ જ થતુ

વારવાર શેઠાણી આમ જ કહેતી તેથી ડોસીનો મિજાજ ગયો તો તેને બોધપાઠ દેવાનો નિર્ણય કર્યો તેવામા શેઠને ત્યા

હેમાન આ યા શેઠે શેઠાણીને દૂધપાક બનાવવાનુ કહ્યુ શેઠાણી
ાસીને પૂછવા ગયા દાસીએ ઠીક લાગ આ યો છે જાણી
તુ-દૂધને ખૂબ ઉકાળવુ અને ચાર શેર દૂધ હોવે ત્યાર
.શેર ચોખા, થોડી હળદર, મરચુ અને રાઈનો વઘાર કરવો
ેઠાણીએ કહ્યુ એટલુ જ ને ! એ તો હુ જાણતી હતી શેઠાણીએ
ેા દૂધપાક તૈયાર કર્યો. મહેમાન ને શેઠ જમવા બેસ પહેલા પૂરી ને
ાણી દૂધપાક પીરસાણો. શેઠે શેઠાણીને કહ્યુ "આ શુ છે? કેમ
ુ છે? દૂધપાક છે' શેઠાણીએ જવાબ આપ્યો શેઠે કહ્યુ "આવો
તે દૂધપાક હોય ?" શેઠાણીએ જણા યુ કે "દાસીમાએ કહ્યુ તેમ
ર્યું" શેઠ દાસી પાસે ગયા ને બધી હકીકત સમજી ગયા

× ×

કેટલાક મનુષ્યો એવા મિથ્યાભિમાની હોય છે કે પોતાનામ' દરેક પ્રકારની આવડત છે તેમ માને છે વિદ્યા શીખવ માટે રાજા શ્રેણિકને પણ નીચે ઊભા રહી, ચાંડાલને સિંહાસન પર બેસાડી વિદ્યા શીખવી પડી હતી અભિમાન હોય છે ત્ય સદ્ગુણ આવી શકતો નથી

× ×

એક શેઠને ત્યા સત પધાર્યા. શેઠ સુખી હતા વેપાર-રોજગાર સારા ચાલતો પુત્ર-પુત્રીઓનો પરિવાર પણ વિશાળ હતો પત્ની પણ પ્રેમાળ હતી હમણા જ શેઠે પોતાને રહેવા માટે દરેક પ્રકારની સગવડ સાધનવાળો સુ દર બગલો બનાવ્યો હતો શેઠને થયુ કે હુ સતને બગલો તો બતાવુ સતને શેઠ બગલે લઈ ગયા સાને માળ ફેરવ્યા બારી બારણાની ખૂબી બતાવી બાંધકામની મજબૂતીનુ વર્ણન કર્યું લાખો રૂપિયા ખર્ચ્યાનો હિસાબ જણાવ્યો, પણ સતે એક પણ શબ્દ પ્રશ સાનો ન કહ્યો. શેઠ વિચારમા પડી ગયા સતે બગલાના કઈ પણ વખાણ

ન કર્યા તેનાથી ન રહેવાયુ એટલે મ તને પૂછયુ આપશ્રી શુ વિચાર કરો છો? કેમ કઈ બોલતા નથી? આ બગલામાં કઈ ખામી હોય તે બતાવો મ તે શાતિથી જણાવ્યુ કે-તુ મૃત્યુ પામીશ ત્યારે તને કયા દરવાજેથી કાઢવો તે તે બતા ચુ નહિ, એટલે તેનો હુ વિચાર કરુ છુ

શેઠ સમજુ હતા સ તની આ ટકોરથી તે વસ્તુસ્થિતિ જાણી ગયા પછી સ તે શેઠને કહ્યુ કે-આ વિશ્વમા અભિમાન કરવા જેવી એક પણ વસ્તુ નથી વિશાળ વિશ્વના કયા દેશમા તુ રહે છે તેનો વિચાર કર! તે દેશમા પણ કયા પ્રાતમા, કયા જીલામા, કયા તાલુકામા, કયા નગરમા રહે છે તેનો વિચાર કર! તારા નગરમા પણ કયા મહોલ્લામા, કઈ શેરીમા અને તેમા પણ તારુ મકાન કેટલી જગ્યા રોકે છે તેનો વિચાર કર! અને તે પણ મૃત્યુ પછી તારુ સ ગાથી નથી, માટે આ મિથ્યાભિમાનના પ્રમ ગો દૂર કર શેઠે છેવટે પોતાની જિ દગી સુધારી લીધી

× ×

પદમો મોચી બહુ મહેનતુ હતો મહેનત કરીને તેણે પાચ પૈસા બચાવ્યા હતા ધીમે ધીમે તેની પાસે ૫૦) રૂપિયાની મૂડી થઈ એટલે તે સમજવા લાગ્યો કે મારા જેવો બીજો કોઈ ધનિક નથી પોતાની બેઠક નીચે જ તે રકમ ગણી મૂકે અને જે આવે તેને તે બતાવી પોતાના ગુણ ગાય

એક દિવસ એક સ ત તેની દુકાને આવી ચઢ્યા હ મેશની ટેવ મુજબ પદમાએ તો મહાત્માને પણ વાત કરી મહાત્મા સમજી ગયા કે, પ માને નહોતુ અને સાપડ્યું છે તેનુ અજીર્ણ થયુ છે તેણે પદમાને સાથે લીધો ને એક શેઠના બગલે લઈ ગયા શેઠની તીજોરી ખોલી તો અ દર રૂપીયાના તો થેલા જ

બચ્યા હતા તે ઉપગત હી ।, મોતી ને માણેકનો પાર નહોતો પદ્માનો ગર્વ ગળી ગયો

રાજા-મહારાજા કે દેવતાઈ સુખના હિસાબે આપણા પાને પડમા જેટલી પણ મૂડી ન હોવા છતા આપણે કેટલા ફૂલાતા ફરીએ છીએ ! તે હકીકતનો ધડો લઈ વિનય, નમ્રતા અને લઘુતા જ રાખવી યોગ્ય છે

•

૮ માયા-પ્રપચનો ત્યાગ કરવો

કપટ, છળ-પ્રપચ, દગો, દગા કે વિશ્વાસઘાત એ બધા માયાના જ પ્રકારો છે માયાવી-કપટી મનુષ્યનુ એ લક્ષણ હોય છે કે-તે મુખે હમેશા મીઠુ-મધુરુ જ બોલે છે, પરન્તુ તેના હૃદયમા તો ઝેર જ ભરેલુ હોય છે માયાને "ડાકણ" [illegible] આવે છે ડાકણ, ભૂત, પ્રેત વગેરે માનવી યદ્વાતદ્વા [illegible] બડબડાટ કરે છે તેમ માયાવી માનવી પણ બોલ-બોલ [illegible] છે શાસ્ત્રકારોએ તો ધર્મક્રિયામા પણ "માયા" [illegible] કરી છે માયાપૂર્વક તપ કરવાથી શ્રી મલ્લિનાથ [illegible] "સ્ત્રીવેદ" પ્રાપ્ત થયો હતો

× ×

એક ડોશીમાનો દીકરો માદો પડ્યો ત્યારે [illegible] પ્રાર્થના કરી કે-મારો દીકરો સાજો થશે ત્યારે [illegible] રોટલી ચડાવીશ દૈવયોગે છોકરો સાજો થયો [illegible] ભૂલી ગયા, પણ છોકરાને ખબર કે મારી [illegible] લીધી હતી તેણે માને યાદ કરાવ્યુ કે [illegible] છુ બાધા ક્યારે પૂરી કરવી છે? [illegible] કે બેટા, આમ જેવડી રોટલી થતી હશે? [illegible]

લાવવો ? અને વળી પરમાત્માને ઘેંસ રોટલીનો ક્યાં તૂટો છે ? ડોશીએ આ રીતે પરમાત્માને છેતરવાનો પ્રયાસ કર્યો

છોકરો મોટો થયો બહુ ફોડના તેને જ વાગી ને પ્રાણ છૂટી ગયા લોકોએ ડોશીમાને કહ્યુ यादृशी भावना तादृशी मेव । જેવી ભાવના રાખીએ તેવુ ફળ મળે

•

૯ ક્લેશ-કુસપ ન કરવો

"સપ ત્યા જપ" એ કહેવત તદ્દન સાચી છે જ્યારે ઘરમા કે કુટુબમા ફૂટ પડે છે ત્યારે તેને નાશ પામવાનો સમય આવે છે પત્થર ઘણો જ મજબૂત હોય છે, પણ જ્યારે ફાડ પડે છે ત્યારે તેમા પણ ઘાસ જેવી વસ્તુ ઊગી શકે છે એનો અર્થ એટલો જ કે બળવાન મનાતા ઘરમા કે કુટુબમા કે રાષ્ટ્રમા જ્યારે ફાટફૂટ પડે છે, ત્યારે નમાલો વિરોધી વર્ગ ફાવી જાય છે

અગ્રેજીમા પણ કહેવત છે કે, Union is Strength સપ એ મોટામા મોટુ બળ છે એક તાતણો સહેલાઇથી તૂટી શકશે, પણ તે જ તાતણાઓથી વણાએલુ કાપડ ફાડવા માટે કાતર લેવી પડે છે, તે જ સપની કીમત સમજાવવા માટે પર્યાપ્ત છે શાસ્ત્રમા પણ કહ્યુ છે કે कला सघे शक्ति । કલિયુગમા સપ-સગઠન એ જ ખરુ ખરુ સામર્થ્ય છે महति कार्यसाधना सगठन જ કાર્ય સાધી શકશે ઝાઝી કીડીઓ એકઠી થાય તો વિષધર સર્પને ફોલી ખાય

ક્લેશ-કુસપ એ જ સર્વ દુ ખનુ મૂળ છે કુસપના કારણો ઉપસ્થિત થાય કે તરત જ તેને દૂર કરવા શક્ય પ્રયાસ કરવો જ્યા નિત્ય દત-કલહ કે કજીઓ થતો હોય ત્યા લક્ષ્મી રહી શકતી નથી, "કુસપે ગોળાના પાણી પણ સુકાઇ જાય એ કહેવતમા ઘણુ જ રહસ્ય સમાયેલુ છે

× ×

એક શ્રીમાનને પુષ્કળ ધન-સંપત્તિ હતી. ઉત્તરાવસ્થામાં એક દિવસ શેઠને સ્વપ્ન આવ્યું. લક્ષ્મીજીએ કહ્યું કે–હું હવે વિદાય થવાની છું. તમારે જોઈએ તે એક વરદાન માગી લ્યો. શેઠે એક દિવસની મુદત માગી. બીજે દિવસે શેઠે દીકરાઓને એકઠા કરી, સ્વપ્નની હકીકત જણાવી. કોઈએ ઘર, કોઈએ જમીન, કોઈએ તંદુરસ્તી, સૌ સૌની કલ્પના મુજબ માગવા કહ્યું, પણ શેઠને તેથી સંતોષ ન થયો. શેઠની નજર સૌથી નાના દીકરાની વહુ પર પડી. તેણે જણાવ્યું કે–બીજું બધું માગવા કરતાં "ઘરમાંથી સંપ ન જાય તે માગો." શેઠને વાત ગમી ગઈ. ફરી વાર રાત્રિએ લક્ષ્મી આવતાં શેઠને વરદાન માગવા કહ્યું. શેઠે કહ્યું–મારે બીજું કંઈ નથી જોઈતું. ફક્ત મારા ઘરમાંથી સંપ ન જાય તેટલું કરો. લક્ષ્મીએ કહ્યું. તમે આ શું માગ્યું? તમે તો મારા પગ જ ભાંગી નાખ્યા. જે ઘરમાં સંપ હોય ત્યાંથી હું કઈ રીતે જઈ શકું? સંપ છે ત્યાં જ લક્ષ્મીનો વાસ છે.



૧૦. કલંક (આળ) ન આપવું, બૂરું ન ચિંતવવું

સ્વાર્થ સાધવા માટે કોઈ પણ ઉપર ખોટું દોષારોપણ ન કરવું. આળ કે કલંક ચઢવાથી પ્રાણીને મૃત્યુ પામવા જેટલું દુઃખ થાય છે. બીજાનું બૂરું કરવા કે ઈચ્છતાં આપણું જ બૂરું થાય છે. મહાપુરુષોનું કહેવું છે કે થાય તો બીજાનું ભલું કરો, નહીંતર મૌન રહો, પણ બીજાના પર ખોટા આળ કે કલંક ચઢાવી નિરર્થક સર્વનાશ ન વહોરી લ્યો.

શાસ્ત્રોમાં અન્યને આળ આપ્યાના કારણે પછીના ભવમાં તેનાં કડવાં ફળ ભોગવ્યાનાં ઘણાં દૃષ્ટાન્તો આવે છે. સતી સીતાને પૂર્વભવના કારણે જ કલંક આવ્યું. આળ આપવાને કારણે જ સતી શીલવતીના કાંડા કપાયા. સતી સુભદ્રાને મુનિ-તિલક

લાવવો ? અને વળી પરમાત્માને ઘેર રોટલીનો કયા તૂટો છે ? ડોસીએ આ રીત પરમાત્માને છેતરવાના પ્રયાસ કર્યો

છોકરો મોટો થયો બહુક ફોડતા તેને જ વાગી ને પ્રાણ છૂટી ગયા લોકોએ ડોસીમાને કહ્યુ યાદ્રશી ભાવના તાદ્રશી મંત્ર । જેવી ભાવના રાખીએ તેવુ ફળ મળે



૯ ક્લેશ-કુસપ ન કરવો

"સપ ત્યા જપ" એ કહેવત તદ્દન સાચી છે જ્યારે ઘરમા કે કુટુબમા ફૂટ પડે છે ત્યારે તેને નાશ પામવાનો સમય આવે છે પત્થર ઘણોજ મજબૂત હોય છે, પણ જ્યારે ફાડ પડે છે ત્યારે તેમા પણ ઘાસ જેવી વસ્તુ ઊગી શકે છે એનો અર્થ એટલોજ કે બળવાન મનાતા ઘરમા કે કુટુબમા કે રાષ્ટ્રમા જ્યાર ફાટફૂટ પડે છે, ત્યારે નમાલો વિરોધી વર્ગ ફાવી જાય છે

અગ્રેજીમા પણ કહેવત છે કે Union is Strength સપ એ મોગમા મોટુ બળ છે એક તાતણો સહેલાઇથી તૂટી શકશે, પણ તેજ તાતણાઓથી વણાએલુ કાપડ ફાડવા માટે કાતર લેવી પડે છે, તેજ સપની કીમત સમજાવવા માટે પર્યાપ્ત છે શાસ્ત્રમા પણ કહ્યુ છે કે कला सघ नास्ति । કલિયુગમા સપ-સગઠન એજ ખરખરુ સામર્થ્ય છે महति कार्यसाधक सगठन જ કાર્ય સાધી શકશે ઝાઝી કીડીઓ એકઠી થાય તો વિષધર સર્પને ફોલી ખાય

ક્લેશ-કુસપ એજ સર્વ દુ ખનુ મૂળ છે કુસપના કારણો ઉપસ્થિત થાય કે તરત જ તેને દૂર કવા શકય પ્રયાસ કરવો જ્યા નિત્ય કત-કરહ કે કજીઓ થતો હોય ત્યા લક્ષ્મી રહી શકતી નથી "કુસપે ગોળાના પાણી પણ સુકાઇ જાય એ કહેવતમા ઘણુ જ રહસ્ય સમાયેલુ છે

×   ×

એક શ્રીમાનને પુષ્કળ ધન-સંપત્તિ હતી [illegible]
એક દિવસ શેઠને સ્વપ્ન આવ્યું લક્ષ્મીએ કહ્યું [illegible]
વિદાય થવાની છું તમારે જોઈએ તે એક વરદાન [illegible]
એક દિવસની મુદત માગી બીજે દિવસે શેઠે [illegible]
કરી, સ્વપ્નની હકીકત જણાવી કોઈએ [illegible]
કોઈએ ત [illegible], સૌ સૌની કલ્પના મુજબ [illegible]
શેઠને તથી સંતોષ ન થયો શેઠની નજર [illegible]
વહુ પર પડી તેણે જણાવ્યું કે-બીજું બધું [illegible]
સંપ ન જાય તે માગો શેઠને વાત [illegible]
લક્ષ્મી આવતા શેઠને વરદાન માગ્યા [illegible]
બીજું કઈ નથી જોઈતું ફક્ત [illegible]
કરો લક્ષ્મીએ કહ્યું તમે આ શું માગ્યું [illegible]
માગી નાખ્યા જે ઘરમાં સંપ હોય ત્યાં [illegible]
શકું ? સંપ છે ત્યાં જ લક્ષ્મીનો વાસ છે

૧૦ કલંક (આળ) ન આપવું, [illegible] ન ચિંતવવું

સ્વાર્થ સાધવા માટે કોઈ પણ [illegible]
કરવું આળ કે કલંક ચઢવાથી [illegible]
દુઃખ થાય છે બીજાનું બૂરું કરવા [illegible]
થાય છે મહાપુરુષોનું કહેવું છે કે [illegible]
નહીંતર મૌન રહો, પણ બીજાના [illegible]
ચઢાવી નિંદક સર્વનાશ ન વહોરી લો

શાસ્ત્રોમાં અન્યને આળ આપ[illegible]
કરવા ફળ ભોગવ્યાના ઘણા [illegible]
પૂર્વભવના કારણે જ કલંક [illegible] આપવાને
સતી શીલવતીના કાદા [illegible] કેસરીને

સબધી જે કલક ચઢ્યુ તે 'આળ' નુ જ પરિણામ જગતમા ટૂકામા ટૂકી કહેવત છે કે-'ખાડો ખોદે તે જ પડે' આ ઉક્તિમા ઘણો પરમાર્થ સમાયેલો છે પોતાના લાભની ખાતર અન્યને આળ-કલક ચઢાવતા આપણે જ તેના ભોગ બનીએ છીએ બૂરુ ચિતવનારને બૂરો જ બદલો મળે છે

× ×

એક ખેડૂતે ખેતરમા શેરડી વાવી હતી પાક ઘણો સારો હતો, પણ ચોર લોકો હમેશા ચોરી કરી જાય ઘણી ચોકી રાખી પણ ચોર લોકો પાછલા રસ્તેથી પેસી પોતાનુ કામ કરી લેતા ખેડૂતે ચોરોને ફસાવવાની યુક્તિ કરી પાછલા ભાગમા એક લાબી ખાઈ ખોદી અને તેના પર ખડ ઢાકી માટી નાખી દીધી

રાત પડી પણ ખેડૂત ઘરે ખાવા ન જઈ શક્યો એટલે પટલાણી ભાત લઈને નીકળ્યા વિચાર્યુ કે પાછલા રસ્તેથી જ જવા દે, જલ્દી પહોચી જવાશે પટેલ હુક્કો ગગડાવતા ગગડાવતા ચોરોના આવવાની રાહ જોઈ રહ્યા હતા તે તરફ જ તેમની નજર હતી તેવામા અચાનક ખાઈ પાસે ધબાકો થયો પટેલ તો ચોરોને પકડવાની હોશમા લાકડી લઈને દોડ્યા, પણ જઈને જુએ છે તો પટલાણી ખાઈમા પડ્યા હતા ભાત બધો વેરાઈ ગયો હતો. પટલાણીને બહાર કાઢ્યા, પણ પગ ભાગી ગયા હતો પટેલ નિરાશ થઈ ગયા તેનાથી બોલાઈ જવાયુ કે-ખાડો ખોદે તે જ પડે

× ×

તાજેતરની જ હકીકત છે ડીસાકેમ્પ તરફ ઉદરડાની રજાડ ખૂબ વધી ગયેલી ઊભો મોલ ઉદરડા ખાઈ જતા ઉદરડાનો નાશ કરવા માટે મુખ્ય ખેડૂતે સોમલ નાખીને ગળ તૈયાર કરી ગળ લઈને તે ખેતર ગયો ને શેઢે શેઢે ગળ વેરતા ગયા ઉદરડા રાબ પીવા આ યા અને રાબ પીધી કે તરત જ ત્યા ને ત્યા જ ઢળી પડવા લાગ્યા

ખેડૂતને ઊંચી ઓલાદના બળદની સારી જોડ હતી તે બાજુના ખેતમા ચરતા હતા ખેડૂતને તેનો કઈ ખ્યાલ ન હતો તે તો ગળનો કઠો શેઢે મૂકી કામ પ્રસગે વાડીએ ગયો તેવામા બને બળદોએ આવી કઠામા મોઢુ નાખ્યુ અને રાગ પીવા માડી પાચ-દશ મિનિટમા તો બળદોને ઝેર ચડી ગયું ખેડૂત આવે ત્યા તો બને બળદો જમીન પર ઢળી પડ્યા હતા

× ×

એક પુરોહિતની પત્નીએ અતકાળે પોતાના પતિને જણાવ્યુ કે-મારા એકના એક પુત્રનુ જીવની જેમ જતન કરજો પુત્ર મોટો થયો તેને પરણાવ્યો પુરોહિતે બીજી વાર ન પરણવાનો નિશ્ચય કર્યો હતો, પણ સગાવહાલાં અને સ્નેહી-સબધીઓએ ખૂબ આગ્રહ કર્યો અને પુરોહિત ફરીવાર પરણ્યા, છતા પુત્ર પર જેવો ને તેવો જ પ્રેમ હતો જમવા પણ સાથે જ બેસતા

નવી પત્નીને ઓરમાન પુત્ર પર પ્યાર ન આવે, અધૂરામા પૂરુ તેને પણ પુત્ર અવતર્યો અને પિયરીયાની અવળી સલાહ મળવા લાગી ઓરમાન પુત્ર ઓરમાન માને પણ માતા જેટલુ જ માન આપતો, પરતુ નવી માની દૃષ્ટિ ફરી ગઈ હતી તેણે તેને કોઈ પણ પ્રકારે મારી નાખવાનો મનસૂબો કર્યો

એકદા પર્વ પ્રસગે દૂધપાક-પૂરીનુ જમણ હતુ આગલા દિવસથી જ નવીનુ મન બગડ્યુ હતુ રસોઈ તૈયાર થઈ ગઈ બાપ દીકરો બને જમવા બેઠા પુત્રને મોટો વાટકો અને ધણીને નાનો વાટકો દૂધપાકનો મૂક્યો તેવામા તેણીનો પુત્ર રોવા લાગ્યો એટલે છાનો રાખવા મેડી પર ગઈ

દરમિયાનમા પુત્રે કહ્યુ કે-ગઈકાલથી પેટમા જરા-જરા દુખે છે એટલે દૂધપાકનો મોટો વાટકો નહીં ખવાય તેના બાપાએ કહ્યુ કે-લાવ તારો મોટો વાટકો, મારો નાનો વાટકો તુ

વાટકા બદલી નાખી બનેએ ખાવુ શરૂ કર્યું રાત્રિનો સમય હતો મ્હેજસાજ અધારુ પણ હતુ નવી નીચે આવી અને ભાત પીરસ્યા, પણ વાટકા બદલાઇ ગયા છે તેની તેને ખબર ન રહી થોડી વારમા તો ધણીને ઉલટી થવા લાગી રગેરગે ઝેર વ્યાપી ગયું નવીની નજર હવે વાટકા પર પડી તેના હોશ-કોશ ઊડી ગયા અને આ બાજુ તેના પતિના પણ પ્રાણ ચાલ્યા ગયા નવી ગભરાણી પાછળ વાડીમા કૂવો હતો તેમા ઝપલાવ્યું ધબાકો સાભળી પુત્ર દોડ્યો, પણ ઓરમાન માના પ્રાણ ધણીના પ્રાણની પાછળ ચાલ્યા ગયા હતા



૧૨ પરનિંદા ન કરવી

નિંદકનુ કામ સોનાના કચોળામા પારકાના મેલ ભરવા જેવુ છે સ્તુતિ કરનાર કે નિંદા કરનાર જેની સ્તુતિ કે નિંદા કરે છે તેને મૂળ સ્વરૂપમા ભાગ્યે જ ઓળખે છે, માત્ર પોતાની મતિ-કલ્પનાથી જે ઠીક-અઠીક લાગ્યુ તેની સ્તુતિ કે નિંદા કરવા લાગી જાય છે જનપ્રવાહ જ એવો છે કે તેને એક બાજુ ઢળી જતા વાર નથી લાગતી કહેવત છે કે-

સુણી સ્તુતિ ન ફૂલાવુ　નહિ નિંદાથી ગભરાવુ,
ગણી પરભાવ એ બેને, સદા આનંદમા રહેવુ

આ જગતમા સવ ગુણી કોઈ પણ વ્યક્તિ નથી, ફક્ત સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા "સર્વગુણી" ની કોટિમા આવી શકે કોઈ ને કોઈ વ્યક્તિમા કોઇ ને કોઈ દોષ તો રહેલો હોય જ, પરન્તુ તેની નિંદા કરવાથી ઊલટો આપણને ગેરલાભ થાય છે પારકી નિંદા કરવી એટલે પોતાના ઘરનો સાબુ લઈ પારકાના મેલ ધોવા જેવુ કાર્ય છે નિંદકને "કર્મચંડાળ" ની ઉપમા આપવામા આવી છે નિંદા કે સ્તુતિમા સમવૃત્તિ રહેવી ઘણું જ મુશ્કેલ કાર્ય

છે શ્રી પાર્શ્વનાથ ભગવતે પોતાને ઉપસર્ગ કરનાર કમઠ પર ત્વે અને ઉપસર્ગ-નિવારણ કરનાર ધરણેન્દ્ર ઉપર સમવૃત્તિ જ રાખી હતી ન તો કમઠ પર દ્વેષ કર્યો, ન તો ધરણેન્દ્ર પર રાગ ધારણ કર્યો

× ×

ગામમા એક સતપુરુષ હતા. નાના બચ્ચાઓને એકત્ર કરે, કઈંક હિતશિખામણ આપે, વાર્તા કહે અને પ્રસાદ વહેચી સહુને રાજી કરે

એક વખત પર્વને પ્રસગે ગામના શ્રેષ્ઠીનો પુત્ર સારા સારા ઘરેણા પહેરી સતપુરુષની મઢુલીમા આવ્યો જતી વખતે સતના હૃદયમા વિચાર આવ્યો કે- રસ્તામા કોઈક આ બાળકના ઘરેણા ઉતારી લેશે અને આબરુ સાથે જશે એટલે બાળકને પાસે બોલાવી તેના ઘરેણા લઈ લીધા

બાળકે ઘરે આવી તેની માને વાત કરી બસ, માજીએ વાત વહેતી મૂકી મોટા સતપુરુષ થયા છે, મારા દીકરાના ઘરેણા ઉતારી લેતા શરમ ન આવી તે જેમ તેમ બોલવા લાગી આખા ગામમા વાત પ્રસરી ગઈ થોડી વાર શેઠ ઘરે આવ્યા તેમણે પણ જેમ તેમ ગાલીપ્રદાન કરવા માડયુ અને મત પાસે જવાબ માગવા ઉપડ્યા

સતને કાને વાત આવી ગઈ તેણે શેઠ આવતા જ ઘરેણા સોપી દીધા અને બધી હકીકત કહી સમજાવી શેઠ તો ખુશ-ખુશ થઈ ગયા ગામ પણ સતની દીર્ઘદૃષ્ટિની પ્રશસા કરવા લાગ્યા માજી પણ હવે પ્રશસાના પુષ્પ વેરવા લાગ્યા સતે નાખની બે મૂઠી ભરીને કહ્યુ "એક સ્તુતિ કરનારના શિર પર અને બીજી નિંદા કરનારના શિર પર નાખુ છુ મારે મન તો બંને સરખા છે



૧૭. સુખ-દુ ખમા સન્તોષ રાખવો

સુખ અને દુ ખ એ પૂર્વના પુણ્યનુ જ કારણ સમજી દુ ખમા દીનતા ન ધારણ કરવી કે સુખમા છકી ન જવુ દુ ખ એ દુષ્કૃત્યનુ જ પરિણામ છે એમ સમજી પાપથી પાછા ફરવુ અને ધીરજ ધારણ કરી સુકૃત્યોમા મન પરોવવુ આપણા કરતા બીજા બધા સુખી છે એવુ નકામા માનતા હોઈએ છીએ, એથી આપણે નિરતર અસતોષની અગ્નિમા શેકાયા જ કરીએ છીએ સુખી મનાતા માણસને ગુપ્ત રીતે તેના સુખની વાત પૂછજો એટલે તેમના મનમા રહેલા અનેક ગુપ્ત દુ ખો તમારી પાસે પ્રકાશમા મૂકશે તેમજ તે તમારી જાત કરતા પણ પોતાને વિશેષ દુ ખી માનતો હશે

સુખના અભિમાનથી કદી છલકાઈ ન જવુ, કારણ કે બાહ્ય સુખ તો ક્ષણિક છે સિદ્ધિના શાશ્વત સુખની પાસે ચક્રવર્તીની ઋદ્ધિ-સિદ્ધિનુ અપૂર્વ સુખ પણ અનતમે ભાગે ગણત્રીમા આવી શકતુ નથી ત્યારે આપણા બાગ બગલા કે વાડી વજીફા શા હિસાબમા?

સુખ કે દુ ખની સ્થિતિમા સતોષ ધારણ કરવો, એ જ શ્રેષ્ઠતાની નિશાની છે सन्तोषमेव पुरुषस्य परम निधानम् । સતોષ એ જ માનવ જાતનુ ઉત્કૃષ્ટ નિધાન છે

× ×

એક દાસી હમેશા રાજાની શય્યા તૈયાર કરતી એક દિવસ તેને થોડી વાર રાજાની શય્યામા સૂઈ જવાનું મન થયુ રાજાને આવવાની વાર હતી એટલે બે મિનિટ પથારીમા આળોટવાનું શરૂ કર્યું તેવામા તેને ઊંઘ આવી ગઈ રાજા આવી પહોંચ્યો અને પોતાની શય્યામા દાસીને સૂતેલી જોઈ તેના ગુસ્સાનો પાર ન રહ્યો સેવકને બોલાવી, દાસીને ઉઠાડી ત્યા ને ત્યા જ દશ કોરડા મારવાનો હુકમ કર્યો

એક એક કોરડો વાગતો જાય અને દાસી રોતી જાય દશમે કોરડે તે ખડખડાટ હસી પડી રાજાને આશ્ચર્ય થયું રોવાને બદલે દાસીને હસવુ કેમ આવ્યુ ? કારણ પૂછતા દાસીએ કહ્યુ કે– ફક્ત બે મિનિટ આ શય્યા પર સૂવાથી મને આટલી શિક્ષા મળી, તો જે આ શય્યા પર હ મેશા સૂતા હશે તેને કેટલી શિક્ષા ભોગ વવી પડશે ? આવો વિચાર આવતા જ મને રોવાને બદલે હસવુ આવ્યુ આ હકીકત સાભળતા જ રાજાના હૃદય-ચક્ષુ ઊઘડી ગયા રાજાને ભાન થયુ કે–ક્ષણિક સુખની પાછળ દુ ખના ડુ ગર હોય છે

× ×

દુ ખના સમયમા આપણા કરતા વિશેષ દુ ખની સ્થિતિનો વિચાર કરવાથી હ મેશા આપણા દુ ખનો ભાર ઓછો થાય છે

એક તવ ગર શેઠ, ભાગ્ય પલટાતા સામાન્ય સ્થિતિમા આવી ગયા પગે પહેરવા જોડા પણ નહોતા રહ્યા તેથી તેમને ઘણુ દુ ખ થયુ હતુ એમ વખત તેમને પોતાની સ્થિતિ માટે ઘણુ લાગી આવ્યુ એટલે મ દિરમા પરમાત્માને પ્રાર્થના કરવા ગયા મ દિર પાસે જ બ ને પગે લ ગડા ભિક્ષુકને યાચના કરતા જોયો એટલે મ દિરમા જઈ પરમાત્માને ધન્યવાદ આપવા લાગ્યા કે–હે પ્રભો ! તારો મા ! પર કેટલો બધો ઉપકાર છે કે હરવા-ફરવા માટે તે મારા બ ને પગો તો સલામત રાખ્યા છે

× ×

સુખ અને દુ ખ ઉભયમા હમેશા સન્તોષ ધારણ કરવો, મ ણ કે પુરુષાર્થ કરવા છતા ભાગ્યમા જ હોય તે પ્રમાણે ફલ–સિદ્ધિ થાય છે આ સ બ ધમા નીચેના ઉદાહરણો મનન કરવા યોગ્ય છે

એક પ ડિતે રાજા પાસે જઈ કથા કરવાની માગણી કરી રાજા કજૂસ પ્રકૃતિનો હતો, એટલે તેણે પ્રથમ તો ના પાડી

પરન્તુ પંડિતે ઘણો આગ્રહ કર્યો ત્યારે રાજાએ પૂછયું-કથા કરવાનું શું લેશો ? પંડિતે કહ્યુ-તેનો આજથી શો વિચાર ? જે ભાગ્યમાં હશે તે પૂર્ણાહૂતિમા મળશે

ભાવપૂર્વક પંડિતે કથા વાંચી સમાપ્તિનો દિવસ આવ્યો રાજાએ પોથી પર ફક્ત એક રૂપિયો જ મૂક્યો પંડિત તે લઇ ચાલતો થયો મહિના દિવસના સીધાના પાંચ રૂપિયા વાણીયાના લેણા થયા હતા તેને એક રૂપિયો આપી દીધો ને કહ્યું કે-આ પોથી ચાર રૂપિયામાં રાખો, જ્યારે ચાર રૂપિયા આપું ત્યારે મને પાછી આપજે વાણીયે પોથી રાખી લીધી ને સીધુ મોકલી આપવા કહ્યું પંડિત તો પોતાના ઉતારે આવી ગયો

એક રૂપિયો આપ્યા પછી રાજાને પસ્તાવો થયો તેને થયું કે-બ્રાહ્મણનું દિલ દુભાયું તે ઠીક નહીં તેણે એક કોળામાં સોનામહોરો ભરી, તે બંધ કરી એક ભિક્ષુકને આપ્યું

વાણીયાએ નોકરને સીધુ આપ્યું અને શાક લેવા માટે બે પૈસા રોકડા આપ્યા નોકર સીધું લઈને આવતો હતો તેવામા કોળાવાળો ભિક્ષુક મળ્યો શાક તરીકે તે કોળુ લઈ લીધુ નોકર કે ભિક્ષુક બંનેમાથી કોઇને પણ ખબર નથી કે કોળામાં શું ભર્યું છે ? નોકરે સીધુ ને કોળુ પંડિતજીને આપી ચાલતી પકડી

પંડિતજીએ રસોઈ બનાવી કોળુ સુધારતા તેમાથી સોના મહોરો નીકળી પડી પંડિતજીએ પરમાત્માનો પાડ માન્યો સાંજે ફરવા જતા રસ્તામાં રાજા મળ્યા રાજાએ પંડિતજીને ઓળખી લીધા પંડિતજીને ખુશ-ખુશાલ જોઈ રાજાએ હકીકત પૂછી પંડિતજીએ અથથી ઇતિ સુધી હકીકત જણાવી દીધી

ભાગ્યમાં હોય તો વિના પરિશ્રમે પણ લાભ થાય છે

× ×

એક કઠિયારો ઘણો જ ગરીબ હતો જંગલમા જઈ, લાકડા કાપી લાવી વેચે ત્યારે માડ એક ટંક ખાવા પૂરતુ મળે એક દિવસ દેવ-દેવી જંગલ પરથી પસાર થઈ રહ્યા હતા તેવામા રંક કઠિયારાને જોઈ દયા આવી દેવીએ દેવને તેને સુખી કરવા કહ્યુ દેવે કહ્યુ-તેના નસીબમા જ દુ ખ લખાયેલુ છે દેવીએ ફરી આગ્રહ કર્યો એટલે દેવે જે બાજુએ કઠિયારો પસાર થવાનો હતો તે બાજુ પોતાનો હાર ફેંક્યો ભાગ્યવશ કઠિયારાને તેની નજીક જતા એવો વિચાર આવ્યો કે-આંધળા કેમ ચાલતા હશે? તેની ખાત્રી માટે તેણે પણ આખ મીંચી ચાલવા માડ્યુ અને તે હાર તેની નજરે ન ચડ્યો દેવે દેવીને કહ્યુ-જોયુ તેના નસીબની બલિહારી

છતા દેવીએ તેને સુખી કરવાનો પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો એટલે દેવે તેને ચિંતામણિ આપ્યો ચિંતામણિ મળે એટલે તો પૂછવુ જ શુ? કઠિયારો જે વિચારે તે થઈ જાય થોડી વારમા એક સુદર બંગલો થઈ ગયો, હિંડોળા ખાટે જઈને સૂતો વળી વિચાર આવ્યો કે-ખૂબ થાક લાગ્યો છે કોઈ પગ દાબે તો સારુ ત્યા તો અપ્સરા હાજર થઈ પગ દાબવા લાગી

દેવીએ કહ્યુ હવે તમે એને ખરેખર સુખી કર્યો દેવે કહ્યુ-તેના નસીબની હકીકત તો જો

તેવામા એક કાગડો ત્યા આવી "કા-કા કા" કરવા લાગ્યો કાગડાના કર્કશ અવાજથી કઠિયારાના આનંદમા ભગ પડવા લાગ્યો એટલે તેને ઉડાડવા વારવાર પ્રયાસ કર્યા, પણ કાગડાએ તેને પજવવા માડ્યો એટલે છેવટે કંટાળીને તેણે હાથમા રહેલા ચિંતામણિનો ઘા કર્યો

ચિંતામણિ જતા જ બધી લીલા સંકેલાઈ ગઈ કઠિયારાભાઈ હતા તેવા ને તેવા જ પોતાની નગરી પાસે આવી ઊભા

ભાગ્યમા ન હોય તો કઠિયારાની માફક સાંપડેલુ પણ એળે ચાલ્યુ જાય

•

૧૩ વૈભવમા પણ વિનય-નમ્રતા રાખવી

"સુખનુ સાધન ધર્મ છે" એમ વિચારી સુખી અવસ્થામા પણ વિશેષ પ્રકારે ધર્માચરણ કરવુ ભોગ-વિલાસો અને રંગ-રાગમા અમૂલ્ય માનવજીવન વેડફી ન નાખવુ પુણ્યાનુસારે સંપત્તિ પ્રાપ્ત થાય છે એટલે અભિમાનને વશ બની ઉદ્ધતાઈ કદી પણ ન કરવી જેમ જેમ વૈભવ-વિલાસ વધતો જાય તેમ તેમ વિશેષ ને વિશેષ પ્રકારે વિનયશીલ બનવુ એ જ ખરેખર શોભારૂપ છે આ સબધમા આમ્રવૃક્ષ(આબા)નુ ઉદાહરણ યથાર્થ જ છે જેમ જેમ આબો કેરીથી વ્યાપ્ત બનતો હોય છે તેમ તેમ તે નીચે નમે છે તેમ મનુષ્યે પણ પોતાની સારી સ્થિતિમા હમેશા લઘુ-વિનયી બનવુ જોઈએ

× ×

શ્રેણિક રાજાને સુદર ઉપવન હતુ ને પ્રકારના ફળ ને ફૂલો તેમા થતા વળી બારે માસ ફળે તેવા આબાઓ પણ હતા આ ઉપવન પર સખ્ત ચોકી-પહેરો પણ રહેતો એક ભગડી હમેશા આ વાડી સાફસૂફ કરવા આવતી તે સગર્ભા હતી એકદા તેને કેરી ખાવાનો દોહદ ઉત્પન્ન થયો રાજાના બગીચા સિવાય કોઈ પણ સ્થળે કેરી મળે તેમ ન હતુ અને રાજાના આબાની કેરી લઈ શકાય તેમ ન હતુ તેણે પોતાના પતિને આ હકીકત જણાવી ભગીએ કહ્યુ કે-રાજાને ખબર પડે તો મોત જ આવે, છતા ભગડીએ ઘણો આગ્રહ કર્યો ભગીને "અવનામિની" એટલે નીચે નમાવવાની અને "ઉત્પાતિની" ઊચે ચઢાવવાની એમ બને વિદ્યા આવડતી હતી રાત્રિના સમયે બગીચા બહાર ઊભા રહીને વિદ્યાવડે કેરીઓ ગ્રહણ કરી પોતાની સ્ત્રીનો દોહદ પૂરો કરવા લાગ્યો. પાચ-સાત દિવસ વ્યતીત થયા ત્યા રાજાને ખબર પડી કે-કેરીઓ ચોરાય છે સખ્ત બદોબસ્ત હોવાથી કોઈ ઉપવનની

અંદર પ્રવેશી શકે તેમ નહોતુ ચોરને પકડવો કેવી રીતે? મહા બુદ્ધિનિધાન મંત્રીશ્વર અભયકુમારે ભંગીને યુક્તિથી પકડી પાડ્યો તેની પાસેથી સર્વ હકીકત જાણી લઈ રાજા પાસે હાજર કર્યો રાજાએ દેહાન્તદંડની શિક્ષા કરી અભયકુમારે શ્રેણિક રાજવીને જણાવ્યુ–મહારાજ, પહેલા તેની પાસે જે વિદ્યાઓ છે તે આપ શિખી લ્યો, પછી ફાંસીની સજાનો અમલ કરો રાજાને તે વાત ઠીક લાગી તેણે ભંગી પાસે વિદ્યા શિખવી શરૂ કરી, પણ અક્ષરમાત્ર યાદ ન રહે એટલે અભયકુમારે કહ્યુ–રાજન્! આપ સિંહાસન પર બેઠા છો અને ભંગી ઊભો છે, તેવી સ્થિતિમા વિદ્યા ન આવડે આપે વિનય દર્શાવવો જોઈએ તેને સિંહાસને બેસાડો અને આપ તેની પાસે ઊભા રહો તો જ વિદ્યા સાધ્ય થશે તે પ્રમાણે કરતા જ રાજાને બન્ને વિદ્યા આવડી ગઈ તરત જ તેને ફાંસીએ ચઢાવવાનો હુકમ કર્યો એટલે વચ્ચે અભયકુમારે કહ્યુ–રાજન્! ભંગી તો આપનો વિદ્યાગુરુ થયો છે, તેને હવે શિક્ષા ન હોય ગુરુદક્ષિણા આપો કહેવાની મતલબ એ છે કે–સત્તાના સિંહાસને જ્યા સુધી શ્રેણિક રાજવી બેઠા હતા ત્યાં સુધી વિદ્યાનો એક અક્ષર પણ ન આવડ્યો, પણ વિનય દર્શાવા પોતે નીચે ઉતર્યા અને ભંગી પરત્વે પૂજ્યબુદ્ધિ દર્શાવી કે શીઘ્ર વિદ્યાપ્રાપ્તિ થઈ

વિનય એ જ ખરેખર વશીકરણ સમાન છે



૧૪ ઠેતરપીંડી ન કરવી–પ્રામાણિકપણુ ન ચૂકવુ

સામાને છેતરવા માટે તેની પારાવાર ખુશામત કરવી પડે છે ખરેખર રીતે તો સામાને છેતરવા જતા પોતે જ ઠગાય છે, પણ આ હકીકતનુ પરિણામે ભાન થાય છે ઠગબાજી ઉઘાડી પડી જતા આબરુ જાય છે અને કોઈ પણ વિશ્વાસ કરતુ નથી અપ્રામાણિક માણસ કૂડ-કપટ કરી લાખ્ખો રૂપિયા ભેગા કરે છે છતા તેની

તૃષ્ણા સતોષાની નથી જ્યારે પ્રામાણિક માણુસ ખપજો
કરી સતોષ માને છે પહેલો ગૃહસ્થ કદાચ સોનાની
જમતો હશે તો બીજાને પીત્તળના થાળમા તો ભોજન
બને જણા ખાય છે તો ખરા પણ પહેલાને જ જાળને
પાર નથી, જ્યારે બીજો મસ્તી અનુભવે છે ખરેખર રી
સાચુ સુખ બીજો જ ભોગવી શકે છે

પ્રામાણિકતા એ વહેતી નદી જેવી છે એક વખ
આબરૂ બધાઈ ગઈ એટલે હમેશને માટે ધ
ચા યા જ કરે છે અગ્રેજીમા કહેવત છે ક–Honesty
best policy પ્રામાણિકતાથી શરૂઆતમા થોડુ સહ
પ્રસગ આવશે, પરતુ પરિણામે તેમા સફળતા જ છે

× ×

એક ગરીબ માણસે પોતાના દિકરાને ધધા માટે
વાણિયાની દુકાને મૂક્યો વાણિયાને કાપડની ચાલી–
દુકાન હતી થોડા દિવસ બાદ એક સ્ત્રી તેની દુકાને
આવી વાણિયાએ કાપડ બતાવ્યુ અને છેવટે તે સ્
પસદ કરી, તેના પૈસા પણ આપી દીધા તેવામા પે
તે સ્ત્રીને કુ બહેન, લાવો તો તમારી સાડી જોઈ
કાણુ છે તે બતાવો દઉ અને તેણે એક સાડી બ

વાણિયો તો જોઈ જ રહ્યો તે વખતે તે કઈ પ
પણ છોકરો સાજે ઘરે ગયો ત્યારે તેને એક ચીઠ્ઠી
તે તેના બાપને આપવા કહ્યુ ચીઠ્ઠીમા લખ્યુ હ
ગીરો સારો છે, પ્રમાણિક પણ છે, ભણેલો પણ છે,
જમાતો નથી બાપે ચીઠ્ઠી વાચી છોકરાને તેનુ
દિકરે બની હતી તે બધી હકીકત કહી સમજાવી

ગરીબ પિતાની આખમા હર્ષના આસુ આવ્યા તેણે કહ્યુ બેટા! સારુ થયુ આ પ્રામાણિકતા જ આપણી સાચી મૂડી છે અને તે જ સાચુ ભણતર છે

પછી તે છોકરાએ જુદી નાનકડી દુકાન કરી અને તેના પ્રામાણિકતાને કારણે તેનો રોજગાર જામી પડ્યો



૧૫ વડીલની આજ્ઞા ન લોપવી

આપણાથી વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ કે ગુણવૃદ્ધ પુરુષની આજ્ઞાનુ કદી પણ ઉલ્લઘન ન કરવુ આજકાલ નૂતન શિક્ષિત વિદ્યાર્થીઓ ખુદ પોતાના માતા-પિતાની કે અધ્યાપકની આજ્ઞાનુ છડેચોક અપમાન કરે છે, પણ તેના રહસ્યાર્થને વિચારતા નથી, જેથી પરિણામે પસ્તાવાનો પાર રહેતો નથી સુજ્ઞ જને પોતાને કહેવામા આવતી હકીકતમા કઈક પણ ભાવ છુપાયો છે તેનો જ વિચાર કરવો અને તે પ્રમાણે અમલ કરવા ઉદ્યત થવુ સસ્કૃતમા એક કહેવત છે કે—आज्ञा गुरूणां ह्यविचारणीया ।

× ×

એક શ્રીમત શેઠને એકનો એક પુત્ર હતો ખૂબ મોઢે ચઢાવેલો દુર્જનોની સોબતથી તે એક પણ બાબતમા અધૂરો ન હતો જુગારી, મિષ્ટાન્ન ભોગી અને વેશ્યાગામી પણ હતો શેઠનો અત કાળ નજીક આવ્યો એટલે પુત્રને બોલાવી વ્યસનો તજી દેવા ઘણુ સમજાવ્યો, છતા પુત્રે તેના પિતાને સતોષ ન આપ્યો છેવટે તેને ચાર પ્રતિજ્ઞાઓ લેવડાવી કે (૧) જુગાર રમવાનુ મન થાય ત્યારે જુગારીના ઘરે જમવાના સમયે જવુ (૨) મીઠાઈ ખાવાનુ મન થાય ત્યારે બપોરે કદોઈની દુકાને જવુ (૩) વેશ્યા[illegible] મન થાય ત્યારે સવારે જવુ

હલકા સિપાઇ વિગેરેની સાથે કામ પાડ્યા પછી જ સંગત કરવી બાદ શેઠ મૃત્યુ પામ્યા

થોડા દિવસ વીત્યા પછી પુત્ર જુગાર રમવાની ઈચ્છાથી જુગારીને ઘરે ગયો તેના ઘર જતા કઢંગી સ્થિતિ જોઈ અન્ન માટે ધણી-ધણીઆણી કલહ-કકાસ કરતા હતા, છોકરાઓ રડતા હતાં અને ઘરમા કઇ પણ ઠેકાણું ન હતુ

ત્યાથી તે કંદોઈની દુકાને ગયો મગગતી ચૂલ પાસે કંદોઇ બેઠો હતો પસીનાના ટીપા મીઠાઈમા પડતા હતા અને કંદોઈના કપડા ઘાચી જેવા હતા આ દશ્ય જોતા જ તેને ઊલટી થવા માંડી કંદોઈના વાસણો જોતા તેને સૂગ ઉપજી

બીજે દિવસે સવારે વેશ્યાને ત્યા ગયો તો વેશ્યા વાઘરણ જેવી દેખાણી વેશનુ ઠેકાણુ નહોતુ વાળ પણ લઘર-વઘર હવામા ચારેકોર ઊડતા હતા મોઢુ જોયું તો તદ્દન કદરૂપુ આ દશ્ય જોઇ તે ત્યાથી તરત જ નાશી છૂટ્યો

એક વખત પોતે ભોજન કરતો હતો તેવામા ઓળખીતો સીપાઇ કોર્ટના સમન્સ લઇને આ યો તેણે કહ્યુ કે-ભોજન કરીને આવુ છુ, પણ સીપાઇ હલકી જાત તેણે તો તેને બાવડે પકડીને અધવચ્ચેથી જ ઊભો કર્યો અને કોર્ટમા લઇ ગયો જૂની ઓળખાણ નેવે મૂકી દીધી

પુત્રને હવે બરાબર ખબર પડી કે પિતાએ મરતી વખતે આપેલ ચારે શિખામણમા કેટલુ રહસ્ય ભર્યુ હતુ



૧૬. કુળની મર્યાદા ન લોપવી

પોતાના ઉચ્ચ કુલને શોભે તેવી રીતે વ્યવહારમા વર્તન કરવુ શરમ-નમ્રતા-લજ્જાનો કદી પણ ત્યાગ ન કરવો આજકાલ

પહેરવા, ઓઢવામા, બોલવા-ચાલવામા એટલી બધી ઉચ્છૃ ખલતા ને ઉદ્ધતાઇ વધી ગઈ છે કે પોતાનુ કુળ કેવુ છે? કઈ નાતિમા પોતે જ રચ્યો છે? તેનો વિચાર જ નથી રહેતો તેવી જ રીતે દેખાદેખીથી ખાવામા ભક્ષ્ય-અભક્ષ્યનો પણ વિવેક જળવાતો નથી કુળને કલ ક ન લાગે તેવી રીતે ડહાપણપૂર્વક બોલવુ, ચાલવુ ને વર્તવુ.

જરાક છૂટ લેવાનુ મન થયુ એટલે છિદ્ર પડયુ એક છિદ્ર પડતા વાગવાર છિદ્રો પડવાનો સ ભવ રહે છે આમા શુ? એમ વધતા વધતા ફજેત થવાના પ્રસ ગો પ્રાપ્ત થાય છે, માટે સુજ્ઞ પુરુષે કે સ્ત્રીએ પોતાના કુળાચાર મુજબ વર્તવુ

× ×

એક ખાખી બાવાને ધીમે ધીમે ધનનો મોહ લાગ્યો બાવા ને ધન ત વાતનો મેળ ન મળે, કારણ કે તેનો કુળાચાર એવો કે માગી-ભીખીને ખાવુ ને ઈશ્વરનુ ભજન કરવુ માયાનો મોહ લાગતા તેણે પોતાના કુળાચારનો ત્યાગ કર્યો અને ધીમે ધીમે સો ગીની ભેગી કરી હવે તેને રાખવી ક્યા? પેટી-પટારામા રખાય નહીં કે કોઈની દુકાને થાપણ તરીકે મૂકાય નહીં, કારણ કે તેથી તો તેની ફજેતી ને નિંદા બન્ને થાય બાવાજીએ જટાને ખૂબ લાબી કરી અને તેની વચ્ચે મચવાઇ રહે તેમ સો ગીની મૂકી

સ્નાન-પૂજન કરતી વખતે પણ તે એની સભાળ રાખતો અને વદન પણ એવી રીતે કરતા કે ગીનીઓ જટામાથી સરકી ન પડે એક ચતુર વાણીયો આ રીતભાત જોઇ ગયો એક વાર સતાઈને તેણે એ ગીનીઓ જોઇ લીધી બીજે દિવસે તે ખુબ આગ્રહ કરી, આમ ત્રણ આપી બાવાને પોતાના ઘરે જમવા તેડી લાવ્યો સારુ સારુ ભોજન કરાવી, બાવાજીને પલ ગ પર સુવાડ્યો હવે વાણીયે પોતાનુ કપટ-નાટક શરૂ કર્યું

સ્ત્રીને શિખવી રાખ્યા પ્રમાણે વાણિયાએ બહારથી આવી બૂમ પાડી-પેલી સો ગીનીઓ લાવ 'લાવી આપુ છુ' કહી સ્ત્રી ઘરમા જઇ આવી અને કહ્યુ કે-અહીં ગીની નથી વાણીયાએ કહ્યુ-હમણા જ ગણીને ઘરમા મૂકી છે, જાય કયા?

વાણિયાએ ધમાધમ કરી મૂકી માણસો ભેગા થઈ ગયા વાણિયાએ કહ્યુ-હમણા જ ગણીને મે ઘરમા મૂકી છે, જાય કયા? અને તેણે તો દેખાવની ખાતર લોકોની દેખતા જ સ્ત્રીને મારવા માડી લોકો વચ્ચે પડ્યા અને સ્ત્રીને આખા ઘરમા ફરી તપાસ કરવા કહ્યુ બધુ તપાસ્યુ પણ ગીની મૂકી હોય તો નીકળે ને?

આ ધમાધમથી બાવાજી જાગી ગયા લોકોને ભેગા થયેલા જોઇ આશ્ચર્ય પામ્યા વાત જાણી વાણીયાને કહ્યુ કે-દેખો અમારુ કમડલ તથા લગોટી હવે તેની સ્ત્રીએ બરાબર પાઠ ભજવ્યો તેણે તાડૂકીને બાવાજીને કહ્યુ-કમડલ ને લગોટી શુ જોવે? તમારી જટા પણ જોવી પડશે સો ગીની જાય કયા?

જટાની વાત આવતા બાવાજી ગભરાયા પોતાની પોલ ખુલી થઇ જશે અને આટલા બધા માણસો વચ્ચે ફજેતી થશે તેવા બિકથી તે કંઇક ધ્રૂજવા પણ લાગ્યા તેણે કહ્યુ કે-જુઓ અમારી જટા છ માસથી બાધેલી છે, તે કોઈ પણ તીર્થના દર્શન કર્યા પછી જ છોડી શકાય

લોકોને હવે બાવાજી પર વહેમ આવ્યો તેમણે કહ્યુ કે-બાવાજી, વાણિયાની શકા નીકળી જાય જટા છોડીને બતાવી દ્યોને એટલે પત્યુ બાવાજી તો કાપીએ તો લોહી પણ ન નીકળે તેવા ફિક્કાફસ થઇ ગયા લોકોનો વહેમ હવે મજબૂત બની ગયો અને ચાર-પાચ મજબૂત માણસોએ જોરથી બાવાજીની જટા છોડી તો સો ગીનીનો ઢગલો થઈ ગયો લોકોએ કહ્યુ-વાહ સાધુ-બાવા વાહ! બાવાજી લાચાર થઈને ચાલ્યા ગયા

ખાણી ભાવાની ફરજેતી ફક્ત આચારવિરુદ્ધ વર્તન કરવાથી
ઈ સો ગીની રાખવાથી પોતાની અમૂલ્ય આબરુ પણ ગુમાવી

× ×

એક સન્યાસી ખૂબ તપશ્ચર્યા કરતા પર્વતની ગુફામા જ
ાન ધરીને રહેતા એક વખત તે નજીકના શહેરમા આવ્યા પણ
મ ઋતુ હોવાથી તેના પ્રગંડ તાપથી ખૂબ અકળાઇ ગયા
તા પર કોઇ ઝાડ ન જોતા એક ખેતરમા વૃક્ષો જોઈ ત્યા
શ્રાન્તિ લેવા બેઠા

તે ખેતરની બાજુમા જ ચીભડાનો વાડો હતો તેના રખે
ાને થયુ કે-બપોરે બાજુના ખેતરમા ઝાડ નીચે કોઇ
ક છે તો તેની દાનત મારા ચીભડા ચોરી જવાની જ હશે,
ર્નાર આવા સખ્ત તાપમા ખેતરમા કોણ આવે ? તેણે ધીમે
મે આવી, કઇ પણ પૂછયા વિના જ સન્યાસીના માથા પર
.વી લાકડી ફટકારી

સન્યાસીએ તે રખેવાળને કઇ પણ ન કહ્યુ ફક્ત પોતાના
નને ઠપકો આપ્યો કે-જો તુ સીધે રસ્તે ચાલ્યો ગયો હોત
ા માર ન ખાવો પડત પડતર જમીન કે કોઈ ઝાળા-ઝાખરા
ચે વિસામો લીધા હત તો રખેવાળ આવી ભૂલ ન કરત આડે
ને ચાલવાથી જ માનવીને નુકશાન થાય છે

નાન્ય પન્થા વિદ્યતેઽયનાય । જવા માટે એક જ રાજમાર્ગ છે,
રસ્તે આપણા પૂજ્ય પુરુષો ગયા છે કે જવા માટે દિશા
સન કરી ગયા છે તે જ રસ્તે જઇ કુલ-મર્યાદા ને આચરણનુ
ક્ષણ કરવુ

•

નદી, પર્વત, વૃક્ષો જેવી અચેતન વસ્તુઓ પણ પોતાનો ભોગ આપી બીજાની સેવાર્થે પોતાનું સર્વસ્વ અર્પણ કરે છે, અર્થાત્ પરોપકાર કરી કૃતકૃત્ય બને છે તો ચેતન ને જ્ઞાનવાન મનુષ્યો તો એ ફરજ બને છે કે—તેણે કદી પણ ઉપકાર ન ભૂલવો જોઈએ

પોતાની ઉપર ઉપકાર ન કર્યો હોય છતાં સામા માણસ ઉપર ઉપકાર કરે તે ઉત્તમ મનુષ્ય જાણવો પોતાના પર કરેલા ઉપકારનો બદલો પ્રત્યુપકારથી વાળે તે મધ્યમ માનવી જાણવો પરન્તુ પોતા પર કરેલા ઉપકારનો બદલો અપકારથી વાળનો તે તો અધમ માણસની કોટીમાં ગણી શકાય



૧૯ સમકિત–પ્રાપ્તિના ત્રણ અંગ

(૧) શુદ્ધ દેવની સેવા કે વી–રાગ દ્વેષ અને મહાદોષથી રહિત નિર્દોષ, નિષ્કલંક, સર્વજ્ઞ, સર્વદર્શી વીતરાગ પરમાત્માની જ પર્યુપાસના–સેવા કરવી, અને યથાશક્તિ તેમનું જ શરણુ કરવું

કાષ્ઠનું નાવ પોતે તરે છે અને નાવમાં બેઠેલા બીજાને પણ તારે છે, પણ પત્થરનું નાવ પોતે બૂડે છે અને સાથોસાથ પોતાનો આશ્રય લીધેલ પ્રાણીઓને પણ બૂડાડે છે તેની માફક જે રાગ દ્વેષ અને કામાભિલાષથી રહિત છે તેવા દેવો પોતે તરે છે અને મોહ–માયાગ્રસ્ત પ્રાણીને પણ તારી શકે છે પણ રાગ, દ્વેષ અને ક્રૂર સ્વભાવવાળા પત્થરના નાવ સરખા અન્ય મિથ્યાત્વી દેવો અન્યને તારવા કદી સમર્થ થતા નથી જેઓ પોતે લંપટી હોય, ભોગ વિલાસ માણતા હોય, રૌદ્ર સ્વરૂપી હોય તેઓ સમ્યક્ તરણોપાય કઈ રીતે દર્શાવી શકે ?

ઈશ્વર, પરમેશ્વર કે ભગવાન ગમે તે નામથી દેવને ઓળખવામાં આવે તેમાં કંઈ મહત્ત્વ નથી, કારણ કે નામ તો એક

પ્રકારની સંજ્ઞા છે પરન્તુ મહત્ત્વની હકીકત તો એ જ છે કે-તેઓનું સ્વરૂપ યથાર્થ આદર્શ અને યથાર્થ હોવું જોઇએ જો આદર્શ દેવનું સ્મરણ, પૂજન કે આરાધન ન કરવામાં આવે તો તે સ્મરણ, પૂજન કે આરાધન બકરીના ગળે લટકતા આચળની માફક નિષ્ફળ છે

જ્યારે આપણે સુવર્ણ ખરીદીએ છીએ ત્યારે પૂરેપૂરો કસ મૂકાવી ખાત્રી કરીએ છીએ, હીરા કે મોતી લઇએ છીએ ત્યારે બારીકાઈથી પરીક્ષા કરીએ છીએ, ઉત્તમ વસ્ત્રો વેચાણ લઇએ છીએ ત્યારે તેનું પોત, મુલાયમતા અને ટકાઉપણું વિગેરેનો વિચાર કરીએ છીએ પરંતુ જે પરમાત્માના અવલંબનથી ભવનો નિસ્તાર પામી શકાય છે તેવી અતિ મહત્ત્વની બાબત તરફ આપણે તદ્દન ઉપેક્ષા જ રાખીએ છીએ

તેથી જ બાળજીવોના બોધને માટે દીવાદાંડી સરખા શ્રિ શ્ર મહર્ષિઓએ અને શિષ્ટ પુરુષોએ ફરમાવ્યું છે કે –

> सर्वज्ञो जितरागादि–दोषस्त्रैलोक्यपूजित ।
> यथास्थितार्थवादी च, देवोऽर्हन् परमेश्वर ॥

સર્વજ્ઞ, રાગાદિ દોષોને જીતનાર, ત્રલોક્યપૂજિત, સત્ય તત્ત્વના જ પ્રકાશક-પ્રરૂપક એવા અરિહંત પરમાત્મા જ ખરેખર પરમદેવ છે

(૨) સુગુરુની સેના-એકડો ઘૂંટતા શિખવું હોય, વ્યાપારમાં નિષ્ણાત થવું હોય, ડૉક્ટર કે વકીલની ડીગ્રી મેળવવી હોય પણ અધ્યાપકના અવલંબન વિના સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત થઇ શકતું નથી ફક્ત પુસ્તક વાંચી જવાથી બોધ પ્રાપ્ત થતો નથી કે તથાપ્રકારના નિષ્ણાત બની શકાતું નથી તેવી જ રીતે ફક્ત ધાર્મિક પુસ્તકો વાંચી જવાથી ધર્મનું સાચું સ્વરૂપ સમજી શકાતું નથી

૨૦ ક્ષુદ્રતા તજવી

હલકી મનોવૃત્તિ કે નીચ બુદ્ધિનો ત્યાગ કરવો, અને ક્ષુદ્ર નિમ ગ ાણી ગભીર સ્વભાવવાળા બનવુ પારકી નિંદા કરવી નહિ તેમજ પારકા છિદ્રો જોવા નહીં પોતાનું તેમજ પારકાનું કલ્યાણ કેમ થાય તેવો જ પ્રયત્ન સાચા દિલથી કરવો

•

૨૧ પરલોકનો ભય રાખવો

હીન કર્મ કે દુષ્કૃત્ય કરવાથી પરભવમા તિર્યંચ કે નરકના કારમા દુખો સહન કરવા પડશે, તેનો વિચાર કરી પ્રથમથી જ એવુ વર્તન ને આચરણ રાખવુ કે જેથી આ ભવ ને પરભવ બન્ને સુધરી શકે નાસ્તિક ગણાતી પ્રજા પણ હવે પરલોક, પરભવ ને કર્મની સત્તા સ્વીકારવા લાગી છે તો આપણે આર્યાવર્ત મા જન્મેલા લોકોએ તો સમજી-વિચારીને જ કોઈ પણ પ્રકારનુ દુષ્કર્મ કે દુરાચાર ન જ કરવો જોઈએ

•

૨૨ માર્ગાનુમાર્ગીપણુ યાને નીતિમય જીવન

આજકાલ કેટલાય લોકો બૂમ પાડે છે કે-લોકોમાથી નીતિનુ તત્ત્વ ઘટતુ જાય છે જ્યા જોઈએ ત્યા અન્યાય, અનીતિ, વિશ્વાસ ઘાત લાચરુશ્વત, દગો, કપટ, ભેળસેળ વિગેરે નજરે પડે છે કેટલાક લોકો પોતાની છટકબારી માટે "સજોગો"નો દોષ કાઢી બચી જવા માગે છે, પણ જૈન ધર્મના "કર્મના સિદ્ધાત" પ્રમાણે તેવો બચાવ વ્યાજબી ઠરતો નથી

જૈન સિદ્ધાન્તકારોએ "નીતિમય જીવન" ઉપર ભાર આપ્યો છે સમસ્ત માનવ જીવન પર ઊંડો દષ્ટિપાત કરી માનવ જીવનનુ પૃથક્કરણ કરી જીવનને પણ નીતિમય બનાવવા માટે પાત્રીસ

(૧) ન્યાયથી દ્રવ્ય મેળવવુ–માલિકનો દ્રોહ કરવો, મિત્રોને ઠગવા, વિશ્વાસુ માણસને છેતરવા, કોઇ ને કોઇ પણ પ્રકારે ચોરી કરવી, લાચ લેવી, ભેળસેળ કરવી, એકને બદલે બીજી વસ્તુઓ આપવી, ભાગીદારીમા ગોટાળો કરવો, ધર્મ નિમિત્તે પૈસા કઢાવી પોતાના અંગત ઉપયોગમા લેવા, ખોટી સાક્ષી પૂરવી, ખોટી સલાહ આપવી, દાણચોરી કરવી, વિગેરે અન્યાયના અનેક પ્રકારનો ત્યાગ કરવો વિશ્વાસઘાત દગો કે પ્રપચથી અવિશ્વાસ ઉત્પન્ન થાય છે અને એક વાર અવિશ્વાસ ઉત્પન્ન થયો કે એક વખતના જામી ગયેલા વેપાર–ધધા–રોજગાર પણ તૂટી જાય છે, તે તો આપણા સર્વના અનુભવની હકીકત છે

અનીતિથી મળેલા દ્રવ્ય માટે આપણામા જુદી જુદી કહેવતો પ્રચલિત છે કે–"ચોરીનુ ચડાળે જાય, પાપી હાથ ઘસતો થાય" "દૂધના દૂધમા અને પાણીના પાણીમા" "દગો કોઇનો સગો નહિ" "લૂણી ઘરોને તાણી જાય" આનો રહસ્યાર્થ એ છે કે અનીતિ–અન્યાયનુ દ્રવ્ય કદી ટકી શકતુ નથી

"ધર્મબિંદુ" નામક ગ્રથમા કહેવામા આવ્યુ છે કે–કુલ પરપરાથી ઊતરી આવેલો અને નિદા વગરનો વ્યાપાર કરવો આનો ફલિતાર્થ એ છે કે–પોતે બાપ દાદાના ધધામા ટેવાઇ ગયેલ હોવાથી વિશેષ ફાફા મારવા પડતા નથી અને તેવો ધધો જલ્દી હાથ બેસી જાય છે, પણ આધુનિક યુગમા એવો "મેનીયા" (માનસિક રોગ) લાગુ પડી ગયો છે કે–"બાપદાદાના કૂવામા કઈ બૂડી મરાય ?" એટલે કુભારના છોકરાને આજે માસ્તર થવુ ગમે છે, ખેડૂતના દીકરાને અમલદાર થવુ પસદ પડે છે દરજીના દીકરાને ડૉક્ટર થવાની આકાક્ષા રહે છે, લુહારના દીકરાને વ્યાપારી થવુ ગમે છે એટલે તેનુ પરિણામ એ આવ્યુ છે કે પોતાના વારસગત વેપારને બદલો બીજા બીજા વેપારની શોધમ

કરણથી "ધધાનુ મોડલ" તૂટી ગયુ અને અવ્યવસ્થા ઊભી ર્ઈ, બેકારીનો જન્મ થયો અને સમાજરચના હાલક-ડોલક થઈ ાં પરિણામે લોકોને યેનકેન પ્રકારેણ દ્રવ્યોપાર્જન માટે અનીતિ-અન્યાયનો આશ્રય લેવો પડે છે, જેનુ પરિણામ છેવટ તો નાશક જ નીવડે છે

થાય કે અન્યાયનુ દ્રવ્ય ઘરમા આવતા જ મનોવૃત્તિમા ાાકસ્મિક ફેરફાર થાય છે અન્યાયનુ દ્રવ્ય મળતા જ નાટક, સિનેમા જોવાની, ભોગ-વિલાસો માણવા ની ઇચ્છા થાય છે અથવા ો વૈદ્ય-ડૉક્ટર ના બીલ ભરવા પડે તેવી બીમારી આવી પડે છે યાય અને અન્યાયના દ્રવ્યની અસર ઉપર એક નાની પણ રમૂજી થા નીચે પ્રમાણે છે

એક રાજા અને તેના ધર્મગુરુ વચ્ચે ન્યાયી અને અન્યાયી ાય સબધી ચર્ચા ચાલી રાજાને તે સબધમા પૂર્ણ ખાત્રી ,ાની ઇચ્છા થઈ પોતાના બે સેવકને બોલાવી એકને રાજ ભડારની એક સોનામહોર આપી અને બીજા સેવકને એક નીતિ ાન ગૃહસ્થના ઘરની સોનામહોર આપી તે બનેને સૂચના કરી કે રાજભડારવાળી સોનામહોર એક તપસ્વી બાવાને આપવી અને, ન્યાયી ગૃહસ્થની સોનામહોર માછીમારને આપવી અને તેનુ શુ પરિણામ આવે છે તે ગુપ્ત રીતે જોઈ રાજાને જાહેર કરવુ

પવિત્ર નદીના કિનારે ધૂણી ધખાવીને, નેત્ર મીચીને ધ્યાનમા બેઠેલા એક યોગીને જોઈ પેલા સેવકે ધીમેથી તેની પાસે જઈ ભડારવાળી સોનામહોર યોગીની દૃષ્ટિ પડે તેવી રીતે મૂકી અને પાસે વૃક્ષની ઓથે સતાઈ ગયો થોડો સમય વ્યતીત થતા આખ ઉઘડતા જ યોગીએ સૂર્યપ્રકાશમા ઝળકાતા મારતી સોનામહોર જોઈ કોઈ દિવસ રૂપિયાનુ પણ દર્શન નહીં કરેલ હોઈ અચાનક સુવર્ણમહોર પ્રાપ્ત થતા યોગીએ વિચાર્યું કે-જરૂર

મારી તપશ્ચર્યાથી શિવજી પ્રસન્ન થયા છે અને તેમણે આ સોના મહોર મને બક્ષીસ કરી છે

સુવર્ણમહોરને સ્પર્શ કરતા જ યોગીના શરીરમા એક હળવો આચકો આવી ગયો, રોમાચ ખડા થઈ ગયા અને હવે આ સુવર્ણ-મહોરનુ શુ કરવુ તેનો વિચાર કરવા લાગ્યો ઘણા વિચાર ને અતે નક્કી કર્યું કે-ઘણા દિવસ તપશ્ચર્યા કરી છે, ફૂલ-ફળ ખાધા છે તો આજ તો આ સુવર્ણ મહોરથી મિષ્ટાન ખાઉં અને વિલાસ માણુ યોગી તરતજ ઊભા થયા, પુન સ્નાન કરી લીધુ પહોચ્યા મીઠાઈવાળાને ત્યા સ્વાદિષ્ટ મીઠાઈ ખાધી અને બચેલા પૈસા લઈને ગયા વેશ્યાને ત્યા યથેચ્છ ભોગ-વિલાસ માણી યોગી પાછા નદી-કિનારે પહોચી ગયા રાજસેવકે ગુપ્ત રીતે આ બધા સમાચાર જાણીને તે હકીકત રાજાને નિવેદન કરી

બીજા સેવકે નદીમાથી માછલા પકડતા એક માછામારને તે સોનામહોર આપી દઈ ચાલતો થયો અને ગુપ્તરીતે તેની ચર્યા તપાસવા માડી પ્રાત કાળમા જ અચાનક સુવર્ણમહોર મળતા જ માછીમાર અજાયબ થઈ ગયો ન્યાયી ગૃહસ્થની તે સોનામહોર હોવાથી તરત જ તેનુ વિચાર-મથન ફરી ગયુ માછીમારને થયુ કે-દિવસ-ભર માછલા પકડુ છુ ત્યારે માડ આજીવિકાનુ પૂરુ થાય છે ત્યારે આજે તો અચાનક જ પદર દિવસની આજીવિકા એક સાથે મળી ગઈ ચાલ, આજે તો પાપનો ધધો છોડી જ દઉં ઘરે આવી સ્ત્રીને વાત કરી સ્ત્રીએ કહ્યુ કે, હવે પદર દિવસ ચાલે તેટલી રોજી મળી ગઈ છે તો હવે આપણે માછલા માર વાનુ બધ કરીએ અને બને પતિ-પત્ની મજૂરી કરી આજીવિકા ચલાવીએ અને તે દિવસથી તે માછીમારે જાળને ઊંચે ચઢાવી દીધી રાજસેવકે તે હકીકત પણ રાજાને જણાવી રાજાને નીતિના દ્રવ્યની ખાત્રી થઈ આવી જ બીજી હકીકત "હેતાક" શ્રેષ્ઠીની

છે તેની સોનાની પાયચેરી તળાવમા નાખી દેવા છતા ફરી-ફરીને છેવટે તેમના જ હાથમા આવી, માટે ક્ષણિક સુખ દેતા અન્યાયથી દ્રવ્યને નાપિ પણ હાથ ન લગાડવો એ માર્ગાનુસારીનુ પ્રથમ પગથિયુ છે

(૨) શિષ્ટાચારની પ્રશસા કરવી-જ્ઞાની, ક્રિયાવાન અને ઉત્તમ આચરણવાળા પુરુષો શિષ્ટ કહેવાય છે તેમના આચરણ-વર્તનની હમેશા પ્રશસા કરવી કારણ કે ગુણવાન પર પ્રેમ રાખનાર ગુણીનુ અનુમોદન કરનાર અને ગુણ ગ્રહણ કરનાર છેવટે ગુણવાન બને છે, માટે જ ગુણી-શિષ્ટ પુરુષની પ્રશસા કરવી

(૩) સરખા કુળ-શીલવાળા અન્ય ગોત્રની સાથે પણ વિવાહ કરવો-સ્ત્રી ભર્તારનો એક સરખો જ ધર્મ હોય તો કદી તકરાર થવાનો સભવ નથી તેમજ એકબીજાને સહાયભૂત નીવડે એક જ ગોત્રમા વિવાહનો નિષેધ છે, કારણ કે તેથી સતતિ અપભ્રષ્ટ અને અશક્ત બને છે સરખા કુલ-શીલનો અર્થ એવો છે કે, સ્ત્રી પૈસાદારની પુત્રી હોય અને પતિ સામાન્ય સ્થિતિનો હોય તો ઝઘડા થવાનો સભવ રહે છે, પતિને કદી માનહાનિ પણ સહેવી પડે તેવી જ રીતે પતિ શ્રીમત હોય અને સ્ત્રી સામાન્ય સ્થિતિની હોય તો પણ ક્લેશ થાય છે, અણબનાવ રહે છે અને તેવા કેસમા કોઇ કોઈ વાર "છૂટાછેડા" જેવો અનિચ્છનીય પ્રસગ પણ બને છે

વેશ અને ભાષાની ભિન્નતા પણ વિવાહસબધમા ન હોવી જોઈએ પતિ કચ્છી હોય અને પત્ની બગાળી હોય, પતિ ગુજરાતી હોય અને પત્ની તેલુગુ બોલતી હોય, પતિ મરાઠી હોય અને પત્ની અગ્રેજી હોય-તેવા કેસોમા વિસવાદ વધી પડે છે કોઇ કોઈ વાર આતરજ્ઞાતિય અને આતરપ્રાતીય લગ્ન થાય છે પણ તેના લાભાલાભ તો સરવાળે જ જાણી શકાય

આપણા પૂર્વજોએ આ બધા પ્રશ્નોનો દીર્ઘદૃષ્ટિથી વિચાર કરીને જ વિવાહના પ્રકારો પાડ્યા છે વિશેષમા એ પણ કહેવામા આવ્યુ છે કે મૂર્ખ, નિર્ધન, દૂર દેશમા રહેનારો, અનેક સાથે વેરવિરોધ કરનાર તેમજ અનેક ભાર્યાવાળો, અતિ શૂરવીર અને કન્યા કરતા ત્રણગણી ઉમરવાળા પતિને કન્યા આપવી યોગ્ય નથી

(૪) સર્વ પ્રકારના પાપથી ડરવુ—પાપના અનેક પ્રકારો પૈકી સાત વ્યસન મહાપાપ છે ૧ જુગાર રમવો, ૨ માસભક્ષણ કરવુ, ૩ દારૂ પીવો, ૪ વેશ્યાગમન કરવુ, ૫ શિકાર કરવો, ૬ ચોરી કરવી અને ૭ પરસ્ત્રીગમન કરવુ—આ સાત મહા વ્યસન છે, દુખદાયી છે અને પરિણામે ૫ ભવમા નારકીના ઘોર દુ ખો સહન કરવા પડે છે

જુગારનો અર્થ માત્ર પાના રમવા એટલો જ નથી પરન્તુ આધુનિક યુગના આક ફરક, તેજી મદી, ઘોડદોડ, સટ્ટો વિગેરેનો તેમા સમાવેશ થાય છે, આવા ધધામા બે ટકા કમાવાનો અને અઠ્ઠાણુ ટકા ગુમાવવાનો જ સભવ રહે છે આવા વ્યસનવાળો ઝડપથી કગાલ બની જાય છે અને તેમ બન્યા પછી ચોરી, ઠગાઇ લૂટફાટ વિગેરે વ્યસનો તેને લાગુ પડે છે, જેને પરિણામે કોઇ કોઇ વાર "જેલના મહેમાન" પણ બનવુ પડે છે સટ્ટાથી પૂરપૂરા પાયમાલ થઈ ગયાના અનેક દાખલાઓ આપણી નજર સામે જ બની રહ્યા છે તેમા વિશેષ પૂરાવાની કોઇ જરૂર નથી

માસભક્ષણથી નિર્દયતા અને ક્રૂરતા આવે છે લોલુપતા પણ વધે છે મદિરા—પાનથી શરીરારોગ્ય બગડી જાય છે પૈસાનુ પાણી થાય છે અને નશાના આવેશમા મા કે બહેન, પિતા કે વડીલની મર્યાદાનુ પણ ભાન હોતુ નથી પરસ્ત્રીગમન કે વેશ્યાગમન, શિકાર કે ચોરી એ પણ પ્રતિષ્ઠાની હાનિ કરે છે, માટે ગૃહસ્થે દરેક "પાપને સાપ" ગણી તેનાથી સો ગાઉ દૂર જ રહેવુ

(૫) પ્રસિદ્ધ દેશાચારનુ પાલન કરવુ–જે પ્રદેશમા વસતા હોઈએ તે દેશમા નિંદાપાત્ર ન થવાય તેવી રીતે વસ્ત્ર, આભૂષણ વિગેરે પહેરવા લૌકિક રિવાજોનો ભગ કરવાથી લોકોની ઇતરાજી વહોરવી પડે છ અને કોઈ કોઇ વખતે મહત્ત્વના કાર્યો પણ માર્યા જાય છે

(૬) કોઈના પણ અવર્ણવાદ (નિંદા) ન બોલવા–વિકાસની ઇચ્છાવાળાએ કદાપિ કોઇનુ પણ વાકુ ન બોલવુ, તેમા ય ખાસ કરીને સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, રાજા, પ્રધાન કે ભડારીના તો અવર્ણવાદ બોલવા જ નહીં હસ જેમ દૂધ પીવે છે અને પાણીને ત્યજી દે છે તેમ સજ્જન પુરુષે હલકી વાત ત્યજી દઈ ગુણ તરફ જ દૃષ્ટિ દોડાવવી કદાચ નિંદા કર્યા સિવાય રહી ન શકાય તો આત્મનિરીક્ષણ કરી પોતાની ભૂલોની નિંદા કરવી નિંદા એ બૂરી ચીજ છે અને તેથી જ શાસ્ત્રકારોએ તેને સોળમુ પાપ સ્થાનક કહ્યુ છે

(૭) યોગ્ય સ્થાનમા ઘર બાધવુ–જે સ્થાન અતિ ખુલુ હોય, અતિ ગુપ્ત હોય કે અયોગ્ય પાડોશવાળુ હોય તે સ્થાન અયોગ્ય ગણાય છે જે સ્થાન ખુલુ હોય, ત્યા ચોરીનો વિશેષ ઉપદ્રવ રહે છે અત્યારના યુગ-પ્રમાણે બધાયેલા પ્લોટોમા અવા નવાર ચોરી થતી સાભળીએ છીએ, કારણ કે તદ્દન નજીક નજીક ઘરો ન હોવાને કારણે ચોરને નાસી જવાની વિશેષ અનુકૂળતા રહે છે વળી કોઈ કોઇ પ્રસગમા તો પડખેના પ્લોટમા ચોરી થઇ ગયાની પણ ખબર રહે છે તેની પણ બાજુના પ્લોટવાળાને ખબર નથી હોતી, તો આફતના સમયે તે મદદ પણ શુ કરી શકે ? વળી અતિ ખુલ્લા મકાનમા રહેવાથી આપણા સ્ત્રીવર્ગની મર્યાદા પણ સચવાતી નથી અતિ ગુપ્ત સ્થાનમા એટલે ખીચોખીચ ઘરોમા રહેવાથી ઘરની શોભા વધી શકતી નથી તેમજ આગ જેવા ઉપદ્રવ પ્રસગે ઘણી જ મુશીબત પડે છે

આપણા પૂર્વજોએ આ બધા પ્રશ્નોનો દીર્ઘદૃષ્ટિથી વિચાર કરીને જ વિવાહના પ્રકારો પાડ્યા છે વિશેષમા એ પણ કહેવામા આવ્યુ છે કે મૂર્ખ, નિર્ધન, દૂર દેશમા રહેનારો, અનેક સાથે વેરવિરોધ કરનાર તેમજ અનેક ભાષાવાળો, અતિ શૂરવીર અને કન્યા કરતા ત્રણગણી ઉમરવાળા પતિને કન્યા આપવી યોગ્ય નથી

(૪) સર્વ પ્રકાર ના પાપથી ડરવુ–પાપના અનેક પ્રકારો પકી સાત વ્યસન મહાપાપ છે ૧ જુગાર રમવો, ૨ માસભક્ષણ કરવુ, ૩ દારૂ પીવો, ૪ વેશ્યાગમન કરવુ, ૫ શિકાર કરવો, ૬ ચોરી કરવી અને ૭ પરસ્ત્રીગમન કરવુ–આ સાત મહા વ્યસન છે, દુખદાયી છે અને પરિણામે પરભવમા નારકીના ઘોર દુખો સહન કરવા પડે છે

જુગારનો અર્થ માત્ર પાના રમવા એટલો જ નથી, પરન્તુ આધુનિક યુગના આંક ફરક, તેજી મદી, ઘોડદોડ, સટ્ટો વિગેરેનો તેમા સમાવેશ થાય છે આવા ધધામા બે ટકા કમાવાનો અને સહુણુ ટકા ગુમાવવાનો જ સભવ રહે છે આવા વ્યસનવાળો ઝડપથી કગાળ બની જાય છે–અને તેમ બન્યા પછી ચોરી, ઠગાઈ લૂટફાટ વિગેરે વ્યસનો તેને લાગુ પડે છે, જેને પરિણામે કોઈ કોઈ વાર "જેલના મહેમાન" પણ બનવુ પડે છે સટ્ટાથી પૂરેપૂરા પાયમાલ થઈ ગયાના અનેક દાખલાઓ આપણી નજર સામે જ બની રહ્યા છે તેમા વિશેષ પૂરવાની કોઈ જરૂર નથી

માસભક્ષણથી નિર્દયતા અને ક્રૂરતા આવે છે લોલુપતા પણ વધે છે મદિરા–પાનથી શરીરારોગ્ય બગડી જાય છે પૈસાનુ પાણી થાય છે અને નશાના આવેશમા મા કે બહેન, પિતા કે વડીલની મર્યાદાનુ પણ ભાન રહેતુ નથી પરસ્ત્રીગમન કે વેશ્યાગમન, શિકાર કે ચોરી એ પણ પ્રતિષ્ઠાની હાનિ કરે છે, માટે ગૃહસ્થે દરેક "પાપને સાપ" ગણી તેનાથી સો ગાઉ દૂર જ રહેવુ

(૫) પ્રસિદ્ધ દેશાચારનુ પાલન કરવુ–જે પ્રદેશમા વસતા હોઈએ તે દેશમા નિંદાપાત્ર ન થવાય તેવી રીતે વસ્ત્ર, આભૂષણ વિગેરે પહેરવા લૌકિક રિવાજોનો ભગ કરવાથી લોકોની ઈતરાજી વહોરવી પડે છે અને કોઈ કોઇ વખતે મહત્ત્વના કાર્યો પણ બગડી જાય છે

(૬) કોઈના પણ અવર્ણવાદ (નિંદા) ન બોલવા–વિકાસની ઇચ્છાવાળાએ કદાપિ કોઈનુ પણ વાકુ ન બોલવુ, તેમા ય ખાસ કરીને સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, રાજા, પ્રધાન કે ભ ડારીના તો અવર્ણવાદ બોલવા જ નહીં હસ જેમ દૂધ પીવે છે અને પાણીને ત્યજી દે છે તેમ સજ્જન પુરુષે હલકી વાત ત્યજી દઈ ગુણ તરફ જ દષ્ટિ દોડાવવી કદાચ નિંદા કર્યા સિવાય રહી ન શકાય તો આત્મનિરીક્ષણ કરી પોતાની ભૂલોની નિંદા કરવી નિંદા એ બૂરી ચીજ છે અને તેથી જ શાસ્ત્રકારોએ તેને સોળમુ પાપ સ્થાનક કહ્યુ છે

(૭) યોગ્ય સ્થાનમા ઘર બાધવુ–જે સ્થાન અતિ ખુલ્લુ હોય, અતિ ગુપ્ત હોય કે અયોગ્ય પાડોશવાળુ હોય તે સ્થાન અયોગ્ય ગણાય છે જે સ્થાન ખુલ્લુ હોય, ત્યા ચોરીનો વિશેષ ઉપદ્રવ રહે છે અત્યારના યુગ-ધોરણે બધાયેલા પ્લોટોમા અવાનવાર ચોરી થતી સાભળીએ છીએ, કારણ કે તદ્દન નજીક નજીક ઘરો ન હોવાને કારણે ચોરને નાશી જવાની વિશેષ અનુકૂળતા રહે છે વળી કોઈ કોઇ પ્રસગમા તો પડખેના પ્લોટમા કોણ રહે છે તેની પણ બાજુના પ્લોટવાળાને ખબર નથી હોતી, તો આફતના સમયે તે સહાય પણ શુ કરી શકે? વળી અતિ ખુલ્લા મકાનમા રહેવાથી આપણા સ્ત્રીવર્ગની મર્યાદા પણ સચવાતી નથી અતિ ગુપ્ત સ્થાનમા એટલે ખીચોખીચ ઘરોમા રહેવાથી ઘરની શોભા વધી શકતી નથી તેમજ આગ જેવા ઉપદ્રવ પ્રસગે ઘણી જ મુશીબત પડે છે

વાસિત કરવામા આવે તો ઉપકારનો બદલો વળી શકે કારણુ કે સદ્ધર્મની પ્રાપ્તિથી તેમના જ મ-મરણના ફે ા ટળી જાય છે ભગવત મહાવીર ગર્ભાવસ્થામા માતાને કષ્ટ ન પહોચે તેવા ઈ ા દાથી અચળ રહ્યા જેથી ત્રિશલા માતાને અતિશય દુ ખ થયુ આ દુ ખ જાણી ભગવ તે નિશ્ચય કર્યો કે-આવા અપ્રતિમ વાત્સ ત્યવાળી માતા જીવે ત્યા સુધી દીક્ષા નહીં લઉં આ છે માતૃભક્તિની પરાકાષ્ઠા શ્રવણકુમારે પોતાના માતા-પિતાને કાવડમા બેસારીને તીર્થયાત્રા કરાવી હતી તે હકીકત તો આપણે જાણીએ જ છીએ અન્ય દર્શનોમા પણ કહ્યુ છે કે—

मातृदवा भव । पितृदवा भव । એટલે કે માત-પિતાની દેવોની માફક આજ્ઞા શિરોધાર્ય કરવી

આધુનિક યુગમા માતા-પિતા પ્રત્યેની ભક્તિમા ઘણો હ્રાસ દેખાય છે કોઇ કેઈ વાર તો " તમારા કરતા અમને વધારે ખબર પડે છે ' તેના આક્રોશયુક્ત વચનો માબાપને સાભળવા પડે છે માત બિમાર હોય કે પિતા પથારીવશ થાય ત્યારે તેમને ડૅાક્ટર ને ભળાવી દેવામા આવે છે, પણ તેવી સ્થિતિમા તેમની સેવા કરવી, સાન્ત્વના વચનો સભળાવવા કે ઉત્સાહથી ધર્મનુ વાચન કરવુ એ જ તેમને સતોષ પમાડવાનો સાચો માર્ગ છે

કેટલાક બહાદુર બેટા(!)ઓ માત-પિતા પાસેથી પણ કામ લેવામા હુશિયારી માને છે, કોઇ કોઈ છેલબટાઉ પુત્રો માતા-પિતાને આજીવિકાના અમુક પસા આપીને પાતાની ઇતિકર્તવ્યતા માને છે તો કોઈ કોઇ ક્યારે ડોસી-ડાસલા મૃત્યુને ભેટે તેની રાહ જોતા હોય છે

માબાપો પ્રત્યે આવુ હીન ને અધમ આચ ણ હોય ત્યા ઉન્નતિ કે અભ્યુદયની આશા ક્યાથી રાખવી ?

(૧૦) ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો–ઉપદ્રવવાળા સ્થાનમા રહેવાથી પૂર્વે ઉપાર્જન કરેલા ધર્મ અને ધનનો નાશ થાય છે અને ચિત્તની અસ્વસ્થતાથી શરીરને પણ હાનિ પહોચે છે નીચેના સ્થાનો ઉપદ્રવવાળા ગણી શકાય–જ્યા વારવાર ચોરી થતી હોય, પાણીના પ્રલયથી નુકસાન થતુ હોય, અગ્નિનો ઉપદ્રવ થતો હોય, પરરાજ્યીનો ભય રહેતો હોય, વાર વાર દુષ્કાળ પડતો હોય રાજા અધર્મી, અન્યાયી કે બાળક હોય, જ્યા સ્ત્રીનુ રાજ્ય હોય, પરસ્ત્રીલપટ પુરુષો વસતા હોય, પરિશ્રમ કરવા છતા પણ આજીવિકા ન મળતી હોય ધર્મગુરુનો યોગ ન થતો હોય, ચોર–ધાડનો ભય રહેતો હોય

(૧૧) નિંદિત માર્ગમા પ્રવૃત્તિ ન કરવી–શિષ્ટ સમાજમા જે કાર્ય અધમ–હલકુ મનાતુ હોય તે નિંદિત ગણાય નિંદિત કાર્ય કરવાથી પ્રતિષ્ઠા નાશ પામે છે, માન–મરતબાનો નાશ થાય છે, કેટલાક નિંદિત કાર્યો નીચે પ્રમાણે ગણાવી શકાય–ખૂન કરવુ, વ્યભિચાર કરવો, કૂટણખાના ચલાવવા, ભોળી છોકરીઓને ફોસલાવી પરદેશમા વેચી નાખવી, વર કે કન્યાવિક્રયમા સહાય કરવી, માત–પિતાને દુ ખી કરવા, જાસૂસી કરવી, છતી શક્તિએ કરજ સાઈ કરવી વિગેરે

(૧૨) આવક પ્રમાણે ખર્ચ કરવો–પૂર્વ પુરુષોએ હમેશા આવકના ચાર ભાગ પાડવાનુ કહ્યુ છે એક ભાગ અનામત રાખવો કે જેથી મ કટસમયે ઉપયોગમા લઈ શકાય એક ભાગ સલામત ધીરધારમા રોકવો, જેથી નિયમિત આવક થાય, એક ભાગ સ્ત્રી, પુત્ર, માત–પિતા, બહેન વિગેરેના પોષણ માટે વાપરવો અને એક ભાગ ધર્મકાર્યમા વાપરવો કદાચ આવક અલ્પ હોય તો તેના પ્રમાણમા ખર્ચ રાખવો, પણ આવક કરતા ખર્ચ વ જવો જોઈ [illegible]ખત હેતુ થયુ એટલે તે

માફક વધતુ જ જાય છે અને છેવટે ગબાબૂડ દેવુ થઈ જતા માનવી મૂઝાય છે

"વધારે ખર્ચ કરવાથી પસાદાર ગણાશુ, આપણી પ્રતિષ્ઠા વધશે" એ વિચાર ભૂલભરેલો છે કારણ કે દમના પડદાને ચીરતા વાર નથી લાગતી એક વખત જીવન-ધોરણ વધાર્યું એટલે તે વધતુ જ રહે છે, સરલતાથી તે ઘટતુ જ નથી સારી આમદાની ના બે ચાર વર્ષો વ્યતીત થઈ જતા મદીના પવનમા તે વધારેલા ખર્ચો આકરા લાગે છે અને તેનુ છેવટ શુ પરિણામ આવે છે તે આપણાથી અજાણ્યુ નથી માટે જ શાસ્ત્રકારોએ કહ્યુ છે કે-સારા સમયમા પણ ફુલાઈ ન જતા આવકના ચાર ભાગ પાડી મર્યાદાસર જ વર્તવુ

(૧૩) ધનાદિ અનુસારે વેશ રાખવો-ધનવાન મનુષ્ય મુફલીસ નો વેશ ધારણ કરીને નીકળે તો લોકો તેની હાસી કરે અને કોઇ કોઇ વાર તો એવુ પણ અનુમાન કરી લે કે-ભાઈસાહેબને જરૂર ધધામા નુકસાની ગઈ હશે આથી આટ-આબરૂને ધક્કો પહોચે તેમજ અજાણ્યા માણસો આદર-સત્કાર પણ ન કરે ઊલટી રીતે કોઇ ગરીબ તવગરનો વેશ પહેરી નીકળે તો લોકો તેને ઉદ્ધત કે ઠેનબટાઉ માને કાતો એવુ અનુમાન કરે કે ભાઈ સાહેબે કોઈની મીલકત હાથ કરી લીધી હશે વળી લેણદારા પણ તકાદો કરવા લાગે કે "ભાઈ સાહેબ હમણા તો ખૂબ કમાયા જણાવ છો, પૈસા આપી દો" આમ બને પ્રકાર ત્યજવા લાયક છે

કોઇ વૃદ્ધ જુવાનનો વેશ પહેરે કે કોઈ જુવાન વૃદ્ધને લાયક વેશ પહેરે તે પણ ઇચ્છનીય નથી

(૧૪) બુદ્ધિનો વિકાસ કરવો-જેની બુદ્ધિ વિકાસ પામે છે તે દરેક કાર્ય સરલતાથી પાર પાડી શકે છે બુદ્ધિનો વિકાસ કરવા

માટે શાસ્ત્રકારે બુદ્ધિના આઠ ગુણ બતાવ્યા છે (૧) શુશ્રૂષા-શાસ્ત્ર સાભળવાની ઇચ્છા (૨) શ્રવણ-શાસ્ત્ર સાભળવુ, (૩) ગ્રહણ-તેનો અર્થ સમજવો (૪) ધારણા-તે યાદ રાખવુ, (૫) ઉહ-ગ્રહણ કરેના અર્થના આધારે તર્ક કરવો (૬) અપોહ-વિશેષ જ્ઞાન મેળવવુ, (૭) વિજ્ઞાન-ભ્રમ કે સદેહ રહિત યથાર્થ જ્ઞાન અને (૮) તત્ત્વજ્ઞાન-અમુક વસ્તુનુ આમ જ છે તેવો નિશ્ચય કરવો આ પ્રમાણે શાસ્ત્ર-શ્રવણ કરી ધર્મમાર્ગે ઉદ્યમવત થવુ

બુદ્ધિ બેધારી તલવાર જેવી છે તેનો જો સદુપયોગ કરતા આવડી ગયો તો બેડો પાર થઈ જાય અને બુદ્ધિ વિમાર્ગે જાય તો સહાર આવી પડે એટમ બૉમ્બ કે હાઇડ્રોજન બૉમ્બ એ બુદ્ધિનો દુરુપયોગ નહીં તો બીજુ શુ છે ?

(૧૫) પ્રતિદિન ધર્મ સાભળવો-પ્રમાદરૂપી પિશાચ એટલો ચોવર છે કે-તેને જરા પણ છિદ્ર મળતા તે પેસી જાય છે અને ગુણ-સમૃદ્ધિને લૂટી લે છે નિત્ય ધર્મ સાભળવાથી મનના પરિણામ કોમળ થાય છે અને આધ્યાત્મિક અભિરુચિ વૃદ્ધિ પામે છે આ સબધમા સાપ અને નોળિયાનુ દૃષ્ટાત પ્રસિદ્ધ જ છે સર્પના ડખથી જ્યારે નોળિયાને ઝેર ચડતુ કે તરત જ તે નોળ વેલ સુઘી લેતો એટલે સર્પના વિષની કાઇ પણ અસર ન થતી તે પ્રમાણે આપણે હમેશા ધર્મ-શ્રવણ કરીએ તો કામ-ક્રોધાદિનુ ઝેર આપણને અસર કરી શકતુ નથી

(૧૬) અજીર્ણ થતા ભોજનત્યાગ-આયુર્વેદશાસ્ત્રનો નિયમ છે કે-પહેલાનુ અન્ન પચી ગયુ ન હોય ત્યા સુધી ફરી ભોજન ન કરવુ જો ભોજન કરવામા આવે તો મોળ આવે, લવારો થાય, કપ થાય, મૂર્છા કે ફેર આવે અને કોઈ કોઈ વાર મૃત્યુ જેવો પ્રસગ પણ આવી જાય અજીર્ણ થયુ છે તે તેના ચિહ્નોથી જાણી શકા

(૧) ઝાડામા વાસ આવે કે ઝાડો પાતળો કે બધાયા વિનાનો આવે, (૨) દુર્ગંધી પવન-છૂટ થાય, (૩) ખરાબ ઓડકાર આવે (૪) શરીર ભારે લાગે અને અન્ન પર અરુચિ થાય

(૧૭) પ્રકૃતિને માફક આવે તેવુ ભોજન અવસરે કરવુ-ભોજન એ પ્રાણધારણ માટે આવશ્યક સાધન છે પોતાની પ્રકૃતિને શુ માફક આવે છે તે મનુષ્ય પોતાના અનુભવથી જ જાણી શકે છે અવસરે એટલે નિયત સમયે જ ભોજન કરવુ આજે અગિયાર વાગે અને કાલે બે વાગે તો પરમ દિવસે વળી દશ વાગે એમ અનિયમિત ભોજન ન કરવુ, કારણ કે નિયત સમયે જ્યારે ક્ષુધાનો ઉદય થયો હોય ત્યારે જ જમવાથી અન્ન પર રુચિ થાય છે અને અન્ન પચી પણ જાય છે

(૧૮) ધર્મ, અર્થ અને કામ સાધના-જેનાથી આત્માનો ઉત્કર્ષ થાય તે ધર્મ, વ્યવહારના સર્વ કાર્યોની જેનાથી સિદ્ધિ થાય તે અર્થ અને જેનાથી ઈંદ્રિયોની તૃપ્તિ થાય તે કામ ગૃહસ્થને માટે આ ત્રણે આવશ્યક છે એકને જ પ્રાધાન્ય આપી બીજાને ગૌણ કરવાથી વ્યવહાર ચાલી શકે નહિ

ધારો કે કોઈ ધર્મસાધન જ કર્યા કરે પણ અર્થ કે કામની દરકાર ન કરે તો તેનો વ્યવહાર જ અટકી જાય કોઈ માત્ર દ્રવ્યોપાર્જન માટે જ મચ્યા રહે અને ધર્મ કે કામની દરકાર ન કરે તો આ લોક ને પરલોક બને બગડે કોઈ ફક્ત કામની જ સાધના કર્યા કરે તો દુ ખ અને દરિદ્રતાનો શીઘ્ર અનુભવ થાય, માટે જ શાસ્ત્રકારે ફરમાવ્યુ છે કે-ધર્મને પ્રધાનતા આપી અર્થ ને કામની પણ સાધના કરવી

(૧૯) દાન, અતિથિ અને દેવની સેવા કરવી-લૂલા, લગડા, અશક્ત કે ભગત-ભિખારીને યથાશક્તિ દાન કરવુ જો તેમના

ત્વે ઉપેક્ષા કરવામા આવે તો દયાધર્મનો જ લોપ થાય ધુ-સતો અથવા તો મહેમાનોનુ ભાવથી સ્વાગત કરવુ અને દીય અન્ન-પણી આપવા તેનાથી ગુણવૃદ્ધિ થાય છે ઇષ્ટદેવની પાસનાથી આતરિક વલણ ધાર્મિક બને છે

(૨૦) કદાગ્રહી ન થવુ-પોતાની ભૂલ જણાઇ આવે છતા તે ભૂલ ન કરવી ખોટી વાતને પણ પકડી રાખવી તેને કદાગ્રહ કેવામા આવે છે કદાગ્રહી થવાથી સરલતાનો નાશ થાય છે, નવી ની હિતશિક્ષા પ્રાપ્ત થતી નથી અને વિકાસ રુધાઈ જાય છે

(૨૧) ગુણને વિષે પક્ષપાત રાખવો-ગુણી પુરુષના વય કે શ જોવાના નથી ગુણ જ પૂજવા લાયક છે ગુણીજનો પ્રત્યે મ રાખવાથી આપણા ગુણો વૃદ્ધિ પામે છે, અન્ય મનુષ્યોને ણ ગુણી બનવાની પ્રેરણા થાય છે ક્ષમા, માનવતા, નમ્રતા, તોષ, સજ્જનતા, ઉદારતા, દાક્ષિણ્યતા, વિનય, વિવેક, ધર્મીપણુ ગેરે અનેક પ્રકારના ગુણો છે

(૨૨) દેશ કાળ પ્રમાણે વર્તવુ —જે દેશમા જવાની શાસ્ત્રકારની જ્ઞા ન હોય કે રાજાની મનાઈ હોય તેવા દેશમા ઉદ્ધતાઈ કરી વુ નહીં જે કાળે જે કાર્ય કરવાનુ ફરમાન હોય તે પ્રમાણે કરવુ ઉન્હાળામા ખેતી કરે તો નિષ્ફળ જ જાય. ચોમાસામા હુ ખાય તો પાચન ન થાય શિયાળામા આછા-બારીક વસ્ત્રો હેરે તો શરદીના જ ભોગ બનવુ પડે

(૨૩) શક્તિ અનુસાર મર્યાદિત કરવો-પોતાનુ બળ ને શક્તિ પાસી કાર્ય શરૂ કરવું, અધૂરુ મૂકવાથી માનહાનિ તેમજ ધન નિ બને થાય છે

સમય કેવો છે ? મારા મિત્રો કેવા છે ? આવક અને ખર્ચ કેવો છે ? મારી શક્તિ કેટલી છે ? એ સર્વનો વિચાર કરી ર્યારંભ કરવા પાછા પડવાનુ થતુ નથી

(૨૪) ભરણ-પોષણ યોગ્યનું ભરણપોષણ કરવું—માતા પત્ની પુત્ર પુત્રી વિધવા બહેન કે આપત્તિમાં આવી પડેલા સજ્જનોનું અવશ્ય ભરણ-પોષણ કરવું તે બધાને ઉચિત કાર્ય સોંપવું અને અયોગ્ય રસ્તે ન ચડી જાય તેની પૂરતી ચીવટ રાખવી

(૨૫) સદાચારી તથા જ્ઞાનવૃદ્ધની સેવા—સાધુ-સંતની સેવા કરવાથી આચાર સુધરે છે અને ચારિત્ર વિકાસ પામે છે

(૨૬) દીર્ઘદર્શી થવું—આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસવું એ ટૂંકી બુદ્ધિ છે જે મનુષ્ય પાણી પહેલા પાળ બાંધે તે દીર્ઘદર્શી કહેવાય જો દીર્ઘદૃષ્ટિ ગણવામાં ન આવે તો અનેક જાતની આફતોમાં અટવાઈ જવાય

(૨૭) વિશેષજ્ઞ બનવું—સારૂં કે નરસું, સાચું કે ખોટું તેનો તફાવત જાણવો તે વિશેષજ્ઞનું લક્ષણ છે વિશેષજ્ઞ કદી કોઈથી છેતરાતો નથી

(૨૮) કૃતજ્ઞ થવું—કોઈએ પોતાના પર કોઈ પણ પ્રકારનો ઉપકાર કર્યો હોય તેને યાદ રાખી અવસર સમય આવ્યે તેનો બદલો વાળી આપવાની ભાવના કૃતજ્ઞતા કહેવાય તેથી શિષ્ટાચાર જળવાઈ રહે છે અને સદ્ભાવની વૃદ્ધિ થાય છે

(૨૯) લોકપ્રિય થવું—કોઈને દુભવવો નહિ, લોકોને પ્રિય લાગે તેવું કામ કરવું મિષ્ટ વાણી બોલવી બની શક્તિએ કોઈનું પણ કાર્ય કરી આપવું

(૩૦) લજ્જાવાન થવું—નિર્લજ્જ કાર્યો કદાપિ ન કરવા એક વખત શરમ મૂકી પછી તેનો અંત જ નથી આવતો કહેવત છે કે જેણે મૂકી શરમ તેનું ફૂટયું કરમ, પણ તેનો અર્થ ખોટી શરમ રાખવાનો નથી જમવા બેસવું અને શરમથી અર્ધા ભૂખ્યા ઊભા થઈ જવું અથવા તો કોઈ કામ પ્રસંગે કોઈની પાસે જવું અને શરમને અંગે બોલ્યા વિના પાછા ફરવું તે તો અનુચિત જ છે

(૩૧) દયાળુ થવુ–બીજા ગમે તેટલા ગુણો હોય પરન્તુ જો દયા ગુણ ન હોય તો બધા ગુણો નિરર્થક છે ધર્મનુ મૂળ દયા છે

(૩૨) સૌમ્ય આકૃતિ રાખવી–અન્ય વ્યક્તિ પર સુદર છાપ પડે અને લોકપ્રિયતામા વૃદ્ધિ થાય તેવી સૌમ્ય–પ્રસન્ન આકૃતિ રાખવી ચાડાયેલા, એરડીયુ પીધેલ મોઢાવાળા તેમજ બાવરા માણસને કોઈ બોલાવતુ પણ નથી

(૩૩) પરોપકારી બનવુ–પરોપકાર વગરનુ જીવન પશુ કરતા પણ બદતર છે પશુ પણ પરોપકારના કાર્ય કરે છે તેના કરતા બુદ્ધિશાળી માનવ પરોપકારશૂન્ય રહે તે કેમ શોભે ? પરોપકારથી જીવન ધન્ય બને છે

(૩૪) અતરના છ શત્રુઓને જીતવા–અતરના શત્રુઓ તો ઘણા પરતુ મુખ્યત્વે ગણના છની કરવામા આવી છે (૧) કામ–પરસ્ત્રીસગ પરસ્ત્રીના સર્વથા ત્યાગ કરવો શ્વાનની માફક નિરતર વારવાર વિષય સેવન ન કરવુ, તેથી તો સ્રીપુરુષ બન્નેની તબી‌યત બગડે છે અતિ કામોન્માદથી પોતાની સ્રીના વિરહે પરસ્ત્રી ગમનની ઇચ્છા થાય છે માટે કામને વશ કરવા પ્રયત્ન કરવો (૨) ક્રોધ–સર્વ પ્રાણી પર સમભાવ રાખવો ક્રોધથી ઘડીકમા કરી કમાણી ધૂળ થઇ જાય છે ઝેર તો એક જ વખત મારે છે પણ ક્રોધ તો અનેક વાર મૃત્યુ નીપજાવે છે માટે ક્ષમા રાખવી (૩) લોભ–લોભી મનુષ્યનુ ચિત્ત કદાપિ સ્થિર રહેતુ નથી તેને કોઈ પણ પ્રકારે સતોષ થતો નથી એટલે ન કરવાના કાર્યો પણ લોભ વશ કરે છે (૪) માન અભિમાનને કારણે પ્રગતિ અટકી જાય છે અભિમાનના આવેશમા વડીલ કે ગુરુ આદિનુ માન સચવાતુ નથી વિનયનો નાશ થાય છે અને તેથી વિદ્યા–કલાની પ્રાપ્તિ થતી નથી અહકારનો ત્યાગ કરી નમ્રતા રાખવી (૫) હર્ષ–

કોઈ પણ સ્નેહથી યા તો સિદ્ધિથી અયત હર્ષિત ન બનવુ સસાગ્ના સુખો તો ક્ષણિક છે આજે સુખ દેખાય છે તો કાલે દુખ આવતા ઢીલ થતી નથી, માટે પૂર્વ પુયના યોગે પ્રાપ્ત થતા લાભનો સદુપયોગ કરવો (૬) મદ-આઠ પ્રકારના મદ કહ્યા છે દરેક પ્રમ ના મદથી હાનિ જ થાય છે

(૩૫) ઇન્દ્રિયોને વશ રાખવી-ઇદ્રિયો ચપળ અશ્વ જેવી છે તેને લગામમા રાખો ત્યા સુધી અ કુશમા રહે, છૂટી મૂકો તો તેને ફરી વશમા લાવતા મુશ્કેલીનો પાર નહીં સ્પર્શેદ્રિયના વશથી હાથી બ ધનમા પડે છે, રસનેદ્રિયની લોલુપતાથી માછલા પ્રાણ ગુમાવે છે, ઘ્રાણેદ્રિયના વશથી ભ્રમર કમલમા બીડાઇ મરણને શરણ થાય છે, ચક્ષુઇદ્રિયના વશવર્તીપણાથી પતગીયાઓ દીપ કમા પડી મત્યુને ભેટે છે અને શ્રોત્રેદ્રિયના વશપણાથી હરણીયા શિકારીના હાથમા સપડાય છે આ પ્રમાણે ફક્ત એક એક ઇંદ્રિય ના સેવનથી પ્રાણીની અધોગતિ થાય છે તો પાચે ઇદ્રિયોવાળા મનુષ્યો, જો ઇદ્રિયોની લગામ છૂટી મૂકે તો તેની શી દશા થાય ?

ઇંદ્રિયોને વશ રાખવાથી સયમ કેળવાય છે આરોગ્યની રક્ષા થાય છે, નિરર્થક ધન વ્યય થતો અટકે છે અને ધર્મારાધનની યોગ્યતા આવે છે

ઉપર પ્રમાણે જણાવેલા પાત્રીશ ગુણોના ક્રમમા પણ કોઈ કોઈ સ્થળે ફેરફાર જણાય છે પણ કહેવાની મતલબ તો એક સરખી જ છે

આ પાત્રીશ ગુણના સેવનથી જીવનયાત્રાની એક મહત્ત્વની મજલ પૂરી થાય છે આદર્શ નીતિમય જીવન જીવવા માટે આ માર્ગાનુસારીપણાના પાત્રીશે ગુણોનુ પાલન આવશ્યક છે

•

કેટલીક ઉપયોગી હકીકતો

ચરવળા રાખવાના સ્થાન—૧ પૌષ[illegible] સામાયિક, પ્રતિક્રમણાદિ ધર્મક્રિયા થતી હોય, [illegible] ૩ સૂવા ઉપર, ૪ પાણીયારામા, ૫ સૂવન [illegible] ઉપર, ૭ છાશ કરવાના સ્થળે, ૮ ખા [illegible] અને એક દશમો ફાલતુ રાખવો કે જથી મ [illegible]

આઠ હકીકતો દુર્લભ—૧ કર્મમા મોહનીય [illegible] ૨ ઇંદ્રિયોમા રસનેદ્રિયને જીતવી, [illegible] કરવો, ૪ યૌવન અવસ્થામા બ્રહ્મચર્યનુ [illegible] કાયર મનુષ્યનુ સાધુપણુ પાળવુ, ૬ [illegible] ૭ અભિમાની હોવા છતા ક્ષમા ધારણ કરવી [illegible] વસ્થામા ઈંદ્રિયોનો સયમ કરવો

દયાનો આધાર—ડરપોકને શરણનો [illegible] આધાર, તરસ્યાને પાણીનો આધાર, ભૂખ્યાને [illegible] સમુદ્રમા ડૂબતાને પાટિયાનો આધાર, [illegible] રોગીને ઔષધનો આધાર, થાકેલાને વાહન [illegible] પ્રાણીને દયા ધર્મનો આધાર જાણવો

શિખામણના આઠ બોલ—દયા [illegible] પાળે તે જ્ઞાની, પાપથી ડરે તે પંડિત, [illegible] શૂરવીર, સત્ય વચન બોલે તે સિદ્ધ [illegible] તે ધનવંત, કુવ્યસનનો ત્યાગ કરે તે [illegible] સ્નેહ સાચવે તે મિત્ર

શ્રાવકે રાખવા જોઈતા સાત [illegible] સામાયિકનુ [illegible] ક્રમણનુ, ૨ પૂજા કરવાનુ, ૩ [illegible] પહેરી જવાનુ, ૫ રાત્રે સૂતી વખતે [illegible], ૬ [illegible] પહેરીને સ્નાન કરવાનુ અને ૭ [illegible] દેવ [illegible] જતા

ચાર વિકથા-સ્ત્રીકથા, ભોજનકથા, દેશકથા અને રાજકથા

મિથ્યાત્વનો ત્યાગ-કુદેવ કુગુરુ અને કુધર્મનું સેવન તેનું નામ મિથ્યાત્વ રાગી, દ્વેષી ક્રૂર, હિંસક તે કુદેવ ગણાય કંચન ને કામિનીના રાગી, લંપટી, ધનલાલસાવાળા, કદાગ્રહી કુગુરુ ગણાય અને હિંસા, વિષયેચ્છા, વિશ્વાસઘાત અસત્ય વિગેરેને ઉત્તેજન આપે તે કુધર્મ કહેવાય તેવો સંસર્ગ અવશ્ય તજવો કેમકે "સોબત તેવી અસર" તે કહેવત પ્રસિદ્ધ જ છે ગંગાનું પાણી પવિત્ર છે પણ સમુદ્રમા ભળતા ખારું બની જાય છે તેમજ હોળી, નવરાત્ર વિગેરે અજ્ઞાનમય મિથ્યા પર્વનો પરિહાર કરવો હનુમાન ભરવ, કાલી, બહુચરાજી દુર્ગા વિગેર દેવ-દેવીઓની માનતા સાંસારિક સુખ માટે ન કરવી, કારણ કે જે કંઈ સુખ કે દુઃખ પ્રાપ્ત થાય છે તે સર્વ કર્માધીન છે આપત્તિ વખતે શાસન દેવ-દેવીનું જ ચિંતવન કરવું

ધર્મના ફળમા સંદેહ ન રાખવો-કલ્પવૃક્ષનું સેવન કરીએ તો મનઇચ્છિત પદાર્થ પ્રાપ્ત થાય જ ચિંતામણિ રત્નની પ્રાપ્તિથી દારિદ્રય દૂર થાય જ છે તેવી જ રીતે સર્વજ્ઞકથિત ધર્મનું સેવન અવશ્ય શુભ ફળદાયક થાય જ જે ધર્મનો તીર્થંકર ભગવંત જેવાએ ઉપદેશ કર્યો, ગણધર ભગવંતોએ જેનો પ્રચાર કર્યો તેવા ધર્મના ફળમા કયો સુજ્ઞ પ્રાણી સંદેહ લાવે ?

શંકા કે કાંક્ષા ન કરવી-સર્વજ્ઞ વીતરાગ પરમાત્માના પ્રમાણભૂત વચનમા કદી પણ શંકા ન કરવી, કેમકે તેઓ સર્વથા રાગ-દ્વેષ રહિત હોવાથી તેમને કશો પણ સ્વાર્થ હોતો નથી, વળી અસત્ય બોલવાનું કે મિથ્યા પ્રચાર કરવાનું કંઈ પ્રયોજન નથી આટલી શ્રદ્ધાપૂર્વક જૈનધર્મની સાચી ધગશથી સેવના કરવી અને પ્રાણાંતે પણ પાખંડી લોકોની જાળમા ફસાવું નહીં

શાસનની પ્રભાવના કરવી-કેટલાક બાળજીવો આડંબરથી ધર્મ પાળે છે, માટે શાસ્ત્રકારોએ ધર્મની પ્રભાવના કરવા માટે

ખાસ ભાર મૂકયો છે પ્રભાવનાના ઘણા માર્ગ છે તેમા સિદ્ધાતોનો અભ્યાસ, ધર્મોપદેશની કળા, વાદીને જીતવો, નિમિત્ત જ્ઞાન મેળવવુ, વિશેષ તપશ્ચર્યા કરવી, અજનપ્રયોગ સિદ્ધ કરવો, કાવ્ય ચમત્કૃતિ દર્શાવવી તેમજ રાજાદિક મહાપુરુષોને પ્રતિબોધવા, વિગેરે શાસન પ્રભાવનાના અનેક પ્રકારો છે

સીઝાતા સ્વામી ભાઇને ગાઢ કરવી–માતા, પિતા કે કુટુ બી જનના સ બધને શાસ્ત્રકારોએ સ્વાર્થી સ બધ ગણાવ્યો છે જ્યારે સ્વામીબ ધુના સગપણને ઉત્કૃષ્ટ સ બ ધ જણાવેલો છે, માટે પોતાના સ્વધર્મી બ ધુને કોઇ પણ પ્રકારની ન્યૂનતા હોય તો તે દૂર કરવા અવશ્ય પ્રયાસ કરવો

આજકાલ આર્થિક વિષમતાને કારણે અનેક બ ધુઓ મૂઝવણ અનુભવે છે તેવા સમયે પોતાની સુકૃતની કમાઇનો વ્યય કરી તેવા સીઝાતા બ ધુઓને અવશ્ય સહાય કરવી એક પણ પ્રાણીને સર્વજ્ઞ ધર્મમા સ્થિર કરનાર અનતગણો લાભ પ્રાપ્ત કરે છે માટે તેવા બ ધુની કદાપિ ઉપેક્ષા ન કરવી

રાત્રિભોજનનુ વર્જન–માત્ર જૈન દર્શને જ રાત્રિભોજનનો નિષેધ કર્યો છે એટલુ જ નહીં પણ અન્ય દર્શનોએ પણ રાત્રિ સમયે અન્નને માસ સમાન અને પાણીને રુધિર સમાન કહેલ છે વળી રાત્રિભોજનથી જીવ–જ તુનો ઉપયોગ રહેતો નથી કોઇ કોઇ વખત રાત્રિભોજનમા વિષજ તુ આવી જવાથી અનેક પ્રકારના વ્યાધિઓ થયેલાના દાખલાઓ પ્રસિદ્ધ થયા છે ગરોળી આદિનુ ઝેર પડી જવાથી પ્રાણનુ જોખમ પણ થઇ જાય છે વળી આરોગ્યની દૃષ્ટિએ પણ રાત્રે કરેલુ ભોજન જ ની પચતુ નથી પરિણામે કબજીયાત, વાયુ વિગેર વ્યાધિઓ ઉત્પન થાય છે કહ્યુ છે કે–કબજીઆત જ સર્વ રોગોનો પિતા છે, માટે સુજ્ઞ વિચારકે રાત્રિભોજનનો સર્વથા ત્યાગ જ કરવો રાત્રિભોજન કરવાથી ભવાતરમા સર્પ નોળિયા, ઘુવડ કે ગ

અભક્ષ્ય ત્યાગ–બે રાત્રિ ઉપરાંતનું દહીં, ત્રણ રાત્રિ ઉપરાંતની છાશ, કાચા દૂધ, દહીં કે છાશ સાથે કઠોળ નાખું મીઠું, ખસ ખસ અજાણ્યા ફળ, તુચ્છ ફળ (જેમા ખાવાનું થોડુ અને ફેંકી દેવાનું વિશેષ હોય તે) બોળ અથાણું, વાશી ભોજન, મધ, માખણ રીંગણા વિગેરે વસ્તુઓનો હમેશા પરિત્યાગ કરવો કારણ કે તે સર્વ ચીજો કા તો વિકારી છે અને કા તો તન્દુરસ્તીને હાનિકારક છે

અનંતકાયનો ત્યાગ–એક શરીરમા અનંતા જીવો હોય તે અનંતકાય કહેવાય તેવા આદુ મૂળા, ગાજર સૂરણ વિગેરે ભૂમિકંદ તેમજ અત્યંત કુણા ફળ, પાંદડા ગળો નવા ઊગેલા અંકુરા કુપળીયા વિગેરેમા અનંતા જીવોની ઉત્પત્તિ જાણી તેના ભક્ષણથી હમેશા દૂર જ રહેવુ

શ્રાવક ધર્મનુ પાલન કરવુ–પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત–એ પ્રમાણે શ્રાવક ધર્મના બારે વ્રતોનુ પાલન કરવુ પાંચ અણુવ્રત એટલે દયા પાળવી, જૂઠું ન બોલવુ, ચોરી ન કરવી, મૈથુનનો ત્યાગ કરવો અને પરિગ્રહનુ પરિમાણ કરવુ ત્રણ ગુણવ્રતમા મર્યાદા બહારની ભૂમિમા ન જવુ મહાપાપવાળા પંદર કર્માદાનનો વ્યાપાર ન કરવો તેમજ પાપોપદેશ ન [illegible] તેવા ઉપકરણો ન આપવા અને નાટક, ચેટક કે સિનેમા[illegible] ચાર શિક્ષાવ્રતમા સામાયિક કરવુ, ક[illegible] પરિમાણ સંક્ષેપ કરવો, પર્વ[illegible] વ[illegible] સુપાત્રદાન આપીને[illegible] વર્ણન "શ્રાદ્ધગુણ[illegible] જાણી તે પ્રમાણે અવશ્ય[illegible]

જૈન ધર્મને લગતા દરેક પ્રકારના પુસ્તકો
અમારા પાસેથી મળી શકશે.

સંસ્કારનું સિંચન કરતાં તથા નૈતિક અને ધાર્મિક રસ–સામગ્રી પીરસતાં નીચેના પુસ્તકો અવશ્ય વસાવશો

અધ્યાત્મ કલ્પદ્રુમ	૬–૪–૦
શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ભાષાંતર પર્વ ૧–૨	૬–૦–૦
" પર્વ ૩ થી ૬	૫–૦–૦
પર્વ ૮–૯	૪–૮–૦
ઉપમિતિ ભવપ્રપંચા કથા ભાગ ૧ લો	૫–૦–૦
" " બીજો	૬–૦–૦
ત્રીજો	૫–૦–૦
સિદ્ધર્ષિ (ઉપમિતિના કર્તા)	૫–૦–૦
ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૧ લો	૩–૮–૦
" ૩ જો	૩–૦–૦
વીશ સ્થાનક તપ વિધિ	૨–૮–૦
ભોજપ્રબંધ ભાષાંતર	૨–૦–૦
હિતશિક્ષાના રાસનું રહસ્ય	૨–૦–૦
જૈન દૃષ્ટિએ યોગ	૨–૮–૦
વર્ષપ્રબોધ ને અષ્ટાંગ નિમિત્ત	૬–૮–૦

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર.